# જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના



- ગુણવંત બરવાળિયા



# જ્ઞાનસાધના
# અને
# સરસ્વતી વંદના



સંપાદન :
**ગુણવંત બરવાળિયા**



પ્રાપ્તિસ્થાન :
**અશોક પ્રકાશન મંદિર**
પહેલો માળ, કસ્તૂરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, ગાંધી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯ - ૨૨૧૪ ૦૭૭૦. ફેક્સ : ૨૨૧૪ ૦૭૭૧
**Email : hareshshah42@yahoo.co.in**
**apmbooks42@yahoo.in**

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૨૧૩, ૨૨૦૮ ૫૫૯૩
**Email : nsmmum@yahoo.co.in**

**નવભારત સાહિત્ય મંદિર**
જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ-૯

**બુક શેલ્ફ**
૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, અમદાવાદ-૯

**GYAN SADHNA ANE**
**SARWASSTI VANDNA**

Edited By : Guvant Barvalia "Gunjan"

Published by : NAVBHARAT SAHITYA MANDIR
Mumbai - 400 002, Ahmedabad - 380 001
Email : nsmmum@yahoo.co.in
ISBN :

© Dr. (Mrs.) Madhuben G. Barvalia

Sponsored by :
• Kundanben J. Bhayani Trust
• Shri Shrutpremi

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર, 2000
ચોથી આવૃત્તિ : સપ્ટેમ્બર, 2011



મૂલ્ય : ₹ ૧૫૦.૦૦

પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ,
મુંબઈ - 400 002
Email : nsmmum@yahoo.co.in

લેસર ટાઈપસેટિંગ : ફાગુન ગ્રાફિક્સ
૪૮, પૂર્વીનગર સોસાયટી, ઘોડાસર કાંસ,
ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ
મો. 98255 04661

મુદ્રક : કોનમ પ્રિન્ટર્સ
ડાયના સિનેમાની ગલીમાં,
તારદેવ, મુંબઈ





## મુક્તિ અપાવે તે જ્ઞાન
## બાકી બધી માહિતી

# સરસ્વતી દેવીની સ્તુતિ

સુયદેવ્યા ભગવઈ, નાણાવરણીય કમ્મસંધાય;
તેસિં ખવેઉ સયયં, જેસિં સુયસાયરે ભત્તી.

કુંદિંદુ ગોખ્ખીર તુસાર વન્ના,
સરોજ હત્થા કમલે નિસન્ના
વાયેસિરી પુત્થય વગ્ગ હત્થા,
સુહાય યા અમ્હ સયા પસત્થા.

યા કુન્દેન્દુ તુષારહાર ધવલા યા શ્વેતપદ્માસના,
વા વીણા વરદંડ મંડિતકરા યા શુભ્ર વસ્ત્રાવૃતા;
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભૃતિભિઃ દેવૈઃ સદા વંદિતા,
સા માં પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષ જાડ્યાપહા.

## શ્રુતજ્ઞાનને અભિવંદના !

શ્રુતજ્ઞાન તુજને આજ મારા ભાવભર્યા નમસ્કાર છે,
ને સમ્યક્ રૂપે પરિણામો એ ભાવ વારંવાર છે;
મને પ્રકાશ દીધો મુક્તિ માર્ગે, તારો મહા ઉપકાર છે,
ને હજુએ તારી હાજરી પૂર્ણ મને કરનાર છે.



## નમો સુયદેવયાએ...

શ્રુતદેવતાને નમસ્કાર કરવા રૂપ શ્રી ભગવતી સૂત્રકારની ભાવનાઓ સાધક હૃદયમાં પ્રગટતા વિનયનું દર્શન છે.

'સરસ્વતી વંદના' તે પૂવાચાર્યોની અનેરી સાધના અને ઉપાસના રૂપ છે. પૂર્વકાળમાં સ્મૃતિમંદતા અલ્પ હતી તેની પાછળ શ્રુતદેવતાની ઉપાસના હતી.

ભગવાન મહાવીરે શ્રુતજ્ઞાનનો દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ અને નક્ષત્રો સાથે અભિપ્રેત કરીને અનેક ઉપાય દર્શાવેલ છે.

સુપ્રસિધ્ધ સાહિત્યકાર અને અમારા ભક્તહૃદય શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ 'સરસ્વતી વંદના' રૂપે અનન્ય જ્ઞાનઉપાશના કરી પરમ પુરુષાર્થ કરેલ છે.

અમારા હૃદયના ભાવથી આશીર્વાદ આપતા તેઓ શ્રુતજ્ઞાનની આવી જ સેવા કરતા રહે...!

- યુગ દિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.

ચીંચણ

# પ્રાર્થના

**હે પરમાત્મા મને સમ્યક્જ્ઞાન આપો !**

હે પરમાત્મા આજના જ્ઞાન આરાધનાના અવસરે બે હાથ જોડીને મસ્તક નમાવીને આપના ચરણમાં મારૂં આત્મસમર્પણ કરૂં છું. હે પરમાત્મન્! આપ તો પરમજ્ઞાની છો એટલે જ સંગમ આપના દેહને પરિષહ આપે છતાંય આપ તો પ્રસન્ન જ છો. હું અજ્ઞાની, મને ખબર નથી મારી સાથે જેટલાં પણ અપકૃત્યો થાય છે, અપમાન થાય છે, મને પીડા મળે છે, દુઃખ આવે છે એ મારા જ કર્મોથી આવે છે. પરંતુ અજ્ઞાનતાને કારણે, મારી અણસમજણને કારણે હું વસ્તુ, વ્યક્તિ અને વાતાવરણને મારા દુઃખનું કારણ માનું છું.

હે પરમાત્મન્! મારા હૃદયમાં સમ્યક્ જ્ઞાન પ્રગટાવો! હે પરમાત્મન્! સંસારમાં હોઉં કે ધર્મક્ષેત્રમાં હોઉં મારી અંદર સમ્યક્જ્ઞાન પ્રગટ થાઓ! આજ સુધી અજ્ઞાનને કારણે આ સંસારથી આકર્ષાયો. અજ્ઞાનને કારણે આ સંસારમાં અનેક સંબંધો સજર્યા. અજ્ઞાનના કારણે અનેકોની લાગણી, અનેકોનો પ્રેમ મેળવવા મેં પ્રયત્નો કર્યાં પણ આજ સત્ગુરુના સાંનિધ્યે, સત્જ્ઞાનના નિમિત્તે મને સમજાય છે, આ સંસાર અજ્ઞાનના કારણે છે. આ સંબંધો અજ્ઞાનના કારણે છે. આ સુખ અજ્ઞાનના કારણે છે અને એટલે જ હે પરમાત્મન્! સમજવા છતાં પણ હું નાસમજ છું, જાણવા છતાં પણ હું અજાણ્યો બનું છું, ખબર પડવા છતાં પણ હું બેખબર થાઉં છું અને અજ્ઞાનના કારણે જ હું દરરોજ કેટલાય લોકો પ્રત્યે દ્વેષ કરૂં છું, અણગમો કરૂં છું. મારા સ્વજનો સાથે અપમાન વ્યવહાર કરૂં છું. હે પરમાત્માન્! મને સમ્યક્જ્ઞાન આપો! આ સંસારની કોઈ પણ પરિસ્થિતિને આ સંસારની કોઈ પણ સ્થિતિને હું જ્ઞાન ભાવથી, સમજ ભાવથી એ પરિસ્થિતિને ઓળખવાનો પ્રયત્ન કરૂં.

હે પરમાત્મન્! આ સંસારનું આકર્ષણ, આ સંસારની વ્યક્તિનું આકર્ષણ, આ સંસારના સંબંધોનું આકર્ષણ, આ સંસારના પદાર્થોનું આકર્ષણ મારા અજ્ઞાનને કારણે કે મારા અલ્પજ્ઞાનને કારણે છે.

હે પરમાત્મન્! અપૂર્વ અવસર એવો ક્યારે આવશે જ્યારે મારૂં પૂર્ણ જ્ઞાન પ્રગટ થશે. હે પરમાત્મન્! આજ તમારા ચરણે મારી એટલી જ વિનંતિ છે, ભલે આજ સુધી ક્રિયાત્મક ધર્મને આરાધતો રહ્યો હવે આપના શરણે જ્ઞાનભાવને પ્રગટ કરી આ સંસારના દરેક સંયોગોમાં મારી સમતા પ્રગટે એવી કૃપા વરસાવો.

હે પરમાત્મન્! મને ચોક્કસ ખબર છે કે હું ગમે એટલો પુરુષાર્થ કરીશ, મારૂં જ્ઞાન પ્રગટ થતું નથી અને એટલે જ હે પરમાત્મન્ ! હે સિધ્ધપુરુષ! આપનો યોગબળ, આપની પરમકૃપાથી સમયે સમયે મારા અંદરમાં જાગૃતિ રૂપે જ્ઞાનભાવ પ્રગટ થાઓ. આ સંસારના સંબંધો, આ સંસારના સુખો અને અનંતકાળના અનંત શરીરો અજ્ઞાનને કારણે ભોગવ્યા. હે પરમાત્મન્! મારી વિકાર અને વાસના અજ્ઞાનના કારણે, મારો લોભ અને મોહ અજ્ઞાનના કારણે, મારા રાગ અને દ્વેષ અજ્ઞાનના કારણે, મારી આસક્તિ અને ઈચ્છા અજ્ઞાનને કારણે. હે પરમાત્માન્! આજ મને સત્ગુરુની કૃપાથી આપની કૃપાથી એટલું જ્ઞાન પ્રગટ થયું છે કે હું અજ્ઞાની છું એટલે જ આકર્ષણમાં છું, એટલે જ અણગમો કરૂં છું, એટલે જ દ્વેષ કરૂં છું એટલે જ સંબંધોમાં સમસ્યા સર્જું છું.

હે પરમાત્મન્! મને બીજું કાંઈ આવડે કે ન આવડે મને બીજી કાંઈ ખબર પડે કે ન પડે મને આજ એટલું સમજાય છે કે મારૂં અજ્ઞાન મારા સંસારનું કારણ છે. મારૂં અજ્ઞાન મારા શરીરનું કારણ છે. મારૂં અજ્ઞાન મારા સંબંધોનું કારણ છે અને મારૂં અજ્ઞાન જ મારા સુખ દુઃખનું કારણ છે.

હે પરમાત્મન્! મારા પર એવી કૃપા વરસાવો, મારૂં અજ્ઞાન દૂર થાય, મારૂં જ્ઞાન પ્રગટ થાય!

– યુગ દિવાકર પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.

# વીરવાણી

जहा सुई पडिआ न विणस्सइ ।

तहा जीवे ससुत्ते संसारे न विण्स्सइ ॥

Just is a threaded needle does not get lost even when it falls on the ground, Similarly the soul with knowledge of scriptures in not lost in the world of birth and death.

જેમ દોરો પરોવેલી સોય પડી જાય તો પણ ખોવાઈ જતી નથી, તેમ શ્રુતજ્ઞાની જીવ સંસારમાં રખડતો નથી.

(ઉત્તરાધ્યયન સૂત્ર - ૨૯/૫૯)

દેજે દેજે અબુધ શિશુને તું જ સદ્બુદ્ધિ દેજે,
રહેજે રહેજે મુજ પર સદા, તું પ્રસન્ના જ રહેજે.

## હૃદયભાવ

પ્રાથમિક શિક્ષણ અમારા નાના ગામ ખાંભામાં પૂર્ણ કર્યા પછી પિતાજીએ મને આગળ ભણવા અમરેલીની ખેતાણી જૈન બોર્ડિંગમાં મોકલ્યો. બોર્ડિંગ (છાત્રાલય)ના ગૃહપતિ અમરેલીના વિદ્યાગુરુ પૂજ્ય નવલભાઈ જોષીના સાન્નિધ્યમાં રહેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.

છાત્રાલયમાં દરરોજ વહેલી સવારે અને રાત્રે પ્રાર્થના થતી. પ્રાર્થનામાં પ્રથમ સ્તુતિ દ્વારા સરસવતી વંદના થતી પછી જિનસ્તવન ગવાતું. પ્રાર્થના આછા બ્લુ લેમ્પના અજવાળા નીચે મા સરસ્વતીની છબી સામે અમે ગાતા.

પે'લા મોરલાની પાસ, બેઠા શારદા જોને...
અમને ભણતા આનંદ થાય, માતા શારદા જોને.

વર્ષો પછી આજે પણ આ સ્મરણો અકબંધ જળવાઈ રહ્યાં છે. સ્મૃતિની પેટી ખુલે ત્યારે મન પુલકિત થઈ જાય છે.

થોડાં વર્ષો પહેલાં સ્નેહી શ્રી જિતેન્દ્ર કામદારનો ફોન આવ્યો, નવરાત્રિમાં સરસ્વતીમંત્ર સાધના શિબિરમાં જોડાવાનું આમંત્રણ આપ્યું. પહેલેથી જ મા સરસ્વતી પ્રત્યે અહોભાવ અને સરસ્વતી મંત્રો વિશે જાણવાનો જિજ્ઞાસા હોવાથી આ તક ઝડપી લઈ શિબિરમાં જોડાયો.

તીથલના સમુદ્ર કિનારે શાંતિનિકેતન સાધના કેન્દ્રમાં સરસ્વતી મંત્ર સાધના શિબિર પૂજ્ય બંધુ ત્રિપુટીની શુભ નિશ્રામાં યોજાઈ. પૂજ્ય કીર્તિચંદ્રવિજયજી તથા પૂજ્ય જિનચંદ્રવિજયજીના યોગસાધના, સરસ્વતી

મંત્રસાધના વિશેના ચિંતનસભર પ્રવચનો સાંભળ્યાં. જૈનાચાર્યો, શ્રાવકો, સંતો અને કવિઓની સરસ્વતી સાધનાની સુંદર વાતો સાંભળવા મળી સામૂહિક આરાધના વખતે મંત્ર જાપ, ભક્તિ, પ્રાર્થના આરતી વગેરેનો પણ લાભ મળ્યો.

૧૯૯૮નું વર્ષ સૌરાષ્ટ્રકેસરી પ્રણલાલજી મહારાજ સાહેબનું જન્મશતાબ્દી વર્ષ, અધ્યાત્મયોગિની પૂ. લલિતાબાઈ મહાસતીજી (બાપજી)ના વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાથી પૂ. ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ બનાવવા ૧૯૯૯માં જૈન સેંન્ટરની સ્થાપના થઈ અને એમ વિચાર્યું કે સરસ્વતી વંદના પુસ્તકના પ્રકાશન દ્વારા જ પ્રકાશન કાર્યની શરૂઆત કરવી. એ જ શૃંખલામાં આજે ચોથી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે.

માતા સરસ્વતીના સ્તોત્રો, મંત્રો અને ચિત્રોનાં તો કેટલાંક પ્રકાશનો થયાં છે પરંતુ મા સરસ્વતી અને જ્ઞાન આ બન્ને શબ્દો એકબીજાના પર્યાય છે માટે જ્ઞાન અને જ્ઞાન સાધનાને લગતાં વિવિધ લેખો, મુદ્રાવિજ્ઞાન વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. પુસ્તકમાં જ્ઞાનની અને મા સરસ્વતીની સાધનામાં વિચાર અનુબંધનો ઉપક્રમ રાખ્યો છે. કલા અને જ્ઞાનની સાધના વાગ્મિતાની દેવી મા વાગીશ્વરીની કૃપા વિના અધૂરી જ રહે છે. જ્ઞાનસાધનાના સફળ પરિણામમાં મા સરસ્વતીની કૃપા અભિપ્રેત છે જેથી જ્ઞાનસાધના અને સરસ્વતીની સાધનાનો સંબંધ ઈંગિત લેખી શકાય. પૂ. ડૉ. તરૂલતાસ્વામીના સૂચનથી જ્ઞાનના અતિચારો, જ્ઞાન અને યોગસાધનાનાં પ્રકરણો પણ આ પુસ્તકમાં ઉમેરવામાં આવ્યાં છે.

થોડા સમય પહેલા મિત્ર શ્રી પન્નાલાલ શાહ તરફથી સચિત્ર સરસ્વતી પ્રાસાદ ગ્રંથ મળ્યો. મા સરસ્વતીના વિવિધ મનોહર રંગીન ચિત્રો, મંત્રો, સ્તોત્રો, પ્રાર્થનાઓ અને મા સરસ્વતી અંગેના લખાણોથી શોભતો આ ગ્રંથ મુદ્રણ કલાનો પણ ઉત્કૃષ્ટ નમૂનો છે. આ ગ્રંથના સંપાદક અને સંશોધક પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન મુનિ ફુલચંદ્રવિજયજી છે. મને આ પુસ્તકના

સંપાદન કાર્યમાં વારંવાર તેમનું માર્ગદર્શન મળતું રહ્યું છે. સચિત્ર સરસ્વતી પ્રસાદ ગ્રંથમાના કેટલાંક લખાણો અને ફોટાઓ આ પુસ્તકમાં પ્રગટ કરવાની અનુમતિ મુનિશ્રીએ આપીને પરમ ઉપકાર કર્યો છે.

યુગ દીવાકર પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના આશીર્વાદ પ્રાપ્ત થયા તે અમારા માટે પરમ આનંદની ઘટના છે.

આ પુસ્તકમાં પ્રગટ થયેલા લેખોના સર્જકો અને મુનિ ભગવંતોનો ઋણ સ્વીકાર કરું છું. પ્રથમ આવૃત્તિ વેળાએ પુણ્ય શ્લોક સુપ્રસિદ્ધ ચિંતક અને વક્તા હરિભાઈ કોઠારીએ વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી આપી હતી તેનું પાવન સ્મરણ કરું છું.

વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી આપવા માટે સુપ્રસિદ્ધ ચિંતક અને વક્તા શ્રી હરિભાઈ કોઠારીનો આભાર.

પ્રૂફ રિડીંગ માટે પ્રોફેસર ડૉ. રસિકલાલ મહેતાનો આભાર.

સ્વજનો, મારા ધર્મપત્ની ડૉ. મધુબહેન બરવાળિયા, ડૉ. પ્રફુલ બરવાળિયા, અમીષા જયેશ દોશી, નિલેષા અભિલાષ ઝાટકિયા, શૈલેષી હેમાંગ  અજમેરા અને મારા પુત્ર ચિંતન બરવાળિયાએ મારા સર્જન – સંપાદન સંશોધન અને પ્રકાશનના કાર્યમાં રસ લઈ મને પ્રોત્સાહિત કરેલ છે.

સમયસર અને સુંદર મુદ્રણકાર્ય કરી આપનાર નવભારત સાહિત્ય મંદિરના મુરબ્બી શ્રી ધનજીભાઈ તથા યુવાનમિત્ર શ્રી અશોકભાઈના સહકારની આ તકે નોંધ લઉં છું.

**– ગુંણવંત બરવાળિયા**

૬૦૧ - સ્મિત એપાર્ટમેન્ટ
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇ).
gunvant.barvalia@gmail.com

## જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે.

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઈ;
જ્ઞાની વેદે ધૈર્યથી અજ્ઞાની વેદે રોઈ.

—શ્રીમદ્ રાજચંદ્ર

विद्या चाविद्यां य यस्तद् वेदोमयं सह
अविद्यया मृत्युं तीत्वां विद्ययामृतमश्नुते

વિદ્યા અને અવિદ્યા બંને સાથે અને યથાર્થતઃ
જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને તરી જાય છે અને
વિદ્યા દ્વારા અમૃતને પામે છે.

– ઈશોપનિષદ : ૧૧

# સા વિદ્યા યા વિમુક્તયે

મુક્તિની આબોહવામાં માનવને વિચરતો મૂકે તે જ સાચી વિદ્યા. અજ્ઞાન કે અવિદ્યા માનવના વિકાસને રુંધી નાખે છે. 'ઋતે જ્ઞાનાત્ ન મુક્તિઃ' અર્થાત્ 'જ્ઞાન વગર મુક્તિ નથી' એમ કહીને આચાર્ય શંકર પણ મુક્તિદાત્રી વિદ્યાનો મહિમા ગાય છે.

વિદ્યા મેળવેલો માણસ સૌથી પહેલાં તો ભયથી મુક્ત થવા જોઈએ. 'અભય' એ તો મા શારદા પાસેથી મળતું સૌથી શ્રેષ્ઠ વરદાન છે. સરસ્વતીના મંદિરમાં સૌ નિર્ભય મને વિચરતા હોવા જોઈએ. મુક્તિદાતા મા શારદાના ખોળામાં બેઠેલો માનવ પોતાનો મુક્ત અભિપ્રાય વ્યક્ત કરવામાં સંકોચ કે ભય અનુભવે તો એને ભણેલો કેમ કહી શકાય ? પોતાને શિક્ષિત માનતા પ્રત્યેક માણસે આત્મનિરીક્ષણ કરવાનો આ કાળ છે. 'ન્યાયનીતિના માર્ગે ચાલતાં મારો સ્વાર્થ જોખમાશે, ભોગો ક્ષીણ થશે, માન મરતબો ઘટશે' એવા બાલિશ ખ્યાલોથી માણસ સત્ય પરાંગમુખ બને છે. સરસ્વતીનો કૃપાપ્રસાદ પામેલા માણસે આવા ક્ષુદ્ર વિચારોમાંથી શીઘ્રતિશીઘ્ર મુક્ત થવું જોઈએ.

વિદ્યા જેમ માણસને ભયમુક્ત કરે છે તેમ તેને વિકારમુક્ત પણ બનાવે છે. વિકાર નિર્માણ થવાનો પ્રસંગ આવે છતાં જે વિકૃત બનતો નથી તે જ સાચો સારસ્વત. વિદ્યા માનવને સંસ્કારે છે, સંસ્કૃત બનાવે. છે. આવો સંસ્કૃત માનવ પછી વિકારોથી વિકૃત બનતો નથી. એની વિદ્યા શોષણ માટે નહીં પણ સંરક્ષણ માટે વપરાય છે. કોઈને

હાથ આપીને ઉપર લેવો એ સંસ્કૃતિ અને કોઈનો પગ ખેંચીને તેને પાડી નાખવો એ વિકૃતિ. સાચો વિદ્વાન કદી પરહનનમાં રાચતો નથી. બીજાની લીટી ભૂંસવામાં નહીં પરંતુ પોતાની લીટી લાંબી કરવામાં જ સાચા વિદ્વાનને રસ હોય છે.

ભય અને વિકારની માફક મા શારદાનો ઉપાસક રોગમુક્ત પણ હોવો જોઈએ. ચિંતા એ સૌથી મોટો રોગ છે. મા સરસ્વતી પોતાના ઉપાસકને નિશ્ચિંત રહેવાની દીક્ષા આપે છે. આ સંદર્ભમાં વિદ્યાની મહત્તા સમજાવતું સુભાષિત મનનીય છે,

'માતેવ રક્ષતિ પિતેવ હિતે નિયુંક્તે
કાન્તેવ આભિરમયત્યપનીય ખેદમ્,
લક્ષ્મીં તનોતિ વિતનોતિ ચ દિક્ષુ કીર્તિ
કિં કિન્ન સાધયતિ કલ્પલતેવ વિદ્યા ?'

અર્થાત્ 'વિદ્યા માતાની માફક રક્ષણ કરે છે, પિતાની જેમ હિતકાર્યમાં યોજે છે, પત્નીની માફક ખેદ દૂર કરીને આનંદ અર્પે છે. લક્ષ્મીને વધારે છે અને દિશાઓમાં યશ ફેલાવે છે. કલ્પલતા જેવી વિદ્યા શું શું નથી સાધી આપતી ?

સંપત્તિ, શક્તિ તેમજ સત્તા પાછળ આંધળી દોટ મૂકતો આજનો માણસ સન્મતિ ખોઈ બેઠો છે, પરિણામે એની સંપત્તિ વિપત્તિરૂપ અને એની શક્તિ વિનાશક બની છે. આવા સમયે જરૂર છે સાચા સારસ્વતોની કે જેમની પ્રતિભા સર્વ ગ્રાહ્ય અને જેમની પૂજ્યતા સર્વમાન્ય હોય. પૂંજીભૂત પાવિત્ર્યસમા સારસ્વતોની આજે ખોટ સાલે છે. વાક્પટુ વિદ્વાનો, પોપટીયા પોથી પંડિતો, શ્રદ્ધાહીન શાસ્ત્રીઓ, ક્રિયાશૂન્ય કર્મકાંડીઓ, ધંધાદારી ધર્મગુરુઓ તેમજ ભાવરહિત ભક્તોની ભીડમાં ગુપ્ત સરસ્વતી લુપ્ત થઈ ગઈ હોય એવું ભાસે છે.

આવા વિષમ કાળે 'જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના' જેવા

નિર્વિવાદ પુસ્તકનું પ્રકાશન કાલોચિત તેમજ સુપ્રસ્તુત ગણાય. જ્ઞાનપિપાસુ અને વિદ્યાવ્યાસંગી ભાઈશ્રી ગુણવંત બરવાળિયાનો આ પ્રયાસ સ્તુત્ય છે. એમના સ્વજનો, સન્મિત્રો અને સારસ્વતોનો એમને સાંપડેલો સહયોગ એમા સરસ્વતીનો એમના પર વર્ષેલો કૃપાકટાક્ષ જ ગણી શકાય.

નિરાકાર જ્ઞાનની સાધનામાં સાકાર સરસ્વતીની વંદના અતિશય ઉપકારક છે. સાધનામાં પરિશ્રમ અને તપ છે તો વંદનામાં પ્રણિપાત અને વિનય છે. વિદ્યા વિનયથી જ મળે છે અને નમ્રતાથી જ શોભે છે.

મા શારદાના સ્વરૂપ વર્ણનમાં જ સાચા સારસ્વતને ઉપયુક્ત એવું માર્ગદર્શન પણ મળી રહે છે. સરસ્વતી કુન્દ, ઈન્દુ, તુષાર અને મુક્તાહાર જેવી ધવલ છે, સાચો સારસ્વત પણ તેવો જ હોવો જોઈએ. કુન્દ પુષ્પ સૌરભ પ્રસારે છે. તો સાચા સારસ્વતનું જીવનપુષ્પ જ્ઞાનની સૌરભથી મધમધે છે. ચંદ્ર શીતળતા બક્ષે છે તો સારસ્વતના જીવનવૃક્ષની શીળી છાયામાં સંતપ્ત જીવોને સાચી શાંતિ સાંપડે છે. વૃક્ષનાં પાન પર પડેલું તુષારબિંદુ મોતીની શોભા ધારણ કરીને વૃક્ષનું સૌંદર્ય વધારે છે તો મા શારદાના સાચા ઉપાસકના અસ્તિત્વમાત્રથી સંસાર વૃક્ષની શોભા વધે છે. સરસ્વતીના કંઠમાં મોતીઓની માળા શોભે છે, એ જ રીતે સૌ સારસ્વતોએ એક સૂત્રમાં પરોવાઈને એક સાથે કામ કરવાની તૈયારી રાખવી જોઈએ. વિદ્વાનોની શક્તિનો વ્યવસ્થિત વિનિયોગ કોઈપણ અસાધ્ય કાર્યને સુસાધ્ય બનાવે છે.

મા સરસ્વતીએ શુભ્ર વસ્ત્રો ધારણ કર્યા છે. સારસ્વત પણ મન, વચન અને કર્મથી શુભ્ર હોવો જોઈએ. સંસ્કાર ઘડતરના સ્વામીઓ અર્થાત્ મા-બાપ, શિક્ષકો, ઉપદેશકો, નેતાઓ વગેરે સૌએ પવિત્ર જીવન જીવવાનો આગ્રહ રાખવો જોઈએ. પોતાની કોઈ કમજોરીના કારણે એ શક્ય ન હોય ત્યારે ઓછા નામે તેમણે સમાજ સામે તો શુભ્રરૂપમાં જ રજૂ થવું જોઈએ, જેથી સમાજ પર એમની કમજોરીની વિકૃત અસર ન પડે.

વીણાધારિણી મા શારદાના સેવકે પણ સમગ્ર વિશ્વમાં સંગીતમય વાતાવરણ સર્જવા કટિબદ્ધ રહેવું જોઈએ. શ્વેત પદ્મના આસન પર બિરાજતી શારદાના ભક્તનું ચરિત્ર પણ શ્વેત અર્થાત્ નિષ્કલંક હોવુ જોઈએ. કમળ કાદવથી અલિપ્ત રહે છે તેમ સાચા સારસ્વતોનો વિકાસ પર પરિસ્થિતિ નિરપેક્ષ હોય છે. આસપાસના સમાજમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારથી મુક્ત રહેવાની (જલકમલવત્) કલા સારસ્વતે હસ્તગત કરવી જોઈએ. સાચો સારસ્વત ચાલતા પ્રવાહમાં વહેવા નહીં પ રંતુ વહેતા પ્રવાહને યોગ્ય દિશામાં વાળવા માટે જન્મ્યો હોય છે.

મા સરસ્વતીના હાથમાં રહેલું પુસ્તક એ જ્ઞાનનું પ્રતીક છે તો માળા એ ભક્તિનું પ્રતીક છે. જ્ઞાન અને ભક્તિ વગરનું કોઈપણ કામ કર્મયોગની કક્ષાને આંબતું નથી. ભાવ વગરનું સર્જન, જ્ઞાન વગરનું પાલન અને સમજ્યા વગરનો સંહાર ભારે અનર્થ સર્જે છે. તેથી જ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેવા મુખ્ય દેવો પણ પોતાના કાર્યારંભે સરસ્વતી વંદના કરે છે.

કલાની અધિષ્ઠાત્રી મા શારદાનું વાહન મયૂર છે. બધા જ કલાકારો તેમ જ જ્ઞાનવાહકો મા શારદાનું વહન કરનારા મયૂર જ છે. મોર જો મોરપિચ્છને ખેરવી નાખે તો મોર પોતે જ બેડોળ લાગે છે મોરનું મોરપિચ્છ તો ગોપાલકૃષ્ણના માથે જ બિરાજે છે. સાચા સારસ્વતોની જો સમાજ ઉપેક્ષા કરે તો તે સમાજ પોતાનું ગૌરવ ખોઈ બેસે છે, સારસ્વતોને તો ભગવાન પોતાને માથે ચડાવે છે. આ વાત ધ્યાનમાં રાખીને સાચા વિદ્વાને મોટાઈ મેળવવા માટે કદી પણ કોઈની લાચારી કે ખુશામત કરવી જોઈએ નહીં. લાચાર ને નિસ્તેજ માણસને કદી શારદાના મંદિરમાં પ્રવેશ મળતો નથી.

કાકા કાલેલકરે યોગ્ય જ કહ્યું છે કે, શારદા મંજુલહાસિની બાલા નથી, મનમોહિની મુગ્ધા નથી, વિલાસચતુર પ્રૌઢા નથી, તે તો નિત્યયૌવના પણ સ્તન્યદાયિની માતા છે. મા શારદાના સ્તન્ય (દૂધ)નો જે હોઠને સ્પર્શ થયો તે હોઠ અપવિત્ર વાણી ઉચ્ચારે નહીં, નિર્બળતાના

વચનો કાઢે નહીં, પાપને શૃંગારે નહીં, દ્વેષને ઉદ્‌ગારે નહીં, પૌરુષને હણે નહીં અને મુગ્ધજનોને છેતરે નહીં.

હંસગામિની શારદા વિવેકની પ્રતિષ્ઠા સૂચવે છે. નીરક્ષીર વિવેક કરે તે હંસ, સંસાર અને પરમાર્થનો વિવેક કરે તે પરમહંસ. ધર્મ માત્ર વિવેકાધિષ્ઠિત છે. સાચા સારસ્વતને ધર્મઘેલછામાં નહીં પણ ધર્મભાવનામાં રસ છે; તે ધર્મનિષ્ઠાને ઝંખે છે, ધર્મઝનૂનને નહીં.

કોરા બુદ્ધિવાદીઓ મા શારદાને બજારુ સ્ત્રીની કક્ષાએ મૂકી દે છે, માત્ર બુદ્ધિજીવીઓ એને દાસીની જેમ વાપરે છે. જ્યારે સાચા બુદ્ધિનિષ્ઠો જ મા શારદાને માતૃવત્ ગણી તેની પૂજા કરે છે. સરસ્વતી એ વેચવાની વસ્તુ નથી પણ વહેંચવાનો પ્રસાદ છે. કુમારી સરસ્વતીની અવદશા પામી જઈને મહાકવિ હર્ષે એને વિધાતાની પત્ની તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો. સરસ્વતીનું માતૃસ્વરૂપ સૌથી શ્રેષ્ઠ છે. મા પાસેથી પ્રસાદ એટલે પ્રસન્નતા પ્રાપ્ત થાય અને એ મળેલા પ્રસાદ (જ્ઞાન)ને 'ગમતાંનો કરીએ ગુલાલ'ની જેમ સર્વત્ર વહેંચવાનો હોય.

સરસ્વતીની પ્રતીકોપાસના, તેના વિશેના વિવિધ મંત્રો તેમજ સ્તોત્રોનાં રહસ્યો જૂના વાઙ્‌મયમાંથી તારવીને એક સમયાવચ્છેદે પ્રગટ કરવા એ બહુ મોટી તપશ્ચર્યા માગી લે તેવી બાબત છે. ભાઈશ્રી ગુણવંત બરવાળિયા આ પ્રયાસમાં મહદ્‌અંશે સફળ રહ્યા છે. એમને તેમજ એમના સહયોગીઓને હાર્દિક અભિનંદન !

ભગવતી શારદા એમને આવો જ પ્રસાદ આપતી રહે અને તેઓ જનસમાજને સદા એનાથી લાભાન્વિત કરતા રહે એ જ અંતઃકરણપૂર્વકની પ્રાર્થના !

શનિવાર, તા. ૩૦/૯/૨૦૦૦
આસો સુદ ૩, સં. ૨૦૫૬

**— હરિભાઈ કોઠારી**

૧૦, કૃષ્ણા નિવાસ, બીજે માળે,
વાલજી લધા ક્રોસ રોડ,
મુલુંડ (વે), મુંબઈ-૮૦
ફોન : ૫૬૪ ૭૭૭૦

# જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | વંદન શ્રુતદેવતાને | ૧ |
| ૨. | જ્ઞાન : શુદ્ધિપૂર્વકની બુદ્ધિનો વૈભવ | ૬ |
| ૩. | સરસ્વતી ઉપાસના ભીતરના શક્તિકેન્દ્રોને ખોલે છે | ૯ |
| ૪. | દેવી સરસ્વતી કુમારી કે વિષ્ણુની પત્ની | ૨૦ |
| ૫. | જ્ઞાનપંચમીની આરાધના | ૨૨ |
| ૬. | સરસ્વતી પ્રસાદ | ૩૪ |
| ૭. | હેમચંદ્રાચાર્યની સરસ્વતી સાધના | ૩૫ |
| ૮. | શ્રુતાધિષ્ઠાત્રીની ઉપાસનાથી સમ્યક્ત્વ પ્રગટાવીએ | ૪૨ |
| ૯. | જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે | ૪૫ |
| ૧૦. | ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ : સરસ્વતી ઉપાસના | ૫૦ |
| ૧૧. | ત્રિપુરાભારતી સ્તોત્ર | ૫૪ |
| ૧૨. | શ્રીબપ્પભટ્ટ સુરિકૃત સિદ્ધસારસ્વત સ્તવ | ૬૬ |
| ૧૩. | શ્રી અજ્ઞાતકર્તૃક મહામંત્રગર્ભિત સ્તોત્ર | ૭૧ |
| ૧૪. | શ્રીવસ્તુપાલ મંત્રીકૃત સરસ્વતી સ્તોત્ર | ૭૬ |
| ૧૫. | શ્રી શારદાદેવી નમસ્કાર સ્તોત્ર | ૮૧ |
| ૧૬. | શ્રી સરસ્વતી ગીત - સ્તુતિ - પ્રાર્થના | ૮૫ |
| ૧૭. | સરસ્વતી મંત્ર સાધના | ૮૯ |
| ૧૮. | સરસ્વતી સિદ્ધયંત્ર | ૯૬ |
| ૧૯. | જ્ઞાનસાધના અને વિનય | ૯૭ |
| ૨૦. | જ્ઞાનસાધનામાં લાગતા દોષોથી સાવધ રહેવું (જ્ઞાનના અતિચાર) | ૯૯ |
| ૨૧. | યોગ અને જ્ઞાન સાધના | ૧૦૨ |
| ૨૨. | જ્ઞાનસાધના અને મુદ્રા વિજ્ઞાન | ૧૧૨ |
| ૨૩. | બુદ્ધિ અને સ્મૃતિવર્ધક આયુર્વેદક ઔષધિ પ્રયોગ | ૧૨૦ |
| ૨૪. | જ્ઞાનસાર અને અષ્ટક | ૧૨૬ |
| ૨૫. | સંદર્ભ ગ્રંથ સૂચિ - ઋણ સ્વીકાર | ૧૨૯ |



# ૧. વંદન, શ્રુતદેવતાને

## શ્રુતદેવતાની મહત્તા

જૈનદર્શનમાં પાંચ (મતિ-શ્રુત-અવધિ-મનઃ પર્યવ-કેવલ) જ્ઞાન પૈકી બીજું શ્રુતજ્ઞાનના વર્ણ (અક્ષર) સ્વરૂપ શ્રુતદેવતા એ પ્રવચનની અધિષ્ઠાત્રીદેવી મનાય છે.

ગણધરોના મુખ (રૂપી) મંડપમાં નૃત્ય કરનારી સરસ્વતી સમસ્ત જગતમાં જ્ઞાનનો મૂળસ્ત્રોત વહાવનારી છે.

અન્ય દર્શનોમાં પણ બ્રહ્મા - વિષ્ણુ - મહેશ આદિ દેવોએ પણ જેને પ્રણામ કર્યા છે અને દિગ્ગજ કોટિના મૂર્ધન્ય પંડિતોએ પણ જેમની સ્તુતિ કરી છે તેવી મા સરસ્વતી, અજ્ઞાન તિમિરને દૂર કરનારી છે એમ પ્રસિદ્ધ જ છે "या ब्रह्माऽच्युत **शंकर** प्रभृतिभिः देवैः सदा वन्दिताः" શ્લોકની પંક્તિથી આ વિભાવના પ્રત્યક્ષ જણાય છે.

## ભારતીદેવીનું મહત્તમ સામર્થ્ય

ભારતીદેવી સાહિત્ય-સંગીત-કલા-વિદ્યા અને જ્ઞાન આપનારી માની છે પરંતુ અદ્યાવધિ (આજસુધી) અપ્રકાશિત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત શ્રી સરસ્વતી અષ્ટકના સાતમા શ્લોકમાં બહુ જ

સ્પષ્ટતાથી નિવેદન કર્યું છે. શ્રી સરસ્વતીદેવી એ મોક્ષ સંપત્તિ - કેવળજ્ઞાન માટે પારંપારિક નિરુપાય કારણ છે, કેમ કે "ભારતીદેવીના પ્રસાદથી જ્ઞાન મળે છે, તે સમ્યગ્જ્ઞાનથી તાત્ત્વિક માર્ગ મળે છે અને સમ્યગ્ ક્રિયાની પ્રાપ્તિ થાય છે. જે જ્ઞાન - ક્રિયાથી સાધક કેવળજ્ઞાન (કોક્ષ) સંપત્તિ પ્રાપ્ત કરી લે છે. આ રીતે મોક્ષનો નિરુપાય હેતુ સરસ્વતીની કૃપાથી થાય છે." આથી ફલિત થાય છે કે સમ્યગ્જ્ઞાનની આરાધના - ઉપાસના વિના જીવન ઉષ્મા, ઉલ્લાસ અને ઉદ્દેશભર્યું વ્યતિત થતું નથી. જિંદગી નિરર્થક જ વહે છે. એના કરતાં કમસેકમ એની જાણકારી - પરિચય કરી લેવો આવશ્યક જ છે.

## શ્રુત-શારદા-સરસ્વતીદેવીનાં પ્રતીકો

શ્રુત - શારદા - ભારતીય - બ્રહ્મી - સરસ્વતી - વિદ્યા - વાગીશ્વરી - ત્રિપુરા આદિ ૧૦ ભિન્ન ભિન્ન પર્યાયવાચી નામ પ્રાપ્ત થાય છે. પ્રાચીન શિલ્પમાં તે ચાર ભુજાવાળી અથવા બે હાથવાળી દેખાય છે. કિંતુ તારંગાહિલ પર જૈન દહેરાસરજીના મંદિરના પૃષ્ઠભાગમાં આઠભુજાવાળી અને હંસયુક્ત જૈન સરસ્વતી મૂર્તિ જોવામાં આવે છે. જે સંશોધનનો વિષય છે. ઘણા બધાં શિલ્પચિત્રોમાં જમણા હાથમાં પુસ્તક - કમળ અથવા અમૃતપૂર્ણ કમંડળ ગ્રહણ કરેલ, રાજહંસ પર બેઠેલી અથવા શતદલ કમળ વચ્ચે વિરાજિત અને ક્યાંક શિલા પર બેઠેલી જણાય છે. જો કે એમાં પણ ભિન્ન ભિન્ન સંકેતાર્થ હોઈ શકે તો પણ જૈનોની સરસ્વતી બાલહંસ અને જૈનેતરોની મયૂરના પ્રતીકવાળી મનાય છે.

## સરસ્વતીજીનો નિવાસ

જૈન ધર્મ માન્ય "સેન પ્રશ્નોત્તર" નામના પ્રશ્નોત્તર ગ્રંથમાં વ્યંતર નિકાયના ગીતરતિ ઈન્દ્રની મહર્દ્ધિક પટ્ટરાણી સરસ્વતીદેવી છે એવો ઉલ્લેખ મળે છે.

જ્યારે અન્ય માન્યતા પ્રમાણે બ્રહ્માની બે પુત્રીઓ પૈકીએક પુત્રી સરસ્વતી છે અને ક્યાંક તેને બ્રહ્માની પત્ની પણ માની છે. એ જ્યારે પરિણીતા થઈ ત્યારે પ્રતીકવાળી થઈ પરંતુ નિશ્ચિતાર્થ કરવામાં વિભિન્ન મત-મતાંતર ચાલે છે તેથી એ પણ સંશોધનનો વિષય છે.

## સરસ્વતીજીના પ્રતીકોની રહસ્યમયતા

સરસ્વતીજીના હાથમાં જે પોથી (પુસ્તક) છે, એ જ્ઞાનની અમોઘ શક્તિનું સૂચક છે. માળા, મંત્રદીક્ષા સૂચક છે અને તેમાં જ્ઞાનસાધનાને યોગ્ય ક્રિયા-ઉપાસના ધ્વનિત થાય છે. એ જ રીતે વીણાવાદન એ સંગીત દ્વારા આત્માની સ્વરૂપ અવસ્થામાં લયલીન થવાનું સૂચક છે. તથા વરદમુદ્રા અને અમૃતથી ભરેલું કમંડલ ભક્તજનોના ત્રિવિધ પાપ તાપ - સંતાપને દૂર કરીને આત્માનુભૂતિનો રસાસ્વાદ કરાવનાર છે. રાજહંસ, જગતની સત્-અસત્ તત્ત્વોને ક્ષીર - નીરની જેમ વિવેકજ્ઞાન દ્વારા ભેદ દૃષ્ટિથી 'સોऽહં સોऽહં'ના અજપાજપનું સૂચન કરી આત્મસ્વરૂપને પ્રત્યક્ષ કરવાનું પ્રતીક છે.

મયૂરવાહિની એ માત્ર જ્ઞાન-વિજ્ઞાનની અધિષ્ઠાત્રી નહીં પરંતુ સમગ્ર સાહિત્ય સંગીત કલાની પણ મહા અધિષ્ઠાત્રી છે.

સરસ્વતીજી શતદલ કમલમાં વિરાજિત છે તે બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિનું નિરૂપક છે અને દેહસ્થિત બ્રહ્મદ્વારની ઉદ્ઘાટિકા પણ તે જ છે એવું જણાય છે. તંત્ર ગ્રંથોમાં સરસ્વતીજીને સુષુમ્ણા નાડીની સ્વામિની કહી છે અને તેની કૃપાથી તેમજ મધ્યમા નાડીના અભ્યાસથી જ જીવ શિવપદ સુધી પહોંચે છે, એવું કહેવાય છે. આ રીતે જુદાં જુદાં પ્રતીકો દ્વારા વૈશ્વિક સનાતન તત્ત્વોને સત્યમ્ - શિવમ્ - સુંદરમ્માં પ્રસ્થાપિત કરીને જ્ઞાનાનુભવ અને સૌંદર્યાનુભવ જે આત્માના વિશિષ્ટ ગુણો છે તેનાં રૂપકો દેવીની મૂર્તિમાં ઘટાવ્યાં છે.

## માના સ્વરૂપનો ભિન્ન સ્વીકાર કેવી રીતે ?

મા ભગવતી સરસ્વતીજીનું પ્રભુત્વ ત્રિકાલાબાધિત છે. એ સર્વ સંસારી જીવોની ઊર્ધ્વગામિની પ્રેરણાદાયક જ્ઞાનશક્તિ સ્વરૂપ છે. પ્રત્યેક

ધર્મ - સમુદાયોમાં મા સરસ્વતીજીનો વિશિષ્ટ સ્વરૂપમાં સાદર સ્વીકાર થયો જ છે. હિન્દુઓમાં સરસ્વતી નામથી, વૈશ્યોમાં શારદા, બૌદ્ધોમાં પ્રજ્ઞા પારમિતા, ખ્રિસ્તીઓમાં મીનર્વા અને જૈનોમાં શ્રુતદેવતાના નામથી મા સરસ્વતીની પૂજા થાય છે. દક્ષિણભારત - બંગાળ - મેઘાલય - આદિમાં 'ત્રિપુરા ભારતી'ના નામથી ઘણો પ્રભાવ અને પ્રસાર કર્ણગોચર થયો છે.

## વિદ્યાદેવીની સાધના શા માટે કરવી ?

જગતના કોઈપણ વ્યવહારમાં, વિષયમાં કે વિકાસમાં અરે ! કોઈ પણ સિદ્ધિને માટે માની કરુણા કૃપા - પ્રસાદ પ્રાપ્ત કરવો અનિવાર્યરૂપે આવશ્યક થઈ જાય છે. તેની આરાધના - સાધના ઘણા પ્રાચીન કાળથી ચાલી આવે છે.

વિક્રમની આઠમી સદીમાં થયેલા પ્રસિદ્ધ આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પટ્ટીસૂરી મ.સા.ની બાલ દીક્ષાજીવનની અદ્ભુત ઘટના વિખ્યાત છે કે ગુરુદેવશ્રી સિદ્ધસેન દિવાકરજીએ એમની સુયોગ્યતા જોઈને શ્રી સારસ્વત મહામંત્ર આપ્યો હતો. તેઓ નિરંતર જાપ કરતા હતાં પરંતુ એક દિવસ નિત્ય જાપમાં એકાગ્ર થયા, ત્યારે બાલમુનિના નૈષ્ઠિક બ્રહ્મચર્યની તેજની આભાથી, ધ્યાનની લયલીનતાથી અને જાપના પ્રકર્ષથી સ્નાનક્રીડામાં મગ્ન થયેલાં શ્રી સરસ્વતીદેવી શીઘ્રતાથી એવાને એવા જ સ્વરૂપમાં પ્રગટ થયાં હતાં. પરંતુ મુનિવરે માનું વિષમ સ્વરૂપ જોઈ મોઢું ફેરવી લીધું ત્યારે દેવીને આશ્ચર્ય સાથે પોતાના સ્વરૂપનો ખ્યાલ આવ્યો અને સ્વસ્થ થઈને પૂર્ણ પ્રસન્નતાથી મુનિશ્રીને વરદાન આપી સ્વસ્થાને પાછા ફર્યા. તેમણે મુનિશ્રીને વરદાન આપ્યું કે 'તું સદાય અજેય બનીશ' ત્યારથી મુનિવરજીને પ્રતિદિન હજાર (૧૦૦૦) શ્લોક કંઠસ્થ કરવાની શક્તિ પ્રાપ્ત થઈ અને સર્વશાસ્ત્રમાં પારંગત થઈને શ્રી જિનશાસનના પ્રભાવક કાર્યો કરવામાં માની કૃપાથી સમર્થ થયા અને એ જ માની કૃપાથી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી, કવિ

કાલિદાસજી, શ્રીહર્ષ, માઘ-ભારવિ આદિ પંડિતવર્ય શ્રેષ્ઠમતરૂપે વિદ્યાના ક્ષેત્રમાં પ્રસિદ્ધ થયાં છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે તે મહાપુરુષ જેવા બહુ મોટા સત્વશાળી, પરાક્રમ કે વિદ્યાપુરુષ ન બની શકીએ પરંતુ માની અમીનજરનું એકાદ પણ કૃપાકિરણ જાણે-અજાણે પ્રત્યક્ષ કે પરોક્ષ મળી જાય તો પણ આપણું જીવન ઉન્નતિના હાથ પર સરળતાથી પ્રગતિકારક બનતું રહે.

## સરસ્વતીજીનો સંબંધ ક્યારથી ?

ધરતી પર જન્મ લેતાંની સાથે જ બાળકો જ્યારે રુદન કરે છે ત્યારે 'ઐં ઐં ઐં' એવો અવાજ કરે છે. ત્યારે એવું લાગે છે કે તે પોતાની વેદના વ્યક્ત કરવા માટે વાણીની સહાય લેવાનો પ્રયાસ કરે છે પણ હકીકતમાં એવું થતું નથી. એ બાળક જાણે ઐં બીજ મંત્રના સ્વરૂપવાળી માને બોલાવે છે કે હે ઐં ઐં ઐં સ્વરૂપવાળી મા ! તું મારી પીડા - વેદના - ક્ષુધાદિ મનના ભાવો - મારી આ સાક્ષાત માને જણાવ જેથી તે મને શાંત કરવાનો પ્રયાસ કરે અને ન જાણે ત્યારે એવું જ કંઈક થાય છે કે એની સાક્ષાત્ (જન્મદાત્રી) માતા પોતાનું બધું કાર્ય છોડી દીકરાની પાસે જઈને તેને શાંત કરે છે. આથી જન્મતાંની સાથે જ મનુષ્યનો સર્વ પ્રથમ સંબંધ સરસ્વતીજીનો જ હોય છે પરંતુ મોટા થતાં જ શ્રી લક્ષ્મીજી આદિના સંબંધમાં અનેક પ્રકારે રહેતાં રહેતાં પોતાનું પોતીકું સ્વરૂપ ખોઈ બેસે છે. મા સરસ્વતીના કૃપાપાત્ર થઈ જ્ઞાન સાધનામાં પ્રત્યેક વિદ્યાર્થી કે સાધક સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરે અને આત્મોત્થાન કરી માનવભવ સાર્થક કરે એ જ મંગલ ભાવના !

**(પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજય ચંદ્રોદયસૂરીશ્વરીશ્વરજી મ. સા. નો ચરણકિંકર મુનિ ફુલચંદ્ર વિજયજીના લેખમાંથી સાભાર)**

# ૨. જ્ઞાન : શુદ્ધિપૂર્વકની બુદ્ધિનો વૈભવ

જ્ઞાન એટલે જાણવું. એક ડૉક્ટર તેના તબીબવિજ્ઞાનને લગતું જાણે તે, વકીલ કાયદા જાણે કે વેપારી તેના વેપારને લગતું જાણે તે વ્યાવહારિક જીવનમાં જ્ઞાન કહેવાય. વ્યાવહારિક જ્ઞાન આ ભવમાં સુખ સમૃદ્ધિ આપવા ઉપકારક નીવડી શકે પરંતુ આધ્યાત્મિક જ્ઞાન તો ભવપરંપરા સુધારી શકે. આત્માને જાણવા માટેનું વાચન શ્રવણ તે આધ્યાત્મિક જ્ઞાન કહેવાય. ઇન્દ્રિયોના માધ્યમ વડે આપણને જે જ્ઞાન થાય, અનુભવાય, જોવાય, સંભળાય, સ્વાદનો અનુભવ થાય તેને વહેવારની અપેક્ષાએ આપણો પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ. દા.ત. મેં મારી સગી આંખે જોયું, મેં મારા સગા કાને સાંભળ્યું પરંતુ આ બધું ઇન્દ્રિયોના માધ્યમથી થયેલું જ્ઞાન એક અપેક્ષાએ પરોક્ષ કહી શકાય.

જેમ સૂર્ય આડે વાદળાં આવવાથી સૂર્યનો પૂર્ણ પ્રકાશ આપણે જોઈ શકતા નથી તેમ આત્મા પર કર્મનાં આવરણોને કારણે આપણને જ્ઞાન થતું નથી પરંતુ આ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી, પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનના માધ્યમ વિના પણ કેટલુંક જ્ઞાન પ્રગટે છે. માત્ર આત્માથી આત્મા દ્વારા જે જ્ઞાન થાય તેને જ પ્રત્યક્ષજ્ઞાન કહેવાય.

જ્ઞાન અંતરની જડતા દૂર કરી, અજ્ઞાનના અંધારા ઉલેચી અને પ્રકાશ પ્રગટાવે છે. જીવનમાં શું સ્વીકારવા જેવું છે અને શું છોડવા

જેવું છે તેની સાચી સમજણ આપે છે.

મતિ અને શ્રુતજ્ઞાન અને પરોક્ષજ્ઞાન છે જે સત્પુરુષો પાસેથી સાંભળીને કે સત્શાસ્ત્રો વાંચીને પ્રાપ્ત થાય છે. જાતિસ્મરણ જ્ઞાન મતિની નિર્મળતાને કારણે થાય છે. આ જ્ઞાનને કારણે પૂર્વભવો જ્ઞાનમાં જણાય, આ જ્ઞાન પ્રાથમિક દશામાં પરોક્ષ છે અને ઉત્કૃષ્ટ દશામાં પ્રત્યક્ષ છે.

અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનનો આત્મા સાથે સીધો સંબંધ છે. ઇન્દ્રિયો અને મનની સહાય વિનાનું આ જ્ઞાન અતીન્દ્રિય છે. અવધિજ્ઞાનમાં અમુક વિસ્તારની સીમા (અમુક કિલોમીટરની લિમીટ)માં જોઈ શકાય છે. આ જ્ઞાનને કારણે પુનાના બાપુ સાહેબ મુતકર અતીન્દ્રિય યોગી તરીકે જાણીતા બન્યા. અવધિજ્ઞાનની પર્યાપ્તિને કારણે પિટર હર્બસની અમેરિકાની ગુપ્તચર સંસ્થાએ સેવા લીધી હતી. સામા માણસના મનમાં શું વિચાર ચાલી રહ્યો છે તે મનઃપર્યવજ્ઞાની જાણી શકે છે.

સંતસમાગમ કે સત્શાસ્ત્રના વાંચવાથી મેળવેલા જ્ઞાન પર ચિંતન કરવામાં આવે તો એ ચિંતાજ્ઞાનનું ભાવજ્ઞાનમાં રૂપાંતર થાય છે. વિચારમંથન પછીની અનુભુતિ એ જ્ઞાનની પરાકાષ્ઠા છે. આ અનુભવ જ્ઞાનને દાર્શનિક અપેક્ષાએ સાક્ષાત્કાર પણ કહી શકાય.

જ્ઞાનનું અજીર્ણ થાય તો પોતાની જાત માટે અને અન્ય માટે તિરસ્કાર ભાવ આવે અને એ પચે તો જ્ઞાનીના મનની વિચારધારા ચાલે કે જ્ઞાન તો સમુદ્ર જેટલું વિશાળ છે અને હું તો માત્ર આચમન જેટલું પણ મેળવી શક્યો નથી. જ્ઞાન જીવનમાં ઠરતું જાય તેમ તેમ વધુને વધુ પોતાની અજ્ઞાનતાનું ભાન કરાવશે. વર્ષોથી જ્ઞાન ઓળખવા આપણે મથામણ કરીએ છીએ પરંતુ અજ્ઞાન ઓળખવાનો પુરુષાર્થ આપણા જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર કરી દેશે. જે જીવનમાં ઉપશમભાવ સમત્વ અને મૈત્રી પ્રગટાવશે.

જ્ઞાનનું આચરણમાં પરિવર્તન થાય એજ જ્ઞાનની ફળશ્રુતિ, જ્ઞાન સહિતની ક્રિયા કર્મનિર્જરાનું કારણ બને છે.

સત્પુરુષોએ આત્મોદ્ધાર માટે જ્ઞાન અને ક્રિયાના સમન્વયને મહત્ત્વ આપ્યું છે. જેના જીવનમાં રાગ દ્વેષની પરિણતી મંદ થતી હોય તેને જ સાચો જ્ઞાની કહ્યો છે.

જ્ઞાનની આરાધના વખતે મા સરસ્વતીને પ્રાર્થના કરીએ કે "મારી અવિદ્યાનો નાશ કરી તત્ત્વદૃષ્ટિનું અંજન કરો, શુદ્ધિપૂર્વકની બુદ્ધિનો મને વૈભવ પ્રાપ્ત થાય, એકાંત દૃષ્ટિના અંધાપામાંથી મને અનેકાંતની દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થાય. ભ્રાંતિના વિષયવૃક્ષોથી ઘટાટોપ જંગલમાં હું ભૂલો પડ્યો છું. મને સમ્યગ્જ્ઞાનના રાજમાર્ગ પ્રતિ દોરી જાવ."

સદ્‌ગુરુની પ્રાપ્તિ અને સત્‌શાસ્ત્રોના લાભ માટેની ઉપાસના લાભપંચમીને જ્ઞાનપંચમી બનાવી દેશે. સદ્‌ગુરુની કૃપાથી મળેલી જ્ઞાનની એક ચિનગારી પર ચિંતન કરતાં કરતાં સહસ્ત્ર સૂર્ય જેવું દેદીપ્યમાન દિવ્યજ્ઞાન પ્રગટશે.

— ગુણવંત બરવાળિયા

•




બ્રહ્માંડમયી શ્રી સરસ્વતી દેવી


દિવ્યાનંદકારી
મા સરસ્વતી દેવી
અહોજ્ઞાનની જ્યોતને તેં જગાવી,
અહો બ્રહ્મના દિવ્ય તેજે તું ન્યારી,
મહાપદ્મના ગર્ભમાં દીસે પ્યારી,
સદા ભક્તને રાખજે ચિત્તમાંહી.





# ૩. સરસ્વતી ઉપાસના ભીતરનાં શક્તિકેન્દ્રોને ખોલે છે.

ॐ ऐं नमः
श्री सद्गुरुचरणेभ्यो नमः

જગજ્જનની ભગવતી વાગ્દેવી સરસ્વતીની ઉપાસના સૃષ્ટિના ઉષઃકાળથી થતી આવી છે.

યુગાદિકાળમાં એ બ્રાહ્મીના નામથી પ્રખ્યાત થઈ, ભગવાન યુગાદેવિદેવ ઋષભનાથની ગણના સૃષ્ટિના આદ્યકર્તા બ્રહ્મા તરીકે થાય છે. બ્રાહ્મી તેમની પુત્રી, પરમાત્માએ જમણા હાથે તેને લિપિ શીખવાડી અને અક્ષરમાતૃકોને લિપિ રૂપે જગતમાં પ્રગટ કરી એ લિપિ બ્રાહ્મીલિપિ કહેવાઇ અને બ્રાહ્મી, વાણીની દેવતા તરીકે પ્રસ્થાપિત થઈ.

જૈન આગમોમાં સહુથી પ્રાચીન ભગવતીસૂત્ર ગણાય છે. તેના પ્રારંભમાં મંગળ તરીકે નમો बंभीए लिखिए નોંધાય છે. આ રીતે બ્રાહ્મી સરસ્વતીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત ગ્રંથમાં નોંધાયેલ આગમિક મંત્ર પણ આવો જ છે :

ॐ नमो हिरीए बंभीए भगवईए सिज्जउ मे बगवई महाविज्जा नै बंभी महाबंभी स्वाहा।

અન્ય પણ આ. ભદ્રબાહુ આદિ મહર્ષિકૃત સારસ્વત મંત્રોમાં ક્યાંય બીજ નથી.

ઓમપૂર્વક પંચપરમેષ્ટિ તથા સરસ્વતીનાં સ્વરૂપવાચક પદો દ્વારા જ મંત્રનિર્મિત થયાં છે. આ ઉપરથી એમ લાગે છે કે શબ્દબ્રહ્મના મૂળબીજ રૂપ ઓમકારમાંથી જ પ્રગટતી સરસ્વતીની પ્રાચીન પરંપરામાં ઉપાસના હશે. જૈન પરંપરાના વર્ધમાન વિદ્યા આદિ પ્રાચીન વિદ્યાઓમાં ઓમ સિવાય કોઈ બીજ નથી. ૐ એ નાદબ્રહ્મ સ્વરૂપ છે. નાદ બ્રહ્મ પરમાત્મા સ્વરૂપ છે, તેમાંથી જ અન્ય સર્વ બીજો પ્રગટ થાય છે.

વિક્રમની પાંચમી શતાબ્દી પછી બીજમંત્રોનો કાળ શરૂ થાય છે. આ બંને બીજો માત્ર સ્વરરૂપ છે. ઓમ પરમાત્માનું પ્રતીક છે તો એ વાગ્ શક્તિનું પ્રતીક છે. માત્ર સ્વરથી બનેલા આ બંને બીજો જાણે પરમાત્મા અને પ્રકૃતિની જોડી છે. જેમાંથી સમગ્ર સૃષ્ટિનું સર્જન થયું. બ્રહ્મા સૃષ્ટિના કર્તા છે તો સરસ્વતી એની શક્તિ છે.

ભગવાન યુગાદિનાથે અક્ષરમાતૃકારૂપ સરસ્વતી પ્રગટ કરી પછી વિશ્વના સર્વ વ્યવહાર સર્જાયા. એ અર્થમાં એમને આપણે બ્રહ્મા સમજીએ.

અથવા બ્રહ્મા એટલે આત્મા, એની નાભિમાંથી ૐ નાદબ્રહ્મ ઉઠે છે. એમાંથી એ પ્રગટ થાય છે. પછી અક્ષરમાતૃકા અને સમગ્રશ્રુતનું સર્જન થાય છે અથવા આત્મા એ બ્રહ્મા છે, પરાવાણી એ જ સરસ્વતી છે જેમાંથી આત્માના વિકલ્પો પ્રગટે છે અને સંસારનું સર્જન થયા છે.

એ બીજ પછી ઉત્તરોત્તર તાંત્રિકકાળમાં નવાં નવાં બીજો જોડાતાં ગયાં અને વિવિધ સારસ્વત ઉપાસનાઓ ચાલતી થઈ. જેના પરિપાકરૂપે સરસ્વતીના અસંખ્ય નામ સેંકડો મંત્રો ને સ્વરૂપો આજે આપણને મળી રહ્યાં છે.

હવે આપણે મુખ્ય વિચાર કરીએ....

સરસ્વતી એ કોઈ દેવી છે ? કે આત્મશક્તિ છે ? કે કોઈ વિશિષ્ટ અલૌકિક શક્તિ છે ?

સારસ્વત તત્ત્વ શું છે ? જૈન ગ્રંથોમાં સરસ્વતી એ ગીતરતિ નામના ગંધર્વ નિકાયના વ્યન્તરેન્દ્રની એક પટરાણી છે. આવા ઉલ્લેખ મળે છે પણ કોઈ વ્યંતરદેવી આવી પરમશક્તિ હોય તે વાત કોઈપણ મંત્ર મર્મજ્ઞ સાધક સ્વીકારવા તૈયાર નહિ થાય.

મહાન સાધકમુનિએ અને કવિઓએ લખેલા ઘણા ગ્રંથોમાં પ્રારંભમાં સારવિતં મહઃના ધ્યાનનો ઉલ્લેખ મળે છે. મહ : એટલે તે જ આ સારસ્વત તે જ. શું છે ? એ કોઈ દેવી તો નથી જ પણ એ કોઈ વિશિષ્ટ શક્તિ છે.

વૈદિક પરંપરાઓમાં પ્રાચીન કાળથી ત્રણ મહાનદીઓનો ઉલ્લેખ મળે છે. ગંગા, સિંધુ અને સરસ્વતી. સરસ્વતીને પરંપરા ગુપ્ત નદી ગણે છે. માત્ર ગંગા અને સિંધુ રહી પણ સાથે આવી એક પ્રબળ પરંપરા છે, કે કોઈપણ બે નદીનો સંગમ થાય એમાં સરસ્વતીનો પ્રવાહ સ્વયં આવી જાય તેથી એ ત્રિવેણીસંગમ કહેવાય.

આવાં જે વિશિષ્ટ ત્રિવેણીસંગમ સ્થળો છે ત્યાં સરસ્વતીનો નિવાસ ગણાય છે. આવાં ત્રણ સારસ્વતતીર્થ મુખ્ય છે. કાશ્મીર - કાશી અને અજારી (પિંડવાડા રાજ.) આ ત્રણ સ્થળોમાં ઝરણાં કે નદીઓનો ત્રિવેણીસંગમ છે.

મારું એમ માનવું છે કે જ્યાં આવાં ત્રિવેણીસંગમ રચાય છે ત્યાં કોઈ વિશિષ્ટ અલૌકિક વિદ્યુત ચુંબકીયવૃત્ત (મેગ્નેટિક ફિલ્ડ) હોય છે. જેમાં વિશિષ્ટશક્તિ (વિદ્યુત) પ્રવાહનું અવતરણ થાય છે. જેને દિવ્યદૃષ્ટા યોગીઓ સારસ્વત મહઃ તરીકે ઓળખે છે જે આ નિશ્ચિત મંત્રબીજો દ્વારા થતી ઉપાસના આપણી આ સારસ્વતહઃ એ આકાશમંડળમાં નદીની જેમ પ્રવહતો પરમાત્માનો એક વિશિષ્ટ પ્રચંડ ઉર્જા પ્રવાહ જ છે. આવાં સંગમ સ્થળોમાં વિદ્યુતચુંબકીય વાતાવરણ જ્યાં હોય ત્યાં અવતરિત થાય છે જેની ઉપાસના કરીને માનવસાધકો પોતાનું ઈપ્સિત પ્રાપ્ત કરે છે. આ બ્રહ્માંડીય સારસ્વત મહઃની વાત થઈ. હવે તેના પિંડ સાથેના સંબંધની વાત કરીએ.

આપણા પિંડની ભીતર પણ ઈડા અને પિંગલાના નામથી પ્રાણધારા વહે છે. જે ગંગા-સિંધુ છે. આ બંનેનો સંગમ થાય ત્યારે સુષુમ્ણા કહેવાય. એ જ સરસ્વતી છે.

સુષુમ્ણા પથમાં ઊર્ધ્વમુખે પ્રવહતું તેજ સારસ્વત મહાતેજ કુંડલિનીશક્તિ છે. આજ ત્રિપુરા આજ પરાત્પરા વાણી છે જેમાંથી સમગર અક્ષરમાતૃકા પ્રગટ થાય છે અને દ્વાદશાંગી પ્રગટ થાય છે.

સરસ્વતી શક્તિપીઠોમાં પ્રવહતો પરમ ઊર્જાપ્રવાહ વિશિષ્ટ મંત્રબીજોના જાપ દ્વારા આપણી ભીતર આકર્ષિત થાય છે. તેના દ્વારા આપણા જ્ઞાનાવરણીય કર્મનું દહન થાય છે અને ભીતરનું સારસ્વતમહઃ પ્રગટ થાય છે એટલે બ્રહ્માંડમાં વહેતો પરમાત્માનો વિશિષ્ટપ્રવાહ તે જ સરસ્વતી દેવી અને આ પ્રવાહને આપણી ભીતર આકર્ષિત કરે તે સારસ્વતમંત્ર.

સાધકની જેટલી પાત્રતા હોય તેટલો એ મહાપ્રવાહમાંથી સારસ્વત પ્રસાદ મળે. આ ભિન્ન ભિન્ન શક્તિપીઠોની અધિષ્ઠાયિકા એક પણ હોઈ શકે અને ભિન્ન ભિન્ન પણ હોઈ શકે.

દરેક શક્તિપીઠોની ભૌગોલિક સ્થિતિ અલગ અલગ હોવાથી ત્યાં પ્રગટતાં સારસ્વત ઊર્જા પ્રવાહમાં તારતમતા રહેવાની તેથી તેની ઉપાસના માટેનાં મંત્ર બીજોમાં પણ વૈવિધ્ય રહેવાનું.

સરસ્વતીની મુખ્ય ત્રણ શક્તિપીઠ સિવાય લઘુશક્તિપીઠ અસંખ્ય હોઈ શકે.

જૈન પરંપરાની લગભગ પોશાળો સારસ્વત ઉપાસનાના સિદ્ધકેન્દ્ર સ્વરૂપ હતી.

સારસ્વત સાધનાના બે તબક્કા છે - પહેલો પ્રસાદ, સ્મૃતિ ધારણા - પ્રજ્ઞાની. વૃદ્ધિ. બીજો ભાગ વાક્‌શક્તિ ને કવિત્વની પ્રાપ્તિ આદિ. સારસ્વત સાધના કરતાં કરતાં પ્રાણ સુષુમ્ણા - મધ્યમપથમાં સ્થિર થાય ત્યાં પહેલાં તબક્કે સ્મૃતિધારણા અને પ્રજ્ઞા તીવ્ર થાય, એ જ

સ્થિરપ્રાણમાં બીજા તબક્કે સારસ્વત ઊર્જાનું અવતરણ થતાં જ કુંડલિકાનું જાગરણ થાય અને એ જાગરણ પછી ઊર્ધ્વગમન થાય. એમાંથી ક્રમશઃ પ્રબળવાક્શક્તિ, ઉત્કૃષ્ટ કવિત્વ અને છેલ્લે કૈવલ્ય પ્રગટ થાય.

ઇડા અને પિંગલમાં (સૂર્ય અને ચંદ્ર, આતમા અને મન) વહેતી પ્રાણધારાનું સ્થિરમિલન તે સુષુમ્ણા. ઔદારિક - તેજસ - કાર્મણ કે સ્થૂલ - સૂક્ષ્મ કે કારણ આ ત્રણે શરીરમાં અનુસ્યૂત આત્મઉર્જા તે કુંડલિની મહાશક્તિ.

પ્રાણધારા સુષુમ્ણામાં સ્થિર થાય તે પહેલો તબક્કો, સ્થિર થયેલી પ્રાણધારા આકાશમંડળમાં વહેતી સારસ્વતમહઃની ધારાને ઝીલી, આત્મ ઊર્જાને ઊર્ધ્વગામિની કરે તે બીજો તબક્કો જે કૈવલ્ય પ્રાપ્તિમાં પૂર્ણ થાય. પૂ. બપ્પભટ્ટિસૂરિ મ.નું कन्दाकुण्डलिनी કે. પૂ. મુનિસુંદર સૂ.નું कला-काचित् કાન્તા કે લઘુકવિનું ऐन्द्रस्येव शरासनस्य કે પછી પૃથ્વીરાચાર્યનું ऐन्दव्या कलया કે ઉપાધ્યાય યશો વિ.મ.નું प्रणमता नर्गलज्ञान સ્તોત્ર, આ પરમાત્મા મુખથી પ્રગટ થયેલ પરમ સરસ્વતી ઉર્જાપ્રવાહનું જ વર્ણન કરે છે. પરમચિતિ શક્તિની સ્તવના કરે છે કોઈ ચતુર્નિકાયની દેવીની નહિ આ તો નાદ અને જ્યોતિની સાધના છે. જે પૂર્ણ થતાં પરમાત્મ સાક્ષાત્કારમાં પરિણમે છે. કૈવલ્યની પ્રાપ્તિ એની ચરમ પરિણતી છે.

સિદ્ધ અનુભવી સાધકોનો એક વિશિષ્ટ અનુભવ પણ છે તે પણ વિજ્ઞાનથી સિદ્ધ હોવાથી નોંધી લઈએ.

આપણે જે સિદ્ધ મંત્રબીજો કે સ્તોત્રોના જપ કે પાઠ કરીએ છીએ. તેમના શબ્દોમાંથી એક જબરદસ્ત ચૈતન્ય પ્રગટ થાય છે. ધ્વનિ કાર્ય કરે છે. મંત્ર કે સ્તોત્ર ચૈતન્યમય હોવાથી તેના ધ્વનિતરંગોમાંથી જ ઈષ્ટનું દિવ્યસ્વરૂપ સ્વયં પ્રગટ થાય છે અને આપણને અનુગ્રહ કે નિગ્રહ કરે છે. મંત્ર સ્વયં દેવરૂપ છે. નિરંતર જાપ દ્વારા તેની શક્તિ પ્રગટ થાય છે તેમ. વૈજ્ઞાનિકોએ પણ શબ્દથી આવી શક્તિ પરીક્ષિત કરી છે. મંત્ર કે સ્તોત્રના ધ્વનિ તરંગોથી આછી રેતમાં ઈષ્ટનું ચિત્ર

સ્વયં દોરાઈ જાય છે.

અનુભવી સાધકો એમ માને છે કે શુદ્ધતાથી કરાયેલો સિદ્ધમંત્રનો જાપ જ દિવ્યશક્તિ પ્રગટ કરી, આપણું ઈષ્ટ સિદ્ધ કરે છે. મંત્ર ચૈતન્યથી ભિન્ન કોઈ દેવ નથી.

મંત્રબીજોની ભિન્નતાથી ઈષ્ટનાં સ્વરૂપ પણ જુદાં જુદાં હોઈ શકે છે. તેથી સરસ્વતીનાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપ છે. હંસવાહના મયૂરવાહના આદિ, વીણાધારિણી કમંડલૂધારિણી આદિ પણ છે. આ બધું સિદ્ધમંત્ર ચૈતન્યનો જ મહાવિલાસ છે.

સાધનાજગતમાં અનુભવોને એના તારણમાં આવું વૈવિધ્ય રહેવાનું જ છે પણ છેવટે બધું એક જ થઈ જાય.

હવે દેવજગતમાં સરસ્વતીદેવી કોણ છે તેનો વિમર્શ કરીએ.

પ્રાચીન પરંપરામાં સરસ્વતીને સંગીત, નૃત્ય ને નાટ્યની દેવી પણ કહી છે. આ સરસ્વતીદેવી ગંધર્વ નિકાયના ઈન્દ્ર ગીતરતિની પટ્ટરાણી સંભવે છે, તેઓ પ્રાયઃ મયૂરવાહિની હુશે. મયૂર કલાનું પ્રતીક છે. જંબૂદ્વિપ આદિ આઠ દ્વિપમાં ૬ વર્ષધર પર્વતો છે. દરેક પર્વત પર ૬ દ્રહ છે, તે દ્રોહમાં શ્રી હ્રી - ધી - કીર્તિ - બુદ્ધિ - લક્ષ્મી આ છ દ્રહ દેવીઓ છે. આમા હ્રી - ધી - બુદ્ધિ આ ત્રણે સરસ્વતી છે. ૐ નમો ह्रीरीए बंभीए માં આ હ્રી દેવીનું સ્મરણ છે. કુવલયમાલા મહાકબથા પણ હ્રી દેવતાના પ્રસાદનું સર્જન છે. ધી અને બુદ્ધિ પણ સરસ્વતીનાં જ નામ છે.

ધી એટલે ધારણા સ્મૃતિ, બુદ્ધિ એટલે બોધ - વિદ્વતા એટલે આપણે ત્યાં જ સારસ્વત ઉપાસના ચાલે છે એમાં આ ત્રણ દેવી મુખ્ય હશે તેમ સંભવ છે.

લોકપ્રસિદ્ધ લક્ષ્મી - સરસ્વતી તો ઉત્તર જંબૂદ્વીપના પુંડરિક દ્રહની લક્ષ્મીદેવી, તથા મહાપુંડરિક દ્રવની બુદ્ધિદેવી આ બેની જોડી હોવા સંભવ છે.

શ્રી લક્ષ્મી ભુવનપતિનિકાયના જ છે. સૂરિમંત્રમાં ઉપાસ્ય વાણી ત્રિભુવનસ્વામિની અને શ્રી દેવી એ તિગિચ્છદ્રહની ધી, માનુષોત્તર પર્વતવાસિની ત્રિભુવનસ્વામિની અને પદ્મદ્રહની શ્રી દેવી જ હોવા સંભવ છે. આ ત્રણે ભુવનપતિના છે.

નૃત્ય - સંગીતની દેવી સરસ્વતી મયૂરવાહિની હોવા સંભવે છે. બુદ્ધિ તથા વિદ્વત્તા માટે ઉપાસ્યા સરસ્વતી હંસવાહિની ને કમલાસના હોવી જોઈએ.

ધી અને બુદ્ધિદેવીના પણ વાહન ભિન્ન હોઈ શકે જે મયૂર અને હંસ હોય. મને તો આ છ દ્રહો પણ ષટ્ચક્ર સાથે સંબંધ ધરાવતા હોય તેમ લાગે છે.

## હવે શ્રુતદેવતાનું સ્વરૂપ વિચારીએ

આર્ય પરંપરામાં કોઈપણ દિવ્યશક્તિને દેવતા કહેવાની પરંપરા છે. दिव्यति इति देवता ચમકે તે દેવતા. પરમાત્માએ પ્રવચન દ્વારા વહેતો કરેલો દેદીપ્યમાન અનંત ઉર્જાપ્રવાહ તેજ સાસ્વત મહઃ કે શ્રુતદેવતા છે.

પરમાત્માના મુખમાંથી પ્રગટ થયેલ અક્ષરમાતૃકાના બીજભૂત પરાવાણી કે ભાષાવર્ગણાના દેદીપ્યમાન પૂંજનો અક્ષયસ્ત્રોત તે જ શ્રુતદેવતા છે. જે પરમાત્માના નિર્વાણ બાદ પણ નિર્વિણ્ણ થતો નથી.

આજનું વિજ્ઞાન પણ માને છે કે કાંઈ પણ બોલાયેલું કે બનેલું લાંબાં કાળ સુધી ઈથરમાં સંગ્રહિત થાય છે. જો પાવરફૂલ ગ્રાહકયંત્રો બને તો હજારો વર્ષો પહેલાં બોલાયેલું કે બનેલી ઘટના એને એ જ રીતે પાછો શ્રાવ્ય અને દશ્ય કરી શકાય. રૂપ અને ભાષાના પુદ્ગલો લાંબો કાળ ટકે તો આ શક્ય બને.

તીર્થંકર નામકર્મના અચિંત્ય પ્રભાવથી આ શક્ય છે. પરમાત્માની બોલાયેલી વાણીનો જે જીવંત દિવ્યપ્રવાહ તે જ પ્રવચનદેવતા કે શ્રુતદેવતા છે. એ વાણીની જે ગુંથણી તે દ્વાદશાંગી છે. આ તીર્થંકરો પરમઋષિ

છે. ઋષિ જે બોલે તે મંત્રરૂપ બની જાય. પૂરી દ્વાદશાંગી મંત્રરૂપ છે. આ મંત્રમાં છૂપાયેલી ઉર્જા તે દેવરૂપ છે. આ રીતે મંત્ર અને દિવ્યશક્તિની આપણે દ્વાદશાંગી તથા શ્રુતદેવતારૂપે આરાધના કરીએ છીએ.

હવે આ દ્વાદશાંગીની જે અધિષ્ઠાતા હોય તે પણ વ્યવહારથી શ્રુતદેવતા કે પ્રવચનદેવતા કહેવાય.

પ્રભુના પ્રવચનની - વાણીની જેણે ભવાન્તરમાં ઉત્કૃષ્ટ આરાધના કરી હોય તેવા વિરલ આત્મા જ વિશિષ્ટ શક્તિસંપન્ન શ્રુતદેવતા કે સરસ્વતીદેવી તરીકે ઉત્પન્ન થતા હોય છે. પરમાત્માના પરમ શક્તિસ્વરૂપમાં સારસ્વતમહઃ કે શ્રુતદેવતા કર્મક્ષયમાં અને શક્તિ જાગરણમાં નિમિત્ત બની શકે. તેમ તે - તે દેવી દેવતા ઔષધ આદિ પણ બની શકે છે.

કુવલયમાલામાં છેલ્લા પ્રસ્તાવમાં પાંચમા ભાવમાં પરમાત્માની પાંચ દેશના છે. તેમાં કોઈ જિજ્ઞાસુના પ્રશ્નના ઉત્તરમાં પરમાત્માએ દેવી-દેવતા-મંત્ર-યંત્ર તેમજ ઔષધ મણિ-રત્નગ્રહ વ.ને પણ કર્મના ઉદય ક્ષય ને ઉપશમમાં કારણભૂત બને તેમ સ્પષ્ટ કહ્યું છે.

કર્મ પૌદ્ગલિક છે તેથી તેના બંધ-ઉદય-ક્ષય આદિમાં પૌદ્ગલિક ઉપાદાનો કારણભૂત બની શકે તે યુક્તિયુક્ત છે.

જેમ મંત્ર જપ દ્વારા સારસ્વત સિદ્ધિ મળે છે તેમ મંત્ર સિદ્ધિ તેલ ઔષધ દ્વારા પણ સારસ્વત સિદ્ધિ મળે છે એની પણ પરંપરા આજે ચાલુ છે.

ગ્રહણ સમયે રવિપુષ્ય કે ગુરુપુષ્ય સિદ્ધ કરેલા માલકાંગણીના તેલ દ્વારા કે કેશર અષ્ટગંધદ્વારા શિષ્યની જીભ ઉપર મંત્રબીજ આલેખન કરી શિષ્યની જડતા દૂર કરવામાં આવતી. મંત્રસિદ્ધ સારસ્વતચૂર્ણ અને માલકાંગણી જ્યોતિષમતી તેલના સેવનથી સેંકડો શિષ્યોને મહામેધાવી બનાવવાના પ્રયોગો સંસ્કૃત પાઠશાળામાં થતાં. આ ચૂર્ણ મોટાભાગે દીપોત્સવીમાં સિદ્ધ થતું.

કવિ ઋષભદાસ માટે એમ કહેવાય છે કે તેઓ મંદબુદ્ધિના હતા. ઉપાશ્રયોમાં ગુરુભગવંતોની સેવા કરતાં. કચરો વ. કાઢતાં. એકવાર સારસ્વત પર્વ (ગ્રહણ)માં પૂજ્ય વિજયસેનસૂરિ મ. એ પોતાના મંદબુદ્ધિ શિષ્ય માટે બ્રાહ્મીમોદક સિદ્ધ કરીને પાટલા ઉપર મુક્યા. પચ્ચક્ખાણ આવ્યું ન હતું ને ગુરુદેવ બહાર ગયાં. ઋષભદાસ વહેલી સવારે કચરો કાઢવા આવ્યા લો મોદક જોયો ને ખાઈ ગયાં. ઋષભદાસ વહેલી સવારે કચરો કાઢવા આવ્યા પેલો મોદક જોયો ને ખાઈ ગયા. પૂ. આચાર્યદેવે શિષ્ય માટે મોદક શોધ્યો, મળ્યો નહિ. ઋષભદાસને પૂછતાં એમણે ઉપયોગ કર્યાનું જાણ્યું. (અંતે) ગુરુદેવના આશિષથી એ ઋષભદાસ મહાકવિ બન્યો.

તેલંગણાના ઈશ્વરશાસ્ત્રીએ પણ ગ્રહણના દિવસે જ્યોતિષ્મતી તેલ અભિમંત્રિત કરી તેના પ્રયોગથી પોતાની પાઠશાળાના ૫૦૦ વિદ્યાર્થીને મહામેધાવી બનાવ્યા હતા.

આ જ રીતે સારસ્વતયંત્રો - સારસ્વતગુટિકાને ધારણ કરવાથી પણ મહાવિદ્વાન બનવાના ઉલ્લેખો ગ્રંથોનાં પાનાં ઉપર મળે છે. આમ મંત્ર - તંત્ર - યંત્ર ઔષધ આદિ અનેક પ્રયોગો દ્વારા આપણે ત્યાં સારસ્વતસાધના થાય છે.

સાધક પોતાના સદ્ગુરુ દ્વારા આમાંનું કોઈપણ આલંબન પ્રાપ્ત કરી સારસ્વતપ્રસાદ પ્રાપ્ત કરી શકે. માત્ર પુસ્તકમાં લખેલ કે છાપેલ પ્રયોગ ફળદાયી નીવડતા નથી, ઉપરથી **દુષ્ફળ** - દર્ગતિ આપનાર બને છે. એમ સ્પષ્ટ ચેતવણી, મંત્ર મહર્ષિઓ ગ્રંથમાં આપે છે.

મંત્ર કે ઔષધ અધિકારી ગુરુ દ્વાર **અપાય** તો જ સાધક માટે ફળદાયી નીવડે છે. આ વાતનો સાધકે ખાસ ખ્યાલ રાખવો. ખરેખર તો મંત્ર, પુસ્તકો શિષ્ય માટે નહિ, ગુરુ માટે જે લખાય છે, છપાય છે, જેમાંથી યોગ્ય પ્રયોગ શિષ્ય માટે પસંદ કરી ગુરુ કરાવી શકે છે ને ફળ મળે.

જૈનપરંપરામાં સારસ્વત ઉપાસના સર્વપ્રથમ આચાર્ય સિદ્ધસેન-

દિવાકરજીના ગુરુદેવ આચાર્ય વૃદ્ધવાદિસૂરિજીના જીવનમાં દેખાય છે.

વૃદ્ધવયે દીક્ષિત મુકુંદપ્રિય ગુરુભાઈઓના વચનથી ઉત્તેજિત થઈ ભરૂચના શકુનિકા વિહાર ચૈત્યમાં અનશન લઈને બેસી ગયાં ૨૧મા દિવસે સરસ્વતીનો વર મેળવ્યો. મહાન વાદી બન્યા ને શ્રી વૃદ્ધવાદિસૂરિના નામાથી વિખ્યાત થયા.

પૂ. આચાર્ય બપ્પભટ્ટિસૂરિ મ.પૂ.આ., હેમચંદ્રસૂરિ મ.ઉપા. યશોવિજયજી મ. શ્વેતાંબર જૈન પરંપરાના પ્રખ્યાત સિદ્ધ સારસ્વત મહર્ષિઓ છે. તો દિગંબર પરંપરામાં આ. મલ્લિષેણ પ્રખ્યાત છે.

આ. બપ્પભટ્ટિને મોઢેરાની પોશાળમાં, શ્રી હેમચંદ્રમુનિને અજાહરીમાં પૂ. યશોવિજયજીને ગંગાતટે સરસ્વતીનો વર મળ્યો. છેલ્લા શતકમાં શ્રી હિંમતવિમલજી તથા યોગીરાજ શાંતિસૂરીએ (આબુવાલા) અજાહરીમાં સરસ્વતી પ્રત્યક્ષ કર્યા હતાં.

આજે પણ અનેક સમુદાયોમાં સારસ્વતસાધના ચાલી રહી છે. કોક ભાગ્યશાળીએ માતાના દર્શન પણ પ્રાપ્ત કર્યા છે. બાકી ઘણા મુનિઓ આ સાધનાના પ્રભાવથી મહાવિદ્વાન કે પ્રભાવશાળી વક્તા બન્યા છે. કવિ શ્રેષ્ઠ બન્યા છે.

જૈનપરંપરામાં અજારી, શત્રુંજય ગિરિરાજની તળેટીમાં આવેલી સિદ્ધ સારસ્વતી ગુફા, કાશીનો ગંગાતટ, ભૃગુકચ્છનું મુનિસુવ્રત મંદિર આદિ સારસ્વત સાધનાના કેન્દ્ર રહ્યાં છે. આ સિવાય શ્વેતાંબર દિગંબર પરંપરાની પોશાળો અને પાઠશાળાઓ પણ સારસ્વત સાધનાના કેન્દ્ર રહ્યાં છે. જ્યાં ગુરુકૃપાથી સારસ્વત વર પામી મહાકવિ અમરચંદ્ર જેવા અસંખ્ય નામી - અનામી કવિ અને વિદ્વાન મુનિવરો થયા.

જૈનગૃહસ્થોમાં મહાકવિ ધનપાલ - મહાકવિ શ્રીપાળ, મંત્રી, વસ્તુપાળ, મંત્રીમંડન સારસ્વત પ્રસાદ પામી મહાકવિ બન્યાં હતાં.

વૈદિક પરંપરામાં કાશી-કાશ્મીરમાં આરાધના કરી સિદ્ધ સારસ્વત બનનાર મહાકવિ કાલિદાસ મહાકવિ હર્ષ, મહાકવિ દેવબોધિ (કલિકાલ

સર્વજ્ઞ સમકાલીન) મહાકવિ સોમેશ્વર વ. વિશ્વપ્રસિદ્ધ મહાપંડિત દેવબોધિનો વૃત્તાંત પ્રબંધોમાં મળે છે તે સાધકો માટે મહત્ત્વનું તથ્ય પ્રગટ કરે છે. પંડિત દેવબોધિ ગંગાના જળમાં નાભિ સુધી ઊંડે ઊભા રહી સરસ્વતીના ચિંતામણિ મંત્રની સાધના કરે છે ૧/ (સવા) લાખનું પરચુરણ થતાં સારસ્વત વર મળે એવો આમ્નાયા હોવા છતાં ૨૧-૨૧ પરચુરણ સુધી એમને વર ન મળ્યો છેવટે ખિન્ન ઉદ્વિગ્ન થઈ એમણે જપમાળાને ગંગાના જળમાં ફેંકી દીધી. માળા, ગંગાના અગાધ જળમાં ડુબવાને બદલે આકાશમાં અદ્ધર સ્થિર થઈ ગઈ. પંડિતજી અચંબામાં પડ્યાં, એ આકાશવાણી કરીને કહ્યું મા વત્સ ! ખિન્ન ન થા. ભવાન્તરની ઘણી હત્યા તારી સિદ્ધિમાં અંતરાયભૂત હતી. એક એક પરચૂરણે એક - એક હત્યા ટળી. હવે તું ફેર એક પરચુરણ કર તને નિશ્ચિત વર મળશે. પુનઃ દેવબોધિએ પરચુરણ કર્યું અને સિદ્ધિ પ્રાપ્ત કરી.

સારસ્વત કે અન્ય બધી સાત્ત્વિક સાધનામાં આવા અનેક વ્યવધાનો જન્મ જન્માંતરથી આપણને નડતાં હોય છે. એ ટળે ત્યારે જ ઈષ્ટ સિદ્ધિ આપણને મળે.

જપાત્ સિદ્ધિ જપાત્ સિદ્ધિ જપામત્ સિદ્ધિર્ન સંશયઃ जपतो नास्ति पातकाम् જપંતો નાસ્તિ પાતકામ્ ! સાત્ત્વિક સાધકે આ વાત ભૂલવી નહીં.

સર્વ માતૃકામથી ભગવતી સરસ્વતી નિખિલ બ્રહ્માંડેશ્વર અરિહંત પરમાત્માની જ પરમશક્તિ છે જે ઇહલોકમાં સર્વસિદ્ધિ આપી છેવટે પરમપદ આપે છે.

**(પૂ. મુનિ ધુરંધર વિજયજીના લેખમાંથી સાભાર)**

●

# ૪. દેવી સરસ્વતી કુમારી કે વિષ્ણુની પત્ની ?

શ્રી હર્ષ નામના કવિએ ન્યાય ખંડનખંડઆદ્ય નામનું કાવ્ય લખ્યું, પરંતુ તે વખતની રાજ્યસભામાં તે કાવ્યને કોઈ ઉત્કૃષ્ટ ન્યાય આપી શક્યું નહિ ત્યારે કોઈએ તેને સલાહ આપી કે "તારે તારા કાવ્યનો ન્યાય મેળવવો હોય તો કાશ્મીરની સરસ્વતીજીના ખોળામાં મૂકી દે અને જો દેવીના ખોળામાં ત્રણ દિવસ સુધી તે પડ્યું રહે તો તારા કાવ્યને ઉત્કૃષ્ટ ગણવામાં આવે અને જો માતાજી ખોળામાંથી દૂર ફેંકી દેશે તો તારા કાવ્યને નાપાસ જાહેર કરવામાં આવશે." કવિ હર્ષના આનંદનો પાર ન રહ્યો. તેને પોતાના કાવ્યને હવે ન્યાય મળશે તેવી આશા જાગી. ખૂમારી અને ઉત્સુકતાથી છલછલતો શ્રી હર્ષ કાશ્મીર, પહોંચી ગયો અને કાવ્ય, દેવીના ખોળામાં મૂકી દીધું. મંદિરના દ્વાર બંધ કરી દેવામાં આવ્યા. સખત ચોકી પહેરો મૂકવામાં આવ્યો, જ્યારે મંદિર ખોલવામાં આવ્યું ત્યારે પુસ્તક ખોળામાંથી દૂર ફેંકાઈ ગયું હતું. ત્યારબાદ અન્નપાણીનો ત્યાગ કરીને હર્ષ ત્યાં જ બેસી ગયો અને મા સરસ્વતીને આહ્‌વાન કરીને કહ્યું.

"હે દેવી સરસ્વતી, મારા સર્જનમાં એવી કઈ રીતે ત્રૂટિ રહી ગઈ છે કે તે મારા કાવ્યને ખોળામાંથી દૂર ફેંકી દીધું ?"

દેવી સરસ્વતીજીએ સ્વપ્નમાં આવીને કવિ હર્ષને કહ્યું : "તેં આ કાવ્યની અંદર મને કુમારિકાને વિષ્ણુની પત્ની રૂપે બતાવી છે,

આજ મારી અપ્રસન્નતાનું કારણ છે."

હવે મારી વાત સાંભળી દેવી, "જ્યારે મેં જોયું કે તું તો બ્રાહ્મણોના ઘરે, ઘરે જઈને બેઠી છ ત્યારે મને અતિશય ત્રાસ થયો અને તેથી જ મેં તને એક જગાએ સ્થિર કરી દેવા માટે મારી રચનામાં વિષ્ણુની પત્ની તરીકે જાહેર કરી દીધી."

હર્ષની ચાતુર્યભરી આ વાતથી સરસ્વતી પ્રસન્ન થયાં અને તેના કાવ્યને ઉત્કૃષ્ટ રચનાનું પારિતોષિક મળી ગયું.

•

# ૫. જ્ઞાનપંચમીની આરાધના

અજ્ઞાન તિમિરને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરનાર જ્ઞાની ગુરુવરને વંદના !!!

૧૭મી શતાબ્દીમાં થઈ ગયેલા પરમજ્ઞાની યોગીપુરુષ મહોપાધ્યાય યશોવિજયજીએ જ્ઞાની અને અજ્ઞાનીની સરખામણી કરી છે. અજ્ઞાનીને વિષ્ટા ખાતા ભૂંડની સાથે સરખાવ્યો છે અને જ્ઞાનીને માનસરોવરના મોતીનો ચારો ચરતા હંસની સાથે સરખાવ્યો છે. જ્ઞાની અને અજ્ઞાની વચ્ચે આજ ફરક છે. જ્ઞાની જ્યાં પણ હશે તરત જ તે મોતી શોધી તેનો ચારો ચરી લેશે. અજ્ઞાની માણસ કોઈક ને કોઈક અશુભ તત્ત્વોમાં જ મોઢું નાખતો રહેશે.

**મધ્યતજ્ઞ કીલા જ્ઞાને વિષ્ટાયા મિવતુ પરં**

જેમ ભૂંડ ગંદકીમાં જ આળોટે, કાદવકીચડમાં પડ્યો હોય જ્યારે ને ત્યારે વિષ્ટા જ આરોગે. અજ્ઞાની માણસો આ ભૂંડ જેવા જ છે. જ્યારે જુઓ ત્યારે કોઈક દુર્ભાવનાઓના ચૂંથણાઓ જ ચૂંથતા હોય. કુસંસ્કારોની ગંદકીમાં જ એ આળોટતાં હોય ત્યાં જ એ ચક્કર માર્યા કરતાં હોય.

**જ્ઞાની : જ્ઞાની નિમ્મશ્રતે જ્ઞાને મરાલવ્ય માતે**

જેમ માનસરોવરની ઉપર હંસલાઓ આવે છે, ઊતરે છે, મોતીનો

ચારો ચરે છે, એમ જ્ઞાનીપુરુષો જ્યાં જ્યાં જતાં હશે ત્યાં ત્યાં શુભ તત્ત્વનો જ આસ્વાદ લેતા હશે.

માત્ર જ્ઞાન એટલે થોડાં ઘણાં શાસ્ત્રો ભણી લીધાં, થોડું ઘણું અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરી લીધું, કહેવાતી થોડી ઘણી શિક્ષણની ડિગ્રીઓ મેળવી લીધી, એટલા માત્રથી જ્ઞાની બની જવાતું નથી. જ્ઞાની પાસે બુદ્ધિનો વૈભવ કેટલો છે એના કરતાં પણ જ્ઞાનીની પાસે શુદ્ધિનો વૈભવ કેટલો છે એ બહુ મહત્ત્વની વાત છે. માત્ર બુદ્ધિ તો ઘણાં બધામાં હોઈ શકે, શાસ્ત્રજ્ઞાન તો પંડિતોમાં પણ હોઈ શકે, પરંતુ પંડિત અને જ્ઞાનીમાં પણ ફરક છે. પંડિતની પાસે માત્ર વિપુલ માહિતી છે. જ્ઞાનીની પાસે અંતરનો પ્રકાશ છે. જ્ઞાનપંચમીનું પર્વ વાર્ષિકપર્વ છે. જેમ મૌન એકાદશીનું પર્વ બહિર્મુખ ચેતનાને અતર્મુખ બનાવવાનું પર્વ છે. તેમ જ્ઞાનપંચમીનું અંતરના અજ્ઞાનને ભેદી નાખીને જ્ઞાનનો દિવ્યપ્રકાશ પ્રાપ્ત કરવા માટેનું આ પર્વ છે.

જ્ઞાનપંચમીની આરાધના આપણા જ્ઞાનાવરણીય કર્મના ક્ષય અને ક્ષપોપશમ કરવા માટે કરવાની છે. જ્ઞાનપંચમીની આરાધના અનાદિ કાળથી અજ્ઞાનમાં અથડાતાં અથડાતાં અને કુટાતાં આપણા આત્માને જ્ઞાનના માર્ગે લઈ જવા માટે કરવાની છે. જ્ઞાન પંચમીની આરાધના, આપણી વિપરીત દૃષ્ટિને પરિવર્તિત કરી નાખીને સમ્યક્દૃષ્ટિજ્ઞાનનો દૃષ્ટિ ઉઘાડ કરવા માટે કરવાની છે.

સમ્યક્જ્ઞાનની આરાધના કરવાની એટલે અંતરની સૂઝ કેળવવાની છે. જ્ઞાની પુરુષો અને શાસ્ત્રો તો માત્ર આંગળી ચીંધતા હોય છે. દિશા બતાવતા હોય છે. પછી એ દિશામાં ખેડાણ તો આપણે જ કરવું પડે. ભગવાન મહાવીરે પ્રકૃષ્ઠ બુદ્ધિવાન એવા પોતાના ૧૧ શિષ્યો (ગણધરો)ને માત્ર એક બિંદુ જ આપ્યું.

ઉપ્પન્ને ઈવા
વિગમે ઈવા
ધુવે ઈવા

દરેક વસ્તુ ઉત્પન્ન થાય છે. થોડોક સમય ટકે છે અને અંતે નાશ પામી જાય છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ ત્રણેય સૃષ્ટિમાં ચાલ્યા જ કરે છે અને એના આધારે અગાધજ્ઞાનનો ક્ષયોપશમ પ્રાપ્ત કરી ચૂકેલા એ ગણધર ભગવંતોએ જ્ઞાનનો સ્તોત્ર વહેવડાવ્યો. પ્રભુએ માત્ર દિશા કહી કે વિશ્વમાં આ તત્ત્વ ચાલી રહ્યું છે, પછી તેનું ખેડાણ ગણધર ભગવંતોએ કર્યું, જ્ઞાનનું કાર્ય જ આ છે એ આપણને ચિંતનની નવી ક્ષિતિજો ખોલી આપે છે. આત્મસાધનાના માર્ગની નવી જ ક્ષિતિજો પ્રાપ્ત કરાવી આપે છે. બહારમાંથી અંદરમાં જવા માટે.

જ્ઞાની સાચો એ જ કહેવાય જે જેમ જેમ જ્ઞાન પ્રાપ્ત કરતો જાય તેમ તેમ જ્ઞાન પચાવતો જાય.

બીજાનું જોઈ જોઈને માત્ર અનુકરણ દરેક ક્ષેત્રે એટલું વધી ગયું છે. કોઈ દિવસ આપણે શાંતિથી વિચારીને સમજવાનો પ્રયત્ન કરતા નથી કે હું શું કરું છું ? શા માટે કરું છું ? કેવી રીતે કરવું જોઈએ ? આ પાછળ શું દૃષ્ટિ છે. આ કરીને મારે શું પામવાનું છે. આ વિચાર્યા વગર માત્ર અંધ અનુકરણ કરીએ છીએ.

આણે આમ કર્યું તેથી સારો દેખાય છે માટે આપણે પણ આમ કરો.

આ આમ કરીને આગળ વધી ગયો માટે આપણે પણ આમ કરો.

એ એની દૃષ્ટિએ એના સંસ્કારો એની પરિસ્થિતિએ કદાચ ઉચિત ભૂમિકાએ પણ હોય પણ, આપણી યોગ્યતા કે આપણા સંસ્કાર કદાચ ભિન્ન હોય અને આપણે જો માત્ર એનું અંધ અનુકરણ જ કરીએ તો તે આપણા માટે બરાબર ન પણ હોઈ શકે, મોટાભાગનો સમાજ કોપીસૂઝ જીવન જીવી રહ્યો છે. જ્ઞાન પંચમીની આરાધના કોઠાસૂઝ બનવા માટે કરવાની છે. અંદરમાંથી જ આપણને એક સમજ ખીલે, જ્ઞાનની સમજ પ્રાપ્ત થાય એકાંત દૃષ્ટિ છોડી અનેકાંત દૃષ્ટિના સ્વીકાર કરતા થઈ જઈએ એ જ જ્ઞાનસાધનાનું સાચું પરિણામ છે અને જ્યાં અનેકાંત દૃષ્ટિ આવશે ત્યાં ઘણાબધા સંઘર્ષો ઓછા થઈ થશે. જ્યાં


ધાતુની મૂર્તિ
તથા
અન્ય પાંચ
ીન હસ્તપ્રતમાંથી...
"હંસાસન બેસી જગત ફરો,
કવિજનનાં મુખમાં સંચરો,
મા મુજને બુદ્ધિ પ્રકાશ કરો...
માં ભગવતી..."


અવકાશમાંથી અવતરતી સાક્ષાત્ હંસવાહિની મા સર
ભક્ત વત્સલા ! સદ્યવરદા !
ॐ ऐँ ह्रीँ श्री सरस्वत्यै

અનેકાંતદૃષ્ટિ આવશે ત્યાં જીવન શાંતિ અને સ્વસ્થતાભર્યું બની જાશે. આજે આપણા જીવનમાં અસ્વસ્થતા છે તે ગ્રહોને કારણે છે. જ્ઞાનથી ગ્રહો છૂટે, પૂર્વગ્રહ, દૂરાગ્રહ, આગ્રહ વગેરે છૂટશે. જ્યાં આગ્રહ છે ત્યાં કષાયો જોગવાની પૂર્ણ શક્યતા છે. સત્યાગ્રહીથી આગળ છે. સત્ય ગ્રાહી-સત્યાગ્રાહી એટલે સત્યને ગ્રહણ કરવું, અહીં વિશાળ દૃષ્ટિ અભિપ્રેત છે. સત્યના જે જે અંશો જ્યાં જ્યાં વેરાયેલા પડ્યા છે તે ને ગ્રહણ કરવાની વાત છે. ધર્મ એટલે સત્યનો સમન્વય, ધર્મ એટલે સત્યનો સ્વીકાર. જૈન ધર્મે દરેક નયનો સાપેક્ષભાવે સ્વીકાર કર્યો છે. નય તો જ સાચો નય બની શકે જો તે બીજા નયનો સ્વીકાર કરે તો, નહીં તો એ નય પણ દુર્નય બની જાય છે, એમ શાસ્ત્રકારો ફરમાવે છે. નય એટલે દૃષ્ટિ, એક નયે બીજા નયનો સ્વીકાર કરવો જ જોઈએ. નિશ્ચયદૃષ્ટિ જો વહેવારદૃષ્ટિનો સ્વીકાર ન કરે તો એ નિશ્ચય સાચો નિશ્ચય નથી. વ્યવહાર જો નિશ્ચય સાપેક્ષ ન હોય તો એ વ્યવહાર સાચો વ્યવહાર નથી એ જ વ્યવહાર સાચો છે જે નિશ્ચય સાપેક્ષ છે એ જ નિશ્ચય સાચો હોય જે વ્યવહાર સાપેક્ષ હોય છે. જ્યાં એક પણ નયનો એક પણ દૃષ્ટિનો અભાવ આવી ગયો કે ઉપેક્ષા આવી ગઈ ત્યાં એ નય સાચો હોવા છતાં સાચો રહી શકતો નથી. સમ્યકજ્ઞાનમાં દરેકનો સ્વીકાર હોય છે. આપણે સ્વીકારને બદલે ધિક્કાર કરવાનું શીખ્યા છીએ. ક્યાંય પણ આપણા મતની વિરુદ્ધ વાત આવી આપણા સંપ્રદાયની વિરુદ્ધની વાત અલગ ગચ્છ કે મત આવ્યો એટલે આપણે તેનો સ્વીકાર કરી શકતા નથી.

કલીકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે રાગમાં જો કોઈ ખતરનાક તત્ત્વ ગણ્યું હોય તો એ દૃષ્ટિરાગને ગણ્યું છે. પોતાની દૃષ્ટિનો રાગ પોતાના મતનો રાગ પોતે સ્વીકારેલ માન્યતાનો એક રાગ પક્કડ આગ્રહ તેને દૃષ્ટિરાગ કહ્યો છે.

કામરાગ અને સ્નેહરાગ હજી પણ નિવારી શકાય છે તેનાથી ઉપર ઊઠી શકાય છે. પરિવારના સ્વજનો ઉપરની મમતા પણ છોડી શકે છે અને જાતીય વાસનાઓથી પણ મુક્ત બની શકે છે.

પરંતુ એનાથી પણ મુક્ત બની ગયેલા આત્માઓ, સંપૂર્ણ વૈરાગી બનેલા આત્માઓ એક ઠેકાણે અટકી પડે છે. એ છે દૃષ્ટિરાગ, દૃષ્ટિરાગ છોડવો ખૂબ દુષ્કર છે.

સ્નેહરાગ અને કામરાગ છોડી શકે છે પરંતુ દૃષ્ટિરાગની પકડમાંથી મુક્ત થઈ શકતો નથી. આ મારી માન્યતા, મારો આગ્રહ, આ આગ્રહમાંથી રાગ જન્મતા વાર નથી લાગતી અને દૃષ્ટિના રાગને પાપ કહ્યું છે. અંતરમાં રમત કરી રહેલ રાગને આપણે પકડી શકતાં નથી. આપણે રાગભાવને પોષતા હોઈએ છતાં આપણે ભ્રામક કે મિથ્યા ખ્યાલોમાં અટવાતા હોઈએ છીએ કે હું આ બધાંથી પર છું. મુક્ત છું, અને એમ લાગે છે કે હું વિશાળતાની - ઉદારતાની વાત કરું છું, પરંતુ ઊંડે ઊંડે આપણને મળેલી માન્યતાને, ગચ્છ કે સંપ્રદાયપ્રતિનો સુષુપ્ત મોહ મારા અંતરમાં કામ કરતો હોય છે.

કલિકાલસર્વજ્ઞ કહે છે આમાંથી મુક્ત થવું તો સાધુસંતો માટે પણ ખૂબ મુશ્કેલ કામ છે. આમાંથી મુક્ત તે જ બની શકે જેણે નયસાપેક્ષ એવી જ્ઞાનદૃષ્ટિનો ઉઘાડ કરી લીધો હોય. જ્યાં દૃષ્ટિ પડે ત્યાં તેને સત્યનો અંશ દેખાતો હોય. જ્યાં સત્ય છે ત્યાં ત્યાં આકર્ષણ થવું જ જોઈએ.

જ્યાં વિવિધ માન્યતાનો સમન્વય છે ત્યાં જ ધર્મ જીવે છે. શાસ્ત્ર જીવે છે.

જ્ઞાનદૃષ્ટિનું અંજન કરવા માટે જ્ઞાનદૃષ્ટિનો ઉઘાડ કરવા માટે જ્ઞામનપંચમીની આરાધના કરવાની છે. જેમ જેમ સમ્યક્જ્ઞાનની આરાધના આપણે કરતાં જઈએ તેમ તેમ આપણું હૃદય ઉદાર અને વિશાળ બનતું જાય, વિશુદ્ધ બનતું જાય. બુદ્ધિની સાથે હૃદયની શુદ્ધિ ભેગી ભળી જાય. માત્ર બુદ્ધિ રવાડે ચડાવે, બુદ્ધિ સાથે શુદ્ધિ ભળે તેવી બુદ્ધિ જ કામની માત્ર બુદ્ધિ કોઈનું કલ્યાણ ન કરાવી શકે. માટે જ્ઞાનીઓએ સમ્યક્જ્ઞાનની આરાધના કરવાનું કહ્યું – જ્ઞાનપદની આરાધના સાથે સમ્યક્જ્ઞાન શબ્દ વાપર્યો છે. જ્ઞાન અને સમ્યકજ્ઞાનમાં ફરક છે.

જ્ઞાન એટલે માત્ર જ્ઞાનાવરણીય કર્મનો ક્ષપોપશમ એ સમ્યકજ્ઞાન છે. માત્ર જ્ઞાન બુદ્ધિનો વૈભવ વધારશે સમ્યક જ્ઞાન શુદ્ધિપૂર્વક બુદ્ધિનો વિસ્તર કરશે.

જ્ઞાનપંચમીની આરાધનાને સૌભાગ્યપંચમીની આરાધના કહી છે. સૌભાગ્ય ક્યારે પામે ? મોહનો અંધકાર દૂર થાય ત્યારે, અજ્ઞાનના અંધકાર કરતાં મોહનો અંધકાર વધુ ખતરનાક છે. મોહનો અંધાપો દેવતાઓને પણ આંધળા બનાવી દે ભણેલાઓને પણ રવાડે ચડાવી દે, સમજદારોને સંઘર્ષને માર્ગે લઈ જાય, પોતાના કોઈ મતનો મોહ, પોતાના કોઈક સ્વાર્થનો મોહ, પૌદગલિક પદાર્થોને પામવાનો મોહ આ મોહ જ્યારે પ્રબળ બને ત્યારે જ્ઞાનીઓને પોતાનું બધું જ્ઞાન ભૂલાઈ જાય ને મોહનો અંષાપો સમત્વ કે દષ્ટાભાવનું વમન કરાવી વ્યાકુળ બનાવી દે.

જ્ઞાનીપુરુષોએ આ વાતને સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક દષ્ટિથી અદ્‌ભુત રીતે વિચારી છે. આપણા અંતરમાંથી મોહનો અંધાપો દૂર થાય તો જ આપણને સાચું જ્ઞાન મળશે.

## સમ્યકજ્ઞાનની આરાધના કઈ રીતે કરશું ?

સમ્યકજ્ઞાન પદની આરાધનામાં આવા સમ્યક જ્ઞાનને પ્રાપ્ત કરી ચૂકેલા જ્ઞાની પુરુષોની, અને એ સમ્યકજ્ઞાનની પ્રાપ્તિ જેના દ્વારા થાય તેવા બધાં સાધનો અને આલંબનોની ભક્તિ કરવાની છે, એ બધા પ્રત્યે હૃદયનો બહુમાન ભાવ કેળવવાનો છે. તેમાંના કોઈપણ તત્ત્વની અશાતા ન થાય કે અવગણના ન થાય તેની તકેદારી રાખવાની છે. માત્ર "ૐ રીમ નમો નાણસ્ય" ની માળા ગણી લેવાથી કામ ન થાય. માળાઓ ગણાયા કરે ને જ્ઞાની પુરુષોની અશાતના થાય તો જ્ઞાન પ્રાપ્ત થશે નહીં.

ગીધ અને હંસ બંને ઊંચે ઊડે પણ બન્નેની દષ્ટિ અલગ છે. આપણે હંસ દષ્ટિ કેળવવાની છે.

બીજાઓના દોષોના મડદા જોવાના નથી અન્યથા ગુણોના મોતી ચરવા છે.

જ્ઞાનપંચમીના ઉપવાસની સાથે - નિંદાનો ઉપવાસ - અવર્ણવાદનો ઉપવાસ કરવાનો છે. અનાદિકાળથી કુસંસ્કારનું વિસર્જન કરવાનું છે.

## નિંદા કરવાથી આપણી સરસ્વતી લાજે

હવે બીજાની ખામી નહિ પણ ખૂબી જોવી છે. બીજાના દોષો જોવા તે અજ્ઞાન. બીજામાં રહેલા પરમતત્ત્વનું દર્શન કરવા તે જ્ઞાનનું કામ છે. જ્ઞાનપંચમીની આરાધના વખતે આપણે વરદત અને ગુણમંજરીને યાદ કરીએ છીએ. પૂર્વ ભવમાં તેમણે જ્ઞાનની અશાતના કરી જ્ઞાનદાતાની અશાતના કરી. જ્ઞાનનાં પુસ્તકોને બાળી નાખવાની કુચેષ્ટા કરી ને પછીના જન્મે તેને તેનું પરિણામ ભોગવવું પડ્યું.

ગુણમંજરી મૂંગી થઈ, વાક્શક્તિ હરાઈ ગઈ સરસ્વતી તેનાથી રૂઠી. કારણ કે મળેલી શક્તિનો દૂર ઉપયોગ કર્યો. અધ્યાપકોનું અપમાન કર્યું હતું. જ્ઞાનનાં સાધનોનો અનાદર કરી પાપબાંધ્યું, દૃષ્ટાંતમાંથી તત્ત્વજ્ઞાનના બિંદુને પકડી લેવાનું છે.

જ્ઞાન પ્રાપ્ત કરતાં જઈએ, જ્ઞાનપંચમીની આરાધના કરતાં જઈએ અને જગત પ્રત્યે જોવાની આપણી દૃષ્ટિ ન બદલાઈ જાય તો, અનાદિ કાળથી પડેલા આત્માના સંસ્કારમાં પરિવર્તન ન આવે તો વૃત્તિઓનું શુદ્ધિકરણ ન કરી શકીએ તો સમજવાનું કે સાચો જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો નથી, જે કાંઈ હશે કદાચ તે બૌદ્ધિક વૃદ્ધિ હશે, બૌદ્ધિક વૈભવ હશે. સાચું જ્ઞાન જ એ છે જે જગતથી આપણને પરામુખ બનાવે અને આત્માથી સન્મુખ બનાવે. બહિર્મુખ ચેતનાને અંતર્મુખ બનાવે તે જ સાચું જ્ઞાન. બહિરાત્મામાંથી અંતરઆત્મા બનાવીને પરમાત્મા તરફ આપણને સન્મુખ કરી દે તેનું નામ જ્ઞાન છે. શ્રીમદ્રાજચંદ્રે જ્ઞાનીની વ્યાખ્યા આપી છે.

સકલ જગત તે એંઠવત અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.

સાચા જ્ઞાનીની જગતના તમામ ભૌતિક પદાર્થો અને તુચ્છ ભોગસુખો પ્રત્યેની જ દૃષ્ટિ બદલાઈ જાય. જ્ઞાનનો પ્રકાશ જ્યારે અંતરમાં ખીલી ઊઠે ત્યોર જગતના ભૌતિક પદાર્થો એને તુચ્છ લાગે. અંતરમાં અદ્‌ભુત દિવ્યતા તેને પ્રાપ્ત કરી છે. ચૈતન્યનો સ્પર્શ કરી અનુભૂતિ મેળવી છે તેની સરખામણીમાં આ ભૌતિક પદાર્થો જગતના એંઠવાડ જેવા લાગે. તે જગતને સ્વપ્ન સમાન દેખે છે. બ્રહ્મસત્ય જગત મિથ્યાની દૃષ્ટિ હોય. બ્રહ્મ એટલે મારો આત્મા અને તેજ સત્ય બાકી સમગ્ર જગત મિથ્યા છે. આને કારણે રાગ અને દ્વેષની પરિણતીઓ સહજ રીતે શાંત થઈ જાય. સમત્વની પ્રાપ્તિ કરાવે તે જ સાચું જ્ઞાન.

પૂ. યશોવિજયજી મહારાજે જ્ઞાનનો પરિપાક આ રીતે બતાડ્યો છે :

વિકલ્પ વિષયોત્તિરણ સ્વભાવ લંબન સદા
જ્ઞાનસ્ય પરિપાકોય સસમસ્ત પકિર્તીત :

વિકલ્પના વિષયોથી ઉત્તીર્ણ બનીને સ્વભાવનું આલંબન, સ્વ એટલે આત્મા પોતે એટલે એનો જે ભાવ એટલે આત્માના ગુણો એની જે સહજ અવસ્થા એનો જે ક્ષાયિક ભાવ. આપણે કર્મના ઉદયથી હુંપણાના ભાવમાં જીવી રહ્યાં આપણી જાળમાં અટવાતા જઈએ છીએ.

સહજઅવસ્થા પમાડવા માટે દેહથી છૂટીને સ્વ પર કલ્યાણનું લક્ષ આપણે હજુ બાંધ્યું નથી. માટે આપણે જે કાંઈ પ્રવૃત્તિઓ કરીએ છીએ તે પ્રવૃત્તિઓ કેટલીકવાર આપણા માટે બંધન બની જતી હોય છે. આપણને થકવનારી બની જતી હોય છે.

જ્ઞાનનો પરિપાક તો સ્વભાવનું આલંબન છે. સમત્વ સિદ્ધ કરવાનું છે. પોતાના આત્મામાં સમત્વ કેળવવાનું છે અને જીવાત્માઓ પ્રત્યે પણ સમત્વ કેળવવાનું છે. પોતાના આત્મામાં વિષય અને કષાયની

વૃત્તિઓને શાંત કરી ઉપશમ ભાવમાં આવવાનું છે અને વિશ્વના તમામ જીવો પ્રત્યે સમાનતાની ભાવના. મારા જેવા વિશ્વના બધા જ આત્મા છે. બધાં જ જીવો સમાન છે. અહીં બીજાના દોષો જોયા કરવા કરતાં બીજાના ગુણો જોવાની દૃષ્ટિ કેળવવાની છે. જ્ઞાનનું પરિણામ સમ કહ્યું છે. જેના જીવનમાં સાચું જ્ઞાન પ્રગટે, જ્ઞાન પચે તો બે પરિણામ આવે સોપકર્ષ અને પરાપકર્ષ અને જ્ઞાનનું અજીર્ણ અપચો થાય તો પોતાને વિકૃતિ આવે છે, અહંકાર વધે અને બીજા જીવો પ્રત્યે તિરસ્કૃતિ આવે પરંતુ જ્ઞાન પચે તો પોતાનામાં ઉપશમભાવ એટલે શાંત થતો જાય બીજા જીવો પ્રત્યે સમત્વની ભાવના કેળવાય, તિરસ્કારની જગ્યાએ પ્રેમ આવે અને અહંકારની જગ્યાએ સમત્વ ભાવ આવે.

એક બાજુ જ્ઞાન મેળવતો જાય અને બીજી બાજુ વધુ અહંકારી બનતો જાય. હું જ્ઞાની છું, વિદ્વાન છું, વક્તા છું, વધુ સમજણવાળો છું એવો અહંકાર આવે અને અહંકાર અન્ય જીવો પ્રત્યેના તિરસ્કારમાં જ પરિણમે.

જ્ઞાન પચે તો અંદરમાંથી ઠરી જાય અને એમ ચિંતન કરે કે જ્ઞાન તો સાગર જેટલું છે મેં મેળવ્યું છે તે તો બિંદુ માત્ર છે. પોતાની વધુને વધુ અજ્ઞાનતાનું ભાન કરાવી આપે તે જ્ઞાન સાચું જ્ઞાન, જે પોતાની અજ્ઞાનતા પ્રત્યે સતત સભાન જાગ્રત હોય તે સાચો જ્ઞાની પૂર્ણતા તરફ જાય અધૂરા ઘડા જ હંમેશાં છલકાયા કરે. જ્ઞાનનું પરિણામ જ આ છે શાંત થઈ જવું. તેના અહંકાર વિષય કષાય શાંત થઈ જાય. ઉપશમ આવી જાય એ તેનું પહેલું પરિણામ અને બીજું પરિણામ સમાનતા,

સમતા અને સમાનતા બે જ્ઞાનનાં પરિણામ છે. અહંકાર અને તિરસ્કાર એ બે જ્ઞાનનાં અજીર્ણો છે.

જ્ઞાનપંચમીની આરાધના કરીને જ્ઞાનની વિકૃતિ ટાળવાની છે. અજીર્ણોથી મુક્ત થવાનું છે.

જ્ઞાનપંચમીની આરાધના કરીને માતા સરસ્વતીની કૃપા પ્રાપ્ત કરીને સદ્‌બુદ્ધિનો પ્રકાશ મેળવીને સમતા અને સમાનતા એ બે ભાવ વિસ્તારતાં ચાલવાનું છે. જ્ઞાનપંચમીની આરાધના આપણને આ એક જ પ્રેરણા આપે છે. જીવનમાં સમતા લાવો અને બીજા જીવો પ્રત્યે સમાનતાની આત્મોપમ્યની ભાવના લાવો, જ્ઞાનીઓ તેને જ્ઞાનનો પરિપાક કે મૈત્રીરૂપે ઓળખાવે છે.

એક ઉક્તિ છે કે સો શાણાનો એક મત. જ્ઞાની કરોડ ભેગા થશે તો તેની એક જ વાત હશે, અજ્ઞાની એક જ હોય તો તેની કરોડ વાત હોય અર્થ એ કે કરોડ જ્ઞાની ભેગા થાય તો તેનું એક જ સત્યવચન હોય અને એક અજ્ઞાની કરોડો જૂઠાણાં ચલાવી શકે.

જ્ઞાનીઓ માટે : સહુ સમાન એકમત

અભિવ્યક્તિ કદાચ ભિન્ન ભિન્ન હોઈ શકે પરંતુ અનુભૂતિ એક જ રહેશે.

જ્ઞાનીની એક જ વાત – પૂજ્ય યશોવિજયજીએ જ્ઞાનના પરિપાક રૂપે સમત્વની વાત કરી પૂ. વિજયવિજયજીએ મૈત્રીની આત્મોપમ્યની વાત કરી. રામાયણના રચયિતા સંત તુલસીદાસજી પાસે ક્યારેક કોઈક જિજ્ઞાસુ પહોંચી ગયો હશે. એ કરોડ જાતના લોક ને કરોડ જાતના મતો ફેલાવતા લોકો વચ્ચે અટવાઈ ગયો હશે એટલે સંત તુલસીદાસજીની પાસે જઈને પૂછ્યું હશેકે સ્વામીજી કાંઈ ખબર નથી પડતી બધાં જુદી જુદી વાતો કરે છે કેટલા મતો, ધર્મને નામે કેટલા બધા પંથો ચાલે છે આમાં કરવું શું ? સાચું શું ? અમારામાં સાચું જ્ઞાન આવ્યું ક્યારે કહેવાય ? અમે સાચો ધર્મ ક્યારે કર્યો કહેવાય ? અમારી બધી આરાધના સફળ થઈ ક્યારે કહેવાય, ત્યારે તુલસીદાસજીએ બધા જ્ઞાનનો નિચોડ આપતો એક દુહો કહ્યો :

સોઈ જ્ઞાની સોઈ ગુણી જન સોઈ દાતા ધ્યાની,
તુલસી જો કે ચિત્ત વઇએ રાગદ્વેષકી હાનિ.

ચિત્તમાં રાગદ્વેષના ભાવો જેના મંદ પડતાં જતાં હોય તેજ સાચો જ્ઞાની છે. રાગદ્વેષના ભાવોમાં હાનિ થતી હોય, તેવા ભાવો દુબળા પડતાં જતાં હોય તેજ ખરો જ્ઞાની છે. માત્ર થોથા વાંચવાથી જ્ઞાની બનાતું નથી માત્ર પલાંઠીવાળી આંખો મીંચીને બેસી જવાથી ધ્યાની બની જવાતું નથી સાચો જ્ઞાની કે ધ્યાની તે છે જેના રાગદ્વેષના ભાવો, ભલે સાવ મરી ગયા ન હોય, પણ મંદ જરૂર પડ્યાં હોય. જ્ઞાન ધ્યાન તો સાધન છે. સાધ્ય તો રાગદ્વેષની મંદતા છે. અહીં મૂળમાં શુદ્ધિની વાત કરી છે શુદ્ધિ વિનાની બુદ્ધિ કામની નથી. જ્ઞાનપંચમીની આરાધના વેળાએ પ્રભુને એ જ પ્રાર્થના કરવાની કે પ્રભુ આપે જેવો જ્ઞાનનો દિવ્યપ્રકાશ પ્રાપ્ત કર્યો, જ્ઞાનના પ્રકાશની સાથે જ આપે વીતરાગતાનો પ્રકાશ પણ પ્રાપ્ત કર્યો હતો, આવી જ શુદ્ધિપૂર્વકની બુદ્ધિ અમને પ્રાપ્ત થાય તે માટે આપનાં ચરણોમાં આવ્યો છું. આજના દિને દિવ્યદૃષ્ટિનું અંજન કરે તેવા ગુરુ મળે તેવો લાભ પ્રાપ્ત થાય. જ્ઞાનપંચમીને લાભપાંચમ પણ કહે છે. સમ્યક જ્ઞાનનો લાભ પ્રાપ્ત થાય સદ્‌ગુરુનો યોગ મળે તેવો લાભ થાય.

સત્‌શાસ્ત્રોનો યોગ મળે તેવો લાભ થાય, તેવી ભાવના ભાવવાની છે.

માત્ર પરમાત્માની પ્રાર્થના કરવા સાથે સાથે સત્‌જ્ઞાનની અધિષ્ઠાતા દેવીની કૃપા પણ આપણા પર વરસી જાય આપણાં જ્ઞાન પ્રાપ્તિનાં પુરુષાર્થમાં ક્યાંય અવરોધો ન આવે, જ્ઞાન અને જ્ઞાનપ્રાપ્તિનો એ પુરુષાર્થ આપણા અંતરમાં અહંકાર ન જગાડી દે, આપણું જ્ઞાન સમ્યકજ્ઞાન બની રહે એટલા માટે એવી સમ્યક દૃષ્ટિને પ્રાપ્ત કરી ચૂકેલી તે શ્રુતની અધિષ્ઠાયિકા દેવી માતા સરસ્વતીની પણ કૃપા આપણા માટે આવશ્યક બની જાય છે. સરસ્વતીની સાધના આપણે બુદ્ધિની સાથે બુદ્ધિ પ્રાપ્ત કરવા માટે કરવાની છે, એ સમ્યક દૃષ્ટિ દેવી છે. ગણધરોએ રચેલ દ્વાદશાંગી એ અધિષ્ઠાતા દેવી શ્રુતદેવી છે. એ દેવીની મીઠી નજર આપ્રણાં અંતરમાં જ્ઞાન - શ્રુતનો પ્રકાશ ફેલાવી દે. મા સરસ્વતી પાસે

માત્ર બુદ્ધિની માગણી નહિ, પરંતુ સત્‌માર્ગ અને સદ્‌બુદ્ધિ મળે તેવી પ્રાર્થના કરવાની છે. આ જ્ઞાનપંચમીની આરાધનાની ક્ષણે માતા સરસ્વતી આપણી માતા છે તેવો આપણામાં બાલ્યભાવ પ્રગટવો જોઈએ. બાલ્યભાવ એટલે અહંકાર મુક્ત નિર્દોષતા અને સરળતા, માટે બાળક જેવા બનીશું તો માતાની કૃપા વરસશે અને માતાનું રક્ષાકવચ મળશે.

આપણાં સૌ પર મા સરસ્વતીની કૃપા વરસો એ જ મંગલ ભાવના.

**(– પૂજ્ય જિનચંદ્રવિજયજી "બંધુત્રિપુટી"નાં પ્રવચનમાંથી સાભાર)**

●



# ૬. સરસ્વતી પ્રસાદ

વિશ્વવંદ્યા ! સદ્યવરદા ! ભક્ત વત્સલા !,
હે મા ભગવતી સરસ્વતી !
કેટલો બધો મીઠો મધુરો શબ્દ છે 'મા'
તારો 'મા' શબ્દ ઉચ્ચારતાં જ
મોં ભરાઈ જાય છે, હૈયું તૃપ્ત થાય છે,
ઇચ્છાઓ પરિતોષ પામે છે,
ઘણું બધું માંગવાનું મન હતું પણ 'મા'
તારી અસ્મિતા જ અતિ ભવ્ય છે કે
ઇચ્છાઓ - કામનાઓનું અસ્તિત્વ જ
વિલીન થઈ જાય છે, છતાંય તું
આપ્યા વિના રહી જ ન શકે તો...

- અમારા મોહકપાટને સદ્યભેદી, અજ્ઞાન-તમસ્-કુમતિનો સર્વથા વિનાશ કરજે.
- મનના વિકલ્પ - વિમોહ - વિકૃતિઓને દૂર કરજે.
- દિલની દુર્મતિ - દારિદ્ર - દીનતા દૂર કરજે.
- પાપ - તાપ - સંતાપ શમાવી શાંતિ - સમતા - સમાધિ આપજે.
- વિદ્યા - જ્ઞાન - બુદ્ધિ - પ્રજ્ઞાના પ્રકર્ષને આપજે.
- અખિલવિશ્વના સૌભાગ્ય કાજે નિઃસીમકરુણા - મૈત્રી - પ્રેમની પાવનગંગા, સમસ્તોકમાં અસ્ખલિત વહાવજે અને
- અનંત શક્તિ - સમૃદ્ધિ - સિદ્ધિનાં દ્વાર ઉઘાડી જાજવલ્યમાન આત્મજ્યોતિરૂપ કેવલજ્ઞાનની સાદ્યંત પ્રણેતા બનજે હો.

•



# ૭. હેમચંદ્રાચાર્યની સરસ્વતીસાધના

હેમચંદ્રાચાર્યના પિતા ચાચિંગ ધર્મનિષ્ઠ હતા અને માતા પાહિણીદેવી શીલગુણસંપન્ન લક્ષ્મીસ્વરૂપતા હતાં. તેમના માતાને ગર્ભાધાન સમયે એક સ્વપ્ન આવેલું. તેમાં તેઓ તે વખતે ધંધુકામાં બિરાજમાન આચાર્યશ્રી દેવચંદ્રસૂરિને પોતે ચિંતામણિરત્ન અર્પણ કરે છે તેમ જોવામાં આવ્યું હતું. પ્રબંધકોશમાં તેઓ ગુરુદેવચંદ્રસૂરિનાં ચરણમાં આમ્રફળ અર્પણ કરે છે તેવાં સ્વપ્નનો ઉલ્લેખ છે. પાહિણીદેવીએ પોતાના સ્વપ્નની વાત ગુરુદેવને કરી. તેમણે તેનો ફળાદેશ બતાવતાં કહ્યું કે "પાહિણીદેવી તમારા કુખથી પુત્રરત્નનો જન્મ થશે તે જૈન શાસનરૂપ સમુદ્રમાં કૌસ્તુભમણિની જેમ પ્રભાવક થશે." ગુરુદેવના વચન સાંભળી દેવી પ્રસન્ન થયાં અને ધર્મઆરાધનામાં વૃદ્ધિ કરતાં ગયાં.

વિ. સં. ૧૧૪૫ના કારતક સુદ પૂર્ણિમાની મધ્યરાત્રીએ ગુરુવાણી મુજબ પાહિણીદેવીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બારમા દિવસે બાળકનું નામ ચંગદેવ રાખવામાં આવે છે. ચંગદેવ પાંચ વર્ષનો હતો ત્યારે તેને લઈ પાહિણીદેવ ગુરુદેવનાં દર્શને ગયાં હતાં, ત્યાં ચંગદેવ બાળસુલભ ચપળતાથી ગુરુના આસન પર બેસી ગયો. ગુરુદેવે આ જોતાં પાહિણીદેવીને તેના સ્વપ્નની યાદ દેવડાવી અને બાળકનું મુખારવિંદ જોઈ સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે ભવિષ્ય ભાખતાં કહ્યું કે તમારા સ્વપ્નને અનુરૂપ તમારો આ કુળદીસપક જૈનધર્મનો વિશેષ પ્રભાવક થશે માટે આ બાળક શ્રમણસંઘને અર્પણ કરો. માતા પાહિણદેવીને પ્રથમ તો

કચવાટ થયો, પરંતુ શાસનની સર્વાંગી ઉન્નતિ માટે પોતાના પ્યારા પુત્રને દેવચંદ્રસૂરિનાં ચરણમાં અર્પણ કરી પોતે ધન્યતા અનુભવી. દેવચંદ્રસૂરિ બાળકને લઈ ધંધુકાથી ખંભાત તીર્થ ગયાં અને ત્યાં વિ. સં. ૧૧૫૦ના માઘ સુદ ૧૪ને શનિવારના રોજ તેમને મુનિદીક્ષા આપી. બાલમુનિનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું.

મુનિ સોમચંદ્ર વિદ્યાભ્યાસમાં આગળ વધે છે અને ગ્રંથોના પરિશીલનમાં નિમગ્ન રહે છે. તેમની દીક્ષાના શરૂઆતના સમયમાં તેમણે વર્તમાન પાટણથી ૭ કિ.મી. ઉના માર્ગે અત્યારના આધાર ગામે (જૂનું નામ અગ્રહાર હતું) નદીકિનારે માતા સરસ્વતીની મૂર્તિ છે ત્યાં લાંબો સમય ઉપાસના કરી હતી. હાલ આ મૂર્તિ નદીકિનારેથી આધાર ગામમાં લાવવામાં આવી છે અને વ્યવસ્થિત મંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આ ગામમાં તે "કુંવારિકા માતા" તરીકે પૂજાય છે. હજુ પણ દર વરસે ફાગણ સુદ ૧૪ના રોજ ઢોલ, ત્રાંસાં વાજિંત્રો સાથે મૂર્તિને નદી કિનારે તેના મૂળસ્થાને લઈ જવાય છે, જ્યાં બે દિવસ મેળો ભરાય છે અને આજુબાજુના પ્રદેશોમાંથી લોકો દર્શનાર્થે આવે છે. બે દિવસ બાદ ફાગણ વદ-૧ના રોજ વાજતેગાજતે વાજિંત્રો સાથે ગામના મંદિરે મૂર્તિને પાછી લાવવામાં આવે છે. વર્તમાન આધાર ગામના પૂજારી કહે છે કે અહીં કોઈ મોટા જૈનમુનિએ સરસ્વતીની સાધના કરી હતી તે જ અભિપ્રાય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડૉ. જગદીશ દવેનો છે.

થોડા સમયમાં મુનિ સોમચંદ્રની દિગ્ગજ વિદ્વાનોમાં ગણતરી થવા લાગી. તેમણે તર્કશાસ્ત્ર, ન્યાય, કવિતા, છંદ, સાહિત્યશાસ્ત્રની અનેકવિધ શાખાઓનું ગંભીર અધ્યયન કર્યું. મુનિ સોમચંદ્રેએ કાશ્મીર પ્રવરપુર નિવાસીની વિદ્યાષ્ઠાત્રી માતા સરસ્વતીદેવીની આરાધના કરવા જવાનો પોતાનો વિચાર ગુરુદેવ દેવચંદ્રસૂરિ સમક્ષ વ્યક્ત કર્યો. ગુરુદેવનો આદેશ મળતા મુનિવર્યે કાશ્મીર તરફ પ્રયાણ શરૂ કર્યું. પ્રવાસ કરતાં કરતાં મુનિ રાજસ્થાનમાં શિરોહી જિલ્લાના પિંડવાળ ગામથી ૩ કિ.મી .દૂર અઝારી ગામે આવ્યા ત્યાં બાવન જિનાલય છે, ત્યાંથી પોણો

માઈલ દૂર માતા સરસ્વતીનું જૂનું મંદિર છે, આજે પણ માતા સરસ્વતીની શ્યામ વર્ણની અને પાંચ ફૂટ ઊંચી મૂર્તિ છે. મુનિજી રાત્રિ મુકામ દરમિયાન જ્યારે ધ્યાનમાં બેઠા હતાં ત્યારે માતા સરસ્વતીએ પ્રસન્ન થઈ સાક્ષાત દર્શન દીધાં હતાં અને કહ્યું હતું "હું તમારા ઉપર પ્રસન્ન છું, તમારે લાંબે જવાની જરૂર નથી. હે વત્સ તમે જ્યાં હશો ત્યાં તમારી ઇચ્છા મુજબ સાહિત્યસર્જન કરી શકશો અને સર્વે ઇચ્છા પૂર્ણ થશે." આ સ્થળે મુનિએ એકવીસ દિવસનું અનુષ્ઠાન કર્યું હતું અને આજે પણ અનેક જૈન મુનિઓ ત્યાં સાધના કરવાં જાય છે. અઝારીના બાવન જિનાલયમાં આજે હેમચંદ્રાંચાર્યની મૂર્તિ છે.

મુનિશ્રી સોમચંદ્ર આ રીતે માતા સરસ્વતીની મહાન કૃપા પ્રાપ્ત થતાં, પ્રવરપૂર-કાશ્મીર તરફની યાત્રા અટકાવી ગુરુદેવ પાસે પાછા ફર્યા અને વિદ્યાભ્યાસમાં રત થઈ ગયા.

સમય જતાં સર્વ પ્રકારે તેમની યોગ્યતા જોતાં વિ.સ. ૧૧૬૬ના વૈશાખ સુદ ૩ના રોજ એકવીસ વર્ષની નાની વયે તેમની આચાર્યપદે નિયુક્તિ કરવામાં આવી. આચાર્યપદવી પ્રાપ્ત થતાં પરંપરા અનુસાર તેમનું નામ શ્રી હેમચંદ્રસૂરિ રાખવામાં આવ્યું, ત્યારે જ તેમના માતુશ્રી પાહિણીદેવી શ્રમણી દીક્ષાગ્રહણ કરી સાધ્વી થયાં અને તેમને પ્રવર્તિની સ્થાપના કરવામાં આવ્યાં. આચાર્યપદ મળતાં તેમની કિર્તી ચારે તરફ વિસ્તરવા લાગી.

પાટણ નરેશ સિદ્ધાર્થ, કવિ હેમચંદ્રાચાર્યના બુદ્ધિબળથી અને શીઘ્ર કવિત્વ - શક્તિથી અત્યંત પ્રભાવિત હતા. હેમચંદ્રાચાર્યને તેમણે રાજ દરબારમાં પધારવા આમંત્રણ આપ્યું ત્યારથી સિદ્ધાર્થ મહારાજા સાથે ઘરોબો વધતો ગયો અને સમય જતાં તે રાજનના ખાસ સલાહકાર તરીકે ગણાવા લાગ્યા અને રાજ્યમાં તેમની વગ વધતી ગઈ.

ગુર્જરનરેશ સિદ્ધરાજે માલવ દેશ ઉપર વિજય મેળવ્યો ત્યારે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી, પરંતુ સરસ્વતી વિનાની સંપત્તિ તેમને ખિન્નતા આપતી હતી, કારણ કે માલવરાજનું મૂલ્યવાન સાહિત્ય તેમની

શોભા અને યશકીર્તિમાં અભિવૃદ્ધિ કરતું હતું, તેવું ગુજરાતમાં ત્યારે ન હતું. માલવાના ગ્રંથભંડારો જોતા રાજને તેના એક મહાન ગ્રંથ તરફ નજર કરી પૂછ્યું. "આ શું છે ?" ગ્રંથપાલે જણાવ્યું આ રાજા ભોજનું સ્વરચિત "સરસ્વતી કંઠાભરણમ્" નામનું વ્યાકરણ છે. વિદ્વતશિરોમણિ ભોજરાજા શબ્દશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, નિમિત્તશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર આદિ ગ્રંથોના વિદ્વાન રચનાકાર છે. પ્રશ્નચુડામણિ, મેઘમાલા, અર્થશાસ્ત્ર વ. ગ્રંથોની રચના તેમણે કરી છે. રાજન સિદ્ધરાજ વિદ્યાપ્રેમી હતા જ, પોતાની ઓછપ દૂર કરવા તેમણે રાજ્યમાંથી સર્વ વિદ્વાનોની સભા બોલાવી અને સર્વેની દૃષ્ટિ હેમચંદ્રાચાર્ય ઉપર સ્થિર થઈ. રાજાએ આચાર્યશ્રીને લોકોપકાર માટે નવા વ્યાકરણની રચના કરવા વિનંતી કરી. તેમણે તે સહર્ષ સ્વીકારી અને જોરદાર તૈયારી કરી. આચાર્યશ્રીના કહેવાથી રાજને કાશ્મીર પ્રદેશાંતર્ગત પ્રવરદેશના ભારીય કોષમાંની આઠ વિશાળ વ્યાકરણની પ્રતો મંગાવી. આ ગ્રંથો લાવવા માટે ઉત્સાર નામના પંડિતને મોકલવામાં આવ્યા હતા. વ્યાકરણગ્રંથનું ગંભીર અધ્યયન કર્યા બાદ આચાર્યશ્રીએ પંચાગપૂર્ણ ઉત્તમ વ્યાકરણગ્રંથની પ્રાકૃત-સંસ્કૃતમાં રચના કરી. તે મહાન ગ્રંથમણિ એટલે "સિદ્ધહેમશબ્દાનુશાસનમ્." આ ગ્રંથ પૂર્ણ થતાં તેને હાથીની ઉપર સોનાની અંબાડીમાં પધરાવી નગરમાં ફેરવવામાં આવ્યો હતો. આ ગ્રંથથી સાહિત્ય ધન્ય થઈ ગયું અને રાજનની અને આચાર્યની કીર્તિ દેશ-પરદેશમાં ફેલાઈ. વિદ્વાનોએ, પંડિતોએ અને રાજપુરોહિતોએ ત્રણ વરસ તેનો અભ્યાસ કરી તેને પ્રમાણિત કર્યો. રાજા સિદ્ધાર્થે સાતસો લહિયાઓ રાખી તેની પ્રતિલિપિઓ તૈયાર કરાવી. અંગ, બંગ, કલિંગ, લાટ, કર્ણાટક, કોકણ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, વત્સ, કચ્છ, માલવ, સિંધુ, સૌવિર, નેપાળ, પારસ, મુરંડ, હરદ્વાર, કાશી, ગયા, કુરુક્ષેત્ર, કાન્યકુબ્જ, ગૌડ, કામરૂપ, સપાદલક્ષ, સિંહલ, જાલંધરી, કૌશિક આદિ અનેક પ્રદેશોમાં મોકલી તેનો પ્રચાર કર્યો.

આચાર્યશ્રી જ્ઞાનના ભંડાર હતા. તેમણે વિપુલ પ્રમાણમાં વિવિધ ગ્રંથોની રચના કરી છે અને સાહિત્યના દરેક વિષયમાં શ્રેષ્ઠતમ સર્જન

કર્યું છે. તેમની રચનાઓ સાડાત્રણ શ્લોક પ્રમાણ કહેવાય છે. તેમ રાજશેખરજી લખે છે અને પટ્ટાવલીમાં પુનઃ પુનઃ પુનઃ તેનો ઉલ્લેખ કરવામાં આવે છે. હેમાચંદ્રાચાર્યની અપરિમિત જ્ઞાનશક્તિથી પ્રભાવિત થઈ તે સમયના સર્વધર્મના વિદ્વાનોએ એક થઈ તેમને "કલિકાલ સર્વજ્ઞ"ના બિરુદથી નવાજ્યા હતા.

હેમચંદ્રાચાર્યનો પ્રભાવ રાજાધિરાજ તથા સામાન્ય પ્રજાનજપર્યંત પણ હતો, કારણ કે તેઓ જેટલા વિદ્વાન હતા તેટલા જ નમ્ર પણ હતા. ગિરનારની

યાત્રા સમયે તેમણે પોતાની સ્તુતિ બોલી હતી અને કહ્યું હતું કે મારા પુરોગામીઓની કૃતિ મહાન અર્થયુક્ત છે, જ્યારે મારી રચના અશિક્ષિતની આલાપકલા જેવી છે.

"સિદ્ધ હૈમશબ્દાનુશાસન" પ્રાકૃત અને સંસ્કૃત વ્યાકરણ છે. તેમાં ૪૬૮૫ સૂત્રો છે. "અભિધાન ચિંતામણિ" તેમના દ્વારા રચાયેલો વિશદ કોષ છે. તેમાં છ કાંડ તથા ૧૦,૦૦૦ શ્લોક છે. તેમાં એક એક વસ્તુના અનેક પર્યાયવાચી સંસકૃત નામોનો ઉલ્લેખ છે. તે ઉપરાંત તેના પરિશિષ્ટમાં ૨૦૪ શ્લોકોની રચનાઓ છે. "અનેકાર્થ સંગ્રહકોષ"માં એક શબ્દના અનેક અર્થ આપેલા છે. "નિઘંટકોષ"માં વનસ્પતિશાસ્ત્રને લગતા છ પ્રકારના શબ્દસમૂહ આપવામાં આવ્યા છે. તેમાં વૃક્ષ, ગુલ્મ, લત્તા, શાક, તૃણ અને ધાન્ય વિષે વિશેષ માહિતી તેમ જ વિશ્લેષણ કરવામાં આવ્યું છે. હેમચંદ્રાચાર્ય નિઘંટુ પ્રકારના છ કોષ તૈયાર કર્યા હતા, તેમાંથી આજે ફક્ત ત્રણ જ ઉપલબ્ધ છે. તેમાં બેમાં વનસ્પતિ વિષે અને એકમાં રત્ન તથા કિમતી પથ્થર વિષે શબ્દકોષ આપ્યો છે.

'કાવ્યાનુશાસન' એ તેમનો અલંકારશાસ્ત્રનો ગ્રંથ છે અને તેના ઉપર 'અલંકાર ચુડામણિ' નામની નાની અને 'વિવેક ચુડામણિ' નામની વિસ્તૃત એમ બે ટીકાઓ લખી છે. આ ગ્રંથમાં નાટ્યશાસ્ત્ર પણ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે, જેમાં તેમણે ગુણના પ્રકાર શબ્દાલંકાર, અર્થાલંકાર, નાયક-નાયિકાનો ભેદ તથા લક્ષણ આપ્યાં છે. વિવિષ વિષયોની છણાવટ કરી છે.

"છંદાનુશાસન"માં તેમણે ૭૬૪ સૂત્રોમાં જુદા જુદા ચારસોથી વધારે છંદોના બંધારણની ચર્ચા કરી છે. તેના પ્રયોગો સમજાવવા અસાધારણ ગ્રંથ છે. પ્રમાણમીમાંસામાં પ્રમાણ લક્ષણ, પ્રમાણ વિભાગ, પરોક્ષ લક્ષણ, પારાર્થાનુમાન, હેત્વાભાસ, વાદલક્ષણ વ.ની પારિભાષિક ચર્ચા જૈન સૂત્ર સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી કરવામાં આવી છે.

"દ્વયાશય મહાકાવ્ય" એ ઈતિહાસ અને વ્યાકરણનો સુમેળ બેસાડી સંપૂર્ણ સોલંકી વંશના સુવર્ણકાળ એટલે મૂળરાજ સોલંકીથી કુમારપાળના સમય સુધીનો યુગનો ઈતિહાસ આલેખે છે. સિદ્ધહેમ વ્યાકરણના નિયમોના ઉદાહરણ સાથે કથાવસ્તુ લઈ આ મહાકાવ્યની રચના થઈ છે.

"યોગશાસ્ત્ર" ગ્રંથની રચના ખાસ કુમારપાલ રાજાની વિનંતીથી કરવામાં આવી હતા. તેમાં લખાયેલાં શાસ્ત્રો, સદ્‌ગુરુની વાણી તેમ જ પોતાના આત્માનુભવનો આધાર લઈ વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં પતંજલિ યોગસૂત્રના અષ્ટાંગયોગ, સાધુનાં મહાવ્રતો અને ગૃહથવાં બાર વ્રતોનો સુંદર સમન્વય કર્યો છે. કુમારપાળ રોજ સવારે યોગશાસ્ત્ર સ્વાધ્યાય કર્યા બાદ જ દંતધવન કરતા હતા અને આજે પણ જૈનમુનિઓ આ ગ્રંથનો ઉત્કંઠાથી અભ્યાસ કરે છે.

"ત્રિષષ્ટિશલાકા મહાપુરુષ ચરિત્ર" નામક તેમનું મહાકાવ્ય ૩૬૦૦૦ શ્લોકોનો મહાન ગ્રંથ છે. તેમને મહાકવિનું બિરુદ મળેલું. શલાકાપુરુષ એટલે જ મહાપુરુષના મોક્ષ વિષે કોઈ શંકાને સ્થાન નથી તેને શલાકાપુરુષ કહેવામાં આવે છે. આવા શ્રેષ્ઠ શલાકાપુરુષ એટલે ભગવાન ઋષભદેવથી મહાવીર સ્વામી સુધીના ચોવીસ તીર્થંકર, ભરત સહદેવ, સગર, સનતકુમાર, આદિ બાર ચક્રવર્તીઓ, રામ, કૃષ્ણ, વ. વાસુદેવો અને રાવણ જરાસંઘ વ. નવ પ્રતિવાસુદેવો તથા લક્ષ્મણ, બળભદ્ર, વ. નવ બળદેવ. આ પ્રમાણે કુલ ૬૩ શલાકાપુરુષોના પૂર્વ ભવોની વિગતો આ મહાકાવ્યમાં અપાઈ છે.

આ સમગ્ર ગ્રંથ એક મહાસાગર જેવો છે, કારણ કે તેમાં ફક્ત જીવનચરિત્રો નહીં, પરંતુ ચરિત્રનાયકોના વખતમાં તેમના રાજ્યની વ્યવસ્થા, સ્થળ અને કાળનું વિગતે વર્ણન, ભૂગોળ, ખગોળ, ઋતુઓ,



ભક્તવત્સલા
મા ભગવતી સરસ્વતી દેવી
(તાંબાના વાયરમાંથી બનાવેલી)
આર્ટીસ્ટ :- બુદ્ધિધનભાઈ


ऐँ
મૂળ બીજ મંત્રમાં વિરાજમાન
શ્રી સરસ્વતી દેવી
"દીઠી દીઠી અમૃત ઝરતી અંગ પ્રત્યંગ દેવી,
મીઠી મીઠી સકલ જનની માત વાગીશ્વરીજી,
લીધી લીધી ચરણ યુગની સેવના પુણ્યકારી,
કીધી કીધી અંતઃકરણથી વંદના ભાવધારી."

સમાજવ્યવસ્થા, ધાર્મિક, સામાજિક, ઉત્સવો ઇત્યાદિનો ચિતાર મળે છે. ઉપરાંત બીજી અનેક નાની મોટી પૌરાણિક કથાઓ - આખ્યાયિકાઓનો તેમાં સમાવેશ થયો છે.

તેમાં તત્ત્વજ્ઞાન, જૈન તેમજ ઇત્તર પરંપરાનો ગહન ઇતિહાસ, સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. એમની મહાન કૃતિને દરેક જૈન શ્રમણભગવંત એક ગ્રંથરત્ન તરીકે સ્વીકારે છે અને તેનો સ્વાધ્યાય કરે છે. આવા હેમાચંદ્રાચાર્યે અનેક ગ્રંથરત્નોનો અમૂલ્ય અજાનો જગતને આપી જ્ઞાનનો અદ્‌ભૂત વારસો આપ્યો છે. પાટણ તે સમયે વિદ્વાનોનું આશ્રયસ્થાન હતું અને ઘણા ધુરંધર શિષ્યો તેમણે તૈયાર કર્યા હતા. તેમની કૃતિઓ પણ સાહિત્યજગતમાં અમરસ્થાન પામી છે. આવા યુગ પ્રવર્તક કલિકાસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિ. સં. ૧૨૨૯ (ઇ.સ. ૧૧૭૩) માં ૮૪ વર્ષની ઉંમરે પાટણમાં કાળધર્મ પામ્યા. તેમના મૃત્યુની જાણ છ મહિના અગાઉ થઈ હતી. તે તેમણે કુમારપાળને તેમજ ગુરુબંધુ પ્રદ્યુમ્નસૂરિને કરી હતી અને છેલ્લે તેમણે અનશનવ્રત અંગીકાર કરેલું. જે જગ્યાએ તેમની અંત્યેષ્ટિ સંસ્કાર કરવામાં આવ્યા હતા ત્યાંથી રાજા કુમારપાળે ભસ્મ લઈ માથે ચડાવેલી. હજારો મુનિઓએ રાજા કુમારપાળનું અનુકરણ કર્યું અને તેની રજ માથે ચડાવી હતી. એ સ્થાને તેથી ખાડો થઈ ગયો જે "હેમ ખાડા" તરીકે આજે પણ પાટણમાં જાણીતો છે. આચાર્યશ્રી અલૌકિક પ્રતિભાથી પરિપૂર્ણ હતાં. તેમના સમયમાં જૈન ધર્મ જ નહીં, સમગ્ર ભારતીય સંસ્કૃતિ પ્રાણવાન બની ગઈ હતી, એટલે જ તેઓ યુગપ્રવર્તક તરીકે ઓળખાયા હતા.

આવા અનન્ય, અપૂર્વ, પ્રતિભાસંપન્ન, સમર્થ સાહિત્યકાર, પ્રકાંડ પંડિત, મહાન યુગ પ્રવર્તક, કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યની સરસ્વતી સાધના ચિરસ્મરણીય રહેશે.

**— પ્રમેશ ગાંધી 'પદ્મનાભ'**

●



# ૮. શ્રુતાધિષ્ઠાત્રીની ઉપાસનાથી સંમ્યક્ત્વ પ્રગટાવીએ

પ્રત્યેક વ્યક્તિને પોતાના જીવનમાં કોઈકને કોઈક ઈષ્ટ તત્ત્વ હોય છે. એ જે ઈષ્ટની ઉપાસના કરે છે. જે ભાવે ઉપાસના કરે છે તે ભાવે ઈષ્ટનું એ તત્ત્વ વ્યક્તિમાં સંક્રાન્ત થાય છે. વિનિયોગ પામે છે. ઉદાહરણ તરીકે ભગવાન મહાવીરનું તપ ઉત્કૃષ્ટ કોટિનું હતું. તેથી તેના ઉપાસકમાં ઉતકૃષ્ટ તપ કરવાની શક્તિ આવે છે. વ્યક્તિની શરીરની શક્તિ મર્યાદિત હોવા છતાં તે, તે કરે છે. તે એ ઉપાસ્યતત્ત્વનો પ્રભાવ છે. ઉપાસનાશક્તિ કરતાં ઉપાસ્યશક્તિ ખૂબ જ સક્રિય હોય છે. ચિરકાળ ટકનારી હોય છે પણ તેની ઉપાસના સદ્યઃ લાભદાયિની બની રહે છે.

આ ઉપાસના પૂજા સામાન્ય રીતે ચાર પ્રકારે થતી હોય છે. પુષ્પપૂજા, વંદનપૂજા સ્તવનપૂજા ધ્યાનપૂજા. આ ચાર શ્રેષ્ઠ ધ્યાનપૂજા છે. તેના બે પ્રકાર છે. આલંબનધ્યાન અને નિરાલંબનધ્યાન. આલંબનધ્યાન બે પ્રકારે છે. આકૃતિધ્યાન અને અક્ષરધ્યાન, આકૃતિધ્યાનથી પ્રારંભ થાય છે. પછી તેટલો જ આનંદ અક્ષરધ્યાન દ્વારા આવે છે. આકૃતિધ્યાન - અક્ષરધ્યાન જેવું જ એક ખૂબ જ અસરકારક વર્ણધ્યાન છે. તે તે કાર્ય માટે તે તે વર્ણનું ધ્યાન તે તે કામ કરવા શીઘ્ર સમર્થ બને છે. આ વર્ણવિજ્ઞાન (કલર સાયન્સ) એ તો સ્વતંત્ર વિષય છે.

તે તે રોગને દૂર કરવા સૂર્યનાં કિરણોને તે તે વર્ણમાં રૂપાંતરિત કરીને દર્દી જો તેનું સેવન કરે તો એ રોગ નિર્મૂળ થયાના દાખલા નોંધાયા છે. પરમતત્ત્વ વિષયક હોય તો તે પરમાત્મજ્યોતિ કહેવાય છે અને સરસ્વતીદેવીનું હોય તો તે સારસ્વતધ્યાન કહેવાય છે.

આ જ રીતે આલંબનધ્યાન પ્રતિધાન પણ બે પ્રકારે છે. સંભેદપ્રણિધાન અને અભેદ પ્રણિધાન. એ ઇષ્ટ તત્ત્વનું જ સર્વત્ર દર્શન થાય તે સંભેદપ્રણિધાન અને સ્વ (આત્મા)માં ઇષ્ટ તત્ત્વનું દર્શન થાય - અદ્ભૂતિ થાય તે અભેદપ્રણિધાન.

મહાકવિઓ સિદ્ધસેનાદિવાકરજી - કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી - કવિ કાલિદાસ વગેરેને અભેદપ્રણિધાન સિદ્ધ થયું હશે. એમ અનુમાન થાય છે.

ક્યારેક નામ - જપ કરતાં પણ સ્તોત્ર પાઠ સદ્યઃ ફલદાયી નીવડે છે. કેટલાકના મનમાં પ્રશ્ન થાય છે. આપણને જ્ઞાન ચઢતું નથી બુદ્ધિમાં જડતાનું પ્રમાણ વધારે છે. તેવા સંયોગોમાં શ્રી સરસ્વતી દેવીની ઉપાસના કેવી રીતે લાભ કરે ? આનો તાર્કિક તર્કસિદ્ધોત્તર પૂજ્યપાદ ઉપાધ્યાયજી મ.સા. શ્રી યશોવિજયજી મહારાજાને આપ્યો છે. આ રહ્યો તે ઉત્તર :

> न च देवताप्रसादान् अज्ञानोच्छेदासिद्धिः
> तस्य कर्म विशेष विलयाधीनत्वादिति वाच्यम्
> देतताप्रसादस्यापि क्षयोपशमाधायकत्वेन तथात्वात्,
> द्रव्यदिकं प्रतीत्य क्षयोपशमप्रसिद्धेः (अेन्द्रस्तुतिवृत्ति)

દેવતાના પ્રસાદથી અજ્ઞાનનો ઉચ્છેદ નહીં થાય એવું નથી કેમ કે અજ્ઞાન તો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને આધીન છે (તો પ્રશ્ન એ છે કે દેવતાના પ્રસાદથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કેવી રીતે થઈ શકે) દેવતાના પ્રસાદથી કર્મનો ક્ષયોપશમ થઈ શકે છે, જેમ બ્રાહ્મી વગેરે ઔષધિ દ્રવ્યથી ક્ષયોપશમ થઈ શકે છે તેમ, અને એ

વાત તો પ્રસિદ્ધ છે જ. આ બહુ જ તર્કસંગત ઉત્તર છે

વળી, આ સરસ્વતીદેવી તો શ્રી સૂરિમંત્રના પાંચમા પહેલી પીઠના અધિષ્ઠાયિકાદેવી છે અને આ રીતે પણ ને ઉપાસ્ય બની રહે છે. એથી આ સ્તોત્ર સમૂહનો નિર્મળ મનથી પાઠ કરીને તેનું શ્રવણ કરીને, મનન કરીને પોતાના શ્રુતનો એવો ક્ષયોપશમ વિકસાવે છે કે તેનાથી સમ્યગ્દર્શન નામના આત્માના અવરાયેલા મહાન ગુણનું પ્રગટીકરણ થાય એ જ એક હૃદયની અભિલાષ સાથે.

**(આ શ્રી વિજયહેમચંદ્રાસૂરિ પદપંકજ મધુકર પૂજ્ય પ્રદ્યુમ્નસૂરિ - મહારાજસાહેબના લેખમાંથી સાભાર)**

•

જેમ માનસરોવર ઉપર હંસલાઓ આવેછે, ઉતરે છે, મોતીનો ચારો ચરેછે, એમ જ્ઞાનીપુરુષો જ્યાં જ્યાં જતા હશે ત્યાં ત્યાં શુભ તત્ત્વોનો જ આસ્વાદ લેતા હશે.





# ૯. જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે.

આત્માની મિથ્યાત્વદશાને અજ્ઞાનભાવ કે અબોધભાવ કહે છે. વિભિન્ન દાર્શનિક પરંપરા એને વિવિધ સ્વરૂપે ઓળખાવે છે. સાંખ્ય એને 'દિદશા' કહે છે. શૈવો એને 'ભવબીજ' કહે છે. વેદાંતીઓ એને ભ્રાંતિરૂપા 'અવિદ્યા' કહે છે. બૌદ્ધો એને અનાદિ ક્લેશરૂપ વાસના કહે છે અને જૈનો તેને 'મિચ્યાત્વ અજ્ઞાન' અથવા 'અબોધ' કહે છે.

અનાદિ સંસારનું મૂળ અજ્ઞાન છે.

જ્ઞાની અને અજ્ઞાનીની ચેષ્ટા બાહ્યથી જોતાં ઘણી સામ્યવાળી લાગતી હોવા છતાં આંતરિક રીતે તફાવત હોય છે. જ્ઞાનીને. ઓળખવા માટે દૃષ્ટિ હોવી જોઈએ, જ્ઞાની-અજ્ઞાનીના ભેદ પારખવા માટે બળવાન પાત્રતાની આવશ્યકતા હોય છે.

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મો, જ્ઞાની તેમજ જ્ઞાની બન્નેને ભોગવવાં તો પડે જ છે, તે કર્મના ફળરૂપે શાતા પણ આવે અને અશાતા પણ આવે. પ્રવૃત્તિ પણ આવે અને નિવૃત્ત પણ આવે. દુઃખ રોગ આવે ને નીરોગીપણું પણ આવે. લાભ થાય, નુકસાન પણ થાય. એટલે પૂર્વે જેવાં કર્મ કર્યાં હોય તેનું ફળ જ્ઞાની અને અજ્ઞાની બન્નેને સરખું જ મળે છે પરંતુ આમાં જે કાંઈ તફાવત છે તે ફળને સ્વીકારવાની

રીતમાં જોવા મળે છે. અજ્ઞાની જીવને સુખશાતા આવે, લાભ વગેરે જેવા શુભ કર્મના ઉદય આવે ત્યારે ખૂબ આનંદ થાય અને તેમાં તે રાગ કરે છે. એથી ઊલટું જો અશાતા આવે, પ્રતિકૂળતા વગેરે અશુભ કર્મના ઉદયમાં તેને બહુ શોક થાય છે. તેમાંથી તે છૂટવા પ્રયત્ન કરે છે, અને તેમાંથી ક્યારેક તે આર્તધ્યાનમાં ઊતરી પડે છે. એટલે અજ્ઞાની જીવ તીવ્રપણે રાગ કે દ્વેષને અનુભવે છે પરંતુ જ્ઞાનીનું વર્તન અજ્ઞાની કરતા જૂદું હોય છે. તેમને સુખ-શાતા કે ઈષ્ટ પ્રાપ્તિના પ્રસંગોમાં કે તેનો વિયોગ થાય ત્યારે અનિષ્ટ ચીજનો યોગ થાય કે તેનાથી છુટકારો મળે. દુઃખ મળે. શુભ - અશુભ કર્મના ઉદય વખતે તે સમભાવે રહે છે. એટલે શુભ કર્મના ઉદયથી તે હર્ષિત થતા નથી કે અશુભ કર્મના ઉદય વખતે વ્યાકુળ બનતા નથી. તેમને રાગ કે દ્વેષ વર્તતા નથી. ગમે તે સંજોગોમાં જ્ઞાની સમભાવે રહે છે. અજ્ઞાનીના કર્મનો ભોગવટો ભવિષ્યના સંસારને વધારનારો બને છે જ્યારે જ્ઞાની માટે તે કર્મનિર્ઝરાનું કારણ બને છે.

જે વસ્તુનું સ્વરૂપ જણાય તે જ્ઞાન અને મિથ્યાત્વ સહિતનું જ્ઞાન તે અજ્ઞાન, ગુરુ કે સત્પુરુષના આશ્રયથી સત્યનું જ્ઞાન થાય છે. સત્પુરુષના યોગોથી આવેલું સત્ અસત જાણવાનું વિવેકજ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. આ વિવેકજ્ઞાનથી જ ધર્મ ટકે છે.

મહાત્મા પતંજલિએ કહ્યું છે, માનવમાત્રમાં આત્મસ્વભાવની પ્રાપ્તિની ઝંખના જાગે તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. એ સિવાયનો જ્ઞાનનો અભ્યાસ બુદ્ધિનું અંધપણું છે. આત્મપ્રાપ્તિનો પુરુષાર્થ પ્રબળ બને તેવું જ્ઞાન જ કલ્યાણકારી છે.

એક બાજુ ગ્રંથોનું અધ્યયન કરવાનું વધે અને બીજી બાજુ ભૌતિક આસક્તિ વધતી જાય. રસ, ઋદ્ધિ અને શાતાની લોલુપતા વધતી જાય. તે અભ્યાસનો અર્થ નથી.

જ્ઞાન તો એવું ઝંખીએ કે જે જ્ઞાન ભગવાન સુધર્માસ્વામીજીએ જંબૂકુમારને આપ્યું. એ જ્ઞાને જંબૂકુમારમાં આત્મસ્વરૂપની પ્રાપ્તિની

તીવ્ર અભિલાષા જગાવી દીધી. ખંધકઋષિએ પાંચસો શિષ્યોને જ્ઞાન આપ્યું કે જેણે ઘાણીમાં પીલાતા પણ સમતા અમૃતનાં પાન કર્યા. ઘણા ગ્રંથો ભણી લઈ, હકીકતોના વિશાળ ભંડોળ એકઠાં કરી લેવા અનિવાર્ય નથી. નિર્વાણસાધક એકાદ પંક્તિ, એકાદ પદ, એકાગ્ર ગ્રંથ કે એકાદ પ્રકરણનું પણ ઊંડાણથી અધ્યયન કરીએ તો પણ તે અધ્યાત્મ ઉત્થાન માટે પ્રેરક બની જાય છે.

સત્શાસ્ત્રો અને સદ્ગુરુમાં શ્રદ્ધા સાથે તત્ત્વનું પરિશીલન હૃદયમાં ઉલ્લાસિત ભાવો જગાડશે. જેમ જેમ તત્ત્વચિંતનની ચિત્તમાં રમણતા થતી જાય તેમ તેમ કષાયોનો ધમધમાટ શમવા લાગે. અજ્ઞાન ઓળખવાનો પુરુષાર્થ આપણા જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર કરી દેશે.

ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું છે કે "એક પણ મોક્ષસાધક પદ વારંવાર વિચારાય તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. ઘણા જ્ઞાન માટે કે ઘણા અભ્યાસ માટે આગ્રહ નથી."

એક નાનકડી પંક્તિનું જેની પાસે જ્ઞાન હતું, તેવા આત્માઓ તરી ગયા. જૈનકથાનકમાં આવતું પ્રસિદ્ધ માસતુષ મુનિનું ઉદાહરણ આ સંદર્ભની પુષ્ટિ કરે છે.

એક ગુરુના અનેક વિદ્વાન શિષ્યોમાં એક જડમતિ શિષ્ય પણ હતો. કાંઈ જ્ઞાન એ ગ્રહણ ન કરી શકે, બરાબર ભણી ન શકે, બધા તેનાથી નારાજ હતા. તે એક શબ્દ પણ કંઠસ્થ કરી શકે નહિ. તેથી બધા તેની મજાક ઉડાવે. કલ્યાણમિત્ર ગુરુ બધાને કહેતા કે ભાઈ ! આ ઉત્તમપાત્ર છે તેની મશ્કરી ના કરશો. પેલા શિષ્યે ગુરુજીને પ્રાર્થના કરતા કહ્યું કે, 'ગુરુજી મને વધુ કાંઈ આવડે તેવી શક્યતા નથી' મને બે શબ્દ આપ કહો તો તે બે શબ્દ ગોખી ગોખીને હું કંઠસ્થ કરવાનો પ્રયત્ન કરું અને તે વાતનો અમલ પણ કરું.

આ શિષ્યને ગુરુ ભગવંતે એક નાનકડું પણ આપ્યું : 'મા રુષ... મા તુષ' - કોઈ પર રાગ ન કર, કોઈ પર દ્વેષ ન કર. સમતાથી દુનિયા જે રીતે છે તે રીતે જોયા કરે. કોઈપણ ઉપર રાગ

દ્વેષ કર્યા વિના જે મળે છે તેમાં ચલાવ્યા કર.

શિષ્યની સ્મરણશક્તિ અલ્પ હતી. મા રુષ્ટ... મા તુષ્ટ, મા રુષ્ટ... મા તુષ્ટને બદલે મા તુષ્ટને બદલે માસતુષ રટણ કરવા માંડ્યું. સહપાઠીઓએ મશ્કરીમાં તેનું નામ માસતુષ રાખી દીધું.

આ માસતુષ મુનિ સરળ હતા. ગુરુની આજ્ઞા સહજ રીતે સ્વીકારી લીધી હતી. કોઈ પર રાગદ્વેષ કરતા નહિ, આ મુનિરાજ કોઈના ઘરે ડાયરી (ભિક્ષા) માટે ગયા. તે ઘરે એક બહેન અડદ સાફ કરતી હતી. અડદ પરથી ફોતરા ઉતારતા હતા. અડદ ઉપરના ફોતરા કાળા અને અંદર અડધ સફેદ. મુનિની ચિંતનધારા અંદર તરફ ચાલી. માસ એટલે અડદ અને તુષ એટલે ફોતરા. આ ફોતરાને કારણે જ અડદ કાળો છે અડદ હકીકતમાં કાળો નથી. અડદની જે કાળાશ છે, તે તેના ફોતરાને કારણે, તેવી જ રીતે મારો આત્મા તો ઊજળો દૂધ જેવો છે. આ મારા આત્મા ઉપર જે કર્મનું આવરણ છે. તે જ મારા આતમાને ભવભ્રમણમાં - ચાર ગતિના ફેરામાં રખડાવે છે... અંદરમાં એક ઝબકારો થયો, અજ્ઞાનનાં આવરણો તૂટી ગયાં. ત્યાં જ તેમનો કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી ઉઠ્યો.

ગુરુજીએ પોતાના તમામ શિષ્યોએ માસતુષ મુનિની પૂર્વે મશ્કરી કરી હતી તે બદલ ક્ષમાયાચના કરી, વંદના કરવા કહ્યું, અને જણાવ્યું આપણા બધા કરતાં મુક્તિમાર્ગની યાત્રામાં એ આગળ નીકળી ગયા છે માટે તેનાં ચરણોમાં પડો, તો કલ્યાણ થશે.

માસતુષ મુનિને ગુરુ મહારાજે નિર્વાણસાધક એક જ પદ આપ્યું હતું પરંતુ સદ્‌ગુરુમાં શ્રદ્ધા સાથે એ મહામુનિએ બાર વર્ષ સુધી એક જ પદને વિચાર્યું, પરિશીલન કર્યું, આચરણમાં ઉતાર્યું. આ એક વાક્ય મહામુનિનું ઉત્કૃષ્ટ જ્ઞાન બની ગયું. ચિતનું તત્ત્વચિંતનમાં વિલીનીકરણ થવાની આ જ્ઞાનધારા ઉજ્જવલ કેવળજ્ઞાનમાં પરિણમી.

જ્ઞાન પોતાના આચરણમાં મૂક્યું. સમજણ પોતાના વર્તનમાં સ્વીકારે તે જ ખરો જ્ઞાની. જ્ઞાનના બે ભેદ કહ્યા છે. દ્રવ્યશ્રુત છે જે

જડ છે આપણે જીભથી જે શબ્દોનું ઉચ્ચારણ કરીએ છીએ તે જડ છે પરંતુ જે પ્રકારની આપણા મુખેથી વાણી પ્રગટ થઈ એવા પ્રકારનું આચરણ આત્માની અંદર જાગૃત થાય તે ભાવશ્રુત કહેવાય. આપણે દ્રવ્યશ્રુતમાંથી, ભાવશ્રુતમાં જવાનું છે તો જ અંતરચેતનાને જાગૃત કરનારી પ્રજ્ઞા પ્રગટશે. પ્રકાશ પાથરશે જીવનમાં શું સ્વીકારવા જેવું અને શું ત્યાગવા જેવું છે તેની સમજણ આપી, આત્મોત્થાન કરાવશે. ક્ષણને જાણે તે જ ખરો પંડિત એ ઉક્તિ ચરિતાર્થ થશે.

**— ગુણવંત બરવાળિયા**

•



# ૧૦. ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ: સરસ્વતી ઉપાસના

હંસ કે મયૂરવાહિની મા શારદાની ઉપાસના, સાધના કે આરાધના એ ભારતીય સંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. સરસ્વતીની લીલા દ્વિવિધ છે : સર્જક અને શાસ્ત્રીય. મયૂર કલાધર છે. એની પિચ્છકલા એ એની પર સવારી કરનાર સરસ્વતીની સર્જકતાની લીલાનું પ્રતીક છે. હંસ નીરક્ષીરનો વિવેક કરવામાં પ્રવીણ છે. એ સરસ્વતીની શાસ્ત્રીય પ્રસાદીનો સૂચક છે.

સર્જકતાના ઉપાસકોને સરસ્વતી મયૂરવાહિનીરૂપે પ્રતીત થાય. શાસ્ત્રીયતાના પર્યેષકો એને હંસવાહિનીરૂપે સેવે છે. શ્વેત હંસ ઉપર આરૂઢ થયેલી શુકલાંગ, શુકલાંબર સરસ્વતીનું ચરણકમળ ઉપર ઠરેલું છે. કમળ તો કમલા - લક્ષ્મીનું ઉદ્દ્ભવસ્થાન. લક્ષ્મી જ્યાંથી પ્રગટે છે એ સ્થાન ઉપર તો એ હંસવાહિનીએ કરેલાં લક્ષ્મીનાં અનાદરને વીસરવો ન જોઈએ. એવાં અનાદરનાં ફળ ભોગવવા તત્પર રહેવું જોઈએ.

મોર એના કલાકલાપના કારણે મુનિઓનાં મન ચળાવનારો હોવા છતાં, લોકકલ્પનાએ એને ભોગવિમુખ લેખ્યો છે. ઉચ્ચ સર્જકતાનો સંયમ સાથેનો સંબંધ એમાં ઇંગિત છે. વિજ્ઞાન, કલાપીના કલાનર્તનને જાતીયવૃત્તિના નિદર્શનરૂપ લેખે છે. એમાં પણ આધુનિક માનસશાસ્ત્ર અનુસાર સર્જકતાનો જાતીયવૃત્તિના આવિષ્કરણે - અને અનિવાર્ય ઊર્ધ્વીકરણ - સાથેનો સંબંધ ઇંગિત લેખી શકાય.

પાંખ હોવા છતાં મોર સંકટમાં આવી પડતાં સ્વરક્ષણના હેતુસર, પગનો એ વધુ ઉપયોગ કરે છે. સર્જકતા ઉડ્ડયનોમાં રાચતી હોવા છતાં સ્થળવિહારી છે : કલાસર્જન કોઈ ને કોઈ રીતે નક્કર જગ અનુભવોની ભૂમિ પર જ મંડિતા હોય. મોરનાં હિમગિરી ઉપર બે-એક હજાર અને નીલગિરિ ઉપર ચારેક હજાર ફૂટથી ઊંચે દર્શન થતાં નથી. જ્યારે હંસ તો મહાકવિ કાલિદાસના મેઘને કૈલાસનો રસ્તો દાખવતા, આડી હિમમાળને પરશુરામે વીંધેલા ક્રૌંચ પર્વતના બોકોરમાં થઈને વટાવી, પેલી બાજુ આરપાર નીકળી જનાર માનસ-વિહારી છે. અર્થાત્ ઉચ્ચોચ્ચ ઉડ્ડયનશીલ કલ્પનાએ, બન્ને વાહનો પર આસાનીથી સવારી કરી શકતી સરસ્વતીની માફક, સર્જકતા તેમજ વિવેકશક્તિ એ બન્ને પ્રયોજવા જોઈએ.

ભારતીય સંસ્કૃતિની શ્રમણપરંપરામાં પણ વૈદિક પરંપરાની માફક, સરસ્વતીની ઉપાસના સંસ્કૃતિના ઉગમકાળથી થતી આવી છે. આ અવસર્પિણીના ઉષઃકાળમાં ભગવાન ઋષભદેવની સૃષ્ટિના આદ્યકર્તા તરીકે ગણના થાય છે. તેમણે તેમની પુત્રી બ્રાહ્મીન જમણા હાથે લિપિ શીખવાડી અને એ ક્ષર માતૃકાને લિપિ રૂપે જગતમાં પ્રગટ કરી. એ લિપિ બ્રાહ્મી લિપિ કહેવાઈ અને બ્રાહ્મી વાણીની દેવતા તરીકે પ્રસ્થાપિત થઈ. જૈન આગમોમાં ભગવતીસૂત્ર સહુથી પ્રાચીન ગણાય છે. આ રીતે બ્રાહ્મી સરસ્વતીને નમસ્કાર કરવામાં આવ્યો છે.

જૈનધર્મમાં તીર્થંકરોના પ્રવચન દ્વારા વહેતો થયેલો દેદીપ્યમાન અનંત ઉર્જાપ્રવાહ તે જ સારસ્વત મહઃ કે શ્રુતદેવતા છે. એ વાણીની જે સૂત્ર રૂપે ગૂંથણી થઈ તે દ્વાદશાંગી. આ બન્નેના આરાધન માટે કાઉસગ્ગ થાય છે. જૈનધર્માં કલ્લાણકંદમ્, સંસારદાવાનલ અને ભુવનદેવતાની સ્તુતિઓમાં સરસ્વતીના વર્ણન સાથે તે દેવી અમને હંમેશાં સુખ આપનારી થાઓ એવી પ્રાર્થના કરવામાં આવી છે અને શ્રાવકોના છઆવશ્યકોમાંના એક પ્રતિક્રમણમાં પ્રતિદિન બોલાય છે તેમ જ પ્રાપ્ત : મંગલિક સ્મરણના સ્તોત્રો - સંતિકરં, તિજયપહુત્તિ અને બૃહચ્છાંતિઃ માં ષોડશ વિદ્યાદેવીઓના નામોલ્લેખ સહિત 'રક્ષંતુ વો નિત્યં સ્વાહા' કે 'વિજ્જાદેવીઓ રમખંતુ' (વિદ્યાદેવીઓ અમારું રક્ષણ કરો) એવા પાઠ દ્વારા પ્રાર્થના કરવામાં આવી છે. જ્ઞાનની ઉપાસનાનું અદકેરું મહત્ત્વ જ્ઞાનાતિચારમાં પણ જોઈ શકાય. જ્ઞાનોપગરણપાટી, પોથી, ઠવણી, નવકારવાળી વગેરે જ્ઞાનનાં ઉપકરણોની આશાતનથી બચવાનું જ્ઞાનીભગવંતોએ ફરમાવ્યું છે.

શ્રુત, શારદા, ભારતી, બ્રાહ્મી, સરસ્વતી, વિદ્યા, વાગીશ્વરી, ત્રિપુરા આદિ ૧૦૮ નામો પ્રાપ્ત થાય છે. ભારતદેવી સાહિત્ય, સંગીત, કલા, વિદ્યા અને જ્ઞાન આપનારી છે. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત શ્રી સરસ્વતીઅષ્ટકના સાતમા શ્લોકમાં તાત્ત્વિક માર્ગ મળે છે અને સમ્યક્ક્રિયામાં પ્રાપ્તિ થાય છે, જે જ્ઞાન ક્રિયાથી આધિક કેવળજ્ઞાન (મોક્ષ) સંપત્તિ પ્રાપ્ત કરી લે છે. આ રીતે મોક્ષનો નિરુપાય હેતુ સરસ્વતીમા કૃપા થાય છે. જૈન ધર્મની કેવળજ્ઞાન પરિભાષાથી એવું સૂચિત થાય છે કે માત્ર જ્ઞાનની જ્યોત એ જ મોક્ષ અને એ સરસ્વતીની કૃપાથી ત્વરિત સિદ્ધ થાય છે.

**— પન્નાલાલ ર. શાહ**

# પ્રાર્થના

અમારા વિચારો સદા હો પવિત્ર,
હો વાણી અમારી સદા પ્રિય સત્ય;
ને કર્મો અમારા હો પુણ્ય વિશુદ્ધ,
પ્રભુ હો અમારું આ જીવન પ્રબુદ્ધ.
અમે તારી શાંતિનું વાજિંત્ર બનીએ,
સદા સ્નેહ શ્રદ્ધાને આશાને વરીએ;
અમારું જીવન હો સદા નિત્ય નિષ્ઠ,
અમારું કવન હો પ્રકાશે પ્રતિષ્ઠ.
પ્રભુ સારી સૃષ્ટિનું કલ્યાણ થાય,
મળે સુખ શાંતિને સંતાપ જાય;
ને સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ની જીવનમાં,
પ્રભુ સર્વ કાળે ત્રિવેણી રચાય.

●

## ११. महाकवि लघुपण्डित विरचित
## त्रिपुराभारती स्तोत्रम्

डभोई प्रत नं. ४४६/६११ पाटण ह. प. नं. १७४६, ९३३७, ९३३८ शार्दुल - स्नातस्या

"एन्द्रस्येव शरासनस्य दधती" એ ચરણથી શરૂ થતું 'લઘુ પંડિત'નું ત્રિપુરાભારતી સ્તોત્ર અત્યંત પ્રભાવશાળી એ ગૂઢાર્થ મનાયું છે. જેના જૈનાચાર્ય શ્રી સોમતિલક સૂરિજી મ. સા. શ્રી એ સ્તોત્રના રહસ્ફ સ્ફોટ કરતી મનનીય ટીકા રચી છે. સાથે સાથે એકવીસ શ્લોકમાં એકવીસ (૨૧) ભિન્ન ભિન્ન કાર્યસાધક મંત્રો શ્લોકાંતમાં મૂક્યા છે જે ગ્રંથમાં પ્રસ્તુત કર્યા છે.

આ સ્તોત્રના કર્તા 'લઘુ' નામના ચારણ છે. રાજસ્થાનના અજારી ગામના પહાડોની વચ્ચે જયાં મા શારદાનું પ્રાચીન મંદિર છે ત્યાં માની લગાતાર સાધના દ્વારા માનું વરદાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્થાન લઘુ કાશ્મીર કહેવાય છે. મા શારદા અષાઢી ચાતુર્માસમાં અજારીમાં નિવાસ કરે છે અને આઠ મહિના કાશ્મીરમાં વસે છે. એવી રીતે અમુક સાધકગણ કહે છે પરંતુ આ સ્થાન બહુ જ પ્રભાવસંપન્ન કાર્યસાધક છે એમાં બેમત નથી.

एन्द्रस्येव शरासनस्य दधती मध्येललाटं प्रभां,
शौ क्लीं कान्तिमनुष्य गौरिव शिरस्यातन्वती सर्वतः ।

एषाऽसौ त्रिपुरा हृदि द्युतिरिवोष्णांशेः सदाहः स्थिता,
छिन्धाद्वः सहसा पदैस्त्रिभिरघं ज्योतिर्मयी वाऽमयी ।।१।।

या मात्र त्रिपुषी३ लतातनुलसत्तन्तूत्थिथि स्पर्द्धिनी,
वाग्बीजे प्रथमे स्थिता तब सदा तां मन्महे ते वयम् ।
शक्तिं कुण्डलिनीति विश्वजननव्यापार बद्धोद्यमां,
ज्ञानत्वेत्थं न पुनः स्पृशन्ति जननी गर्भेऽर्भकत्वं नराः ।।२।।

दृष्टवा संभ्रमकारि वस्तु सहसा ऐ ऐ इति व्याहृतं,
येनाकूतवशादपदपीह वरदे ! बिन्दुं विनाऽप्यक्षरम् ।
तस्यापि ध्रुवमेव देवि ! तरसा जाते तवाऽनुग्रहे,
वाचः सूक्तिसुधारसद्रवमुचो निर्यान्तिव क्त्राम्बुजात् ।।३।।

यन्नित्ये तव कामराजमपरं मन्त्राक्षरं निष्कलं,
तत् सारस्वतमित्यवैति कश्चिद् बुधश्चेद् भुवि ।
आख्यानं प्रतिपर्व सत्यतपसो यत्कीर्तयन्तो द्विजाः
प्रारम्भे प्रणवास्पदं प्रणयितां नीत्वोच्चरन्ति स्फुटम् ।।४।।

यत्सद्यो वचसां प्रवृत्तिकरणे दृष्टप्रभावं बुधै,
स्तार्तीयीकमहं नमामि मनसा तद्बीजमिन्दुप्रथम्
अस्त्त्वौर्वोऽपि सरस्वतीमनुगतो जाऽयाम्बुविच्छित्तये,
गौःशब्दो गिरि वर्तते स नियतं योगं विना सिद्धिदः ।।५।।

एकैकं तव देवि ह बीजमनधं सव्यज्जनाव्यज्जनं,
कूटस्थं यदि वा पृथक्क्रमगतं यद्धा स्थितं व्युत्क्रमात् ।
यं यं काममपेक्ष्य येन विधिना केनाऽपि वा चिन्तितं,
जप्तं वा सफलीकरोति तरसां तं तं समस्तं नृणाम् ।।६।।

वामे-पुस्तकधारिणी[७] मभयदां साक्षस्त्रजं दक्षिणे,
भक्तेभ्यो वरदानपेशलकरां कर्पूरकुन्दोज्वलाम् ।
उज्जृम्भाम्बुजपत्रकान्तनयनस्निग्धप्रभालोकिनीं,
ये त्वामम्ब ! न शीलयन्ति मनसा तेषां कवित्वं कुतः ॥७॥

ये त्वां पाण्डुरपुण्डरीकपटलस्पष्टाभिरामप्रभां,
सिञ्जन्तीममृतद्रवैरिव शिरो ध्यायन्ति मूर्ध्नि स्थिताम् ।
अश्रान्तं विकटस्फुटाक्षरपदैः निर्याति वक्त्राम्बुजात,
तेषां भारति ! भारतीसुरित्कल्लोललोलोर्मिभिः ॥८॥

ये सिन्दुरपरागपुज्जपिहितां त्वत्तेजसा द्यामिमा,
मुर्वी चापि विलिनयावकरसप्रस्तारमग्नामिव ।
पश्यन्ति क्षणमप्यननयमनसस्तेषामनङ्गज्वर,
क्लान्तास्त्रस्तकुरङ्ग-शावकदघशो वश्या भवन्ति स्त्रियः ॥९॥

चज्जत्काच्चन-कुणडलाङ्गदधरामाबद्ध-काज्जीस्त्रजं,
ये त्वां चेतसि तद्गते क्षणमपि ध्यायन्ति कृत्वा स्थिराम् ।
तेधां वेश्मनि विभ्रमादहरहः स्फारीभवन्त्यचिरम्
माद्यत्कुज्जरकर्णतालतरलाः स्थैर्य भजन्ते श्रियः ॥१०॥

आर्भट्य शशिखण्डमण्डितजटा - जूटां नृमुडस्त्रजं,
बन्धुकप्रसवारुणाम्बरधरां प्रेतासनाध्यासिनीम् ।
त्वां ध्यायन्ति चतुर्भुजां त्रिनयनामापीनतुङ्गस्तनीं,
मध्ये निम्नवलित्रयाङ्किततनुं त्वद्रुपसंपत्तये[१२] ॥११॥










પાલિતાણા તલેટીમાં પ્રાચીન - પ્રભાવક સરસ્વતી દેવી







પ્રાચીન હસ્તપ્રતોમાંથી અન્ય પાંચ સરસ્વતી દેવી


પ્રકૃતિની પ્રાણધાત્રી
શ્રી સરસ્વતી દેવી

जातोऽप्यल्पपरिच्छदे क्षितिभुजां सामान्यमात्रे कुले,
निःशेषावनि-चक्रवर्तीपदवीं लब्धवा प्रतापोन्नतः ।
यद्विद्याधरवृन्दवन्दितपदः श्रीवत्सराजोऽभवद्,
देवि ! त्वच्चरणाम्बुजप्रणतिजः सोऽयं प्रसादोदयः ॥१२॥

चण्डि ! त्वच्चरणाम्बुजार्चनकृते बिल्वीदलोल्लुण्टनात् -
त्रुट्यत्कण्टक - कोटिभिः परिचयं येषां न जग्मुः कराः ।
ते दण्डाऽङ्कुशचक्रचापकुलिश-श्रीवत्समत्स्याऽङ्किते
र्जायन्ते पृथिवीभुजः कथमिवांभोजप्रभेः पाणिभिः ॥१३॥

विप्राः क्षोणिभुजो विशस्तदितरे क्षीराज्यमध्वैक्षवै
स्त्वां देवि ! त्रिपुरे ! परापरकलां संतर्प्य पूजाविद्यौ ।
यां यां प्रार्थयते मनः स्थिरधियां तेषां त एव ध्रुवं,
तां तां सिद्धिमवाप्नुवन्ति तरसा विघ्नैरविघ्नीकृताः ॥१४॥

शब्दानां जननी त्वमत्रभुवने वाग्यवादिनीत्युच्यसे,
त्वत्तःकेशववासवप्रभृतयोऽप्याविर्भवन्ति ध्रुवम् ।
लीयन्ते खलु यत्र कल्पविरतौ ब्रह्मादयस्तेऽप्यमी,
सा त्वं काचिदचिन्त्यरुपमाहिमा शक्तिः परा गीयसे ॥१५॥

देवानां त्रितयं त्रयी हुतभुजां शक्तित्रयं त्रिस्वरा,
स्त्रैलोक्यं त्रिपदी त्रिपुष्करमथ त्रिब्रह्म वर्णास्त्रयः ।
यत्किंचिज्जगति त्रिधा नियमितं वस्तु तेरवर्णादिकं,
तत्सर्व त्रिपुरेति नाम भगवत्यन्वेति ते तत्त्वतः ॥१६॥

लक्ष्मीं राजकुले जयां रणमुखे क्षेमंकरीमध्वनि,
क्रव्यादद्विपसर्पभाजि शबरी कान्तारदुर्गे गिरौ ।
भूतप्रेत-पिशाचजृम्भकभये स्मृत्वा महाभैरवीं,
व्यामोहे त्रिपुरां तरन्ति विपदस्तारां च तोयप्ले ॥१७॥

माया कुण्डलिनी क्रिया मधुमती काली कला मालिनी,
मातङ्गी विजया जया भगवती देवी शिवा शाम्भवी ।
शक्तिः शंकरवल्लभा त्रिनयना वाग्वादिनी भैरवी,
ह्रींकारी त्रिपुरा परापरमयी माता कुमारीत्यसि ॥१८॥

आ ई पल्लवितैः परस्परयुतैर्द्वित्रिक्रमाद्यक्षरैः,
काद्यैः क्षान्तगतैः स्वरादिभिरथ क्षान्तैश्च तैः सस्वरैः ।
नामानि त्रिपुरे ! भवन्ति खलु यान्यत्यन्तगुह्यानि ते,
तेभ्यो भैरवपत्नी ! विंशतिसहस्त्रेभ्यः परेभ्यो नमः ॥१९॥

बोद्धव्या निपुणं बुधैःस्तुतिरियं कृत्वा मनस्तद्गतं
भारत्यास्त्रिपुरे त्यनन्यमनसा यत्राद्यवृत्ते स्फुटम् ।
एक - द्वि - त्रिपदक्रमेण कथितस्तत्पादसंख्याक्षरै
मन्त्रोद्धार - विधिर्विशेषसहितः संत्संप्रदायान्वितः ॥२०॥

सवद्यं निरवद्यमस्तु यदि वा किंवाऽनया चिन्तया,
नूनं स्तोत्रमिदं पठिष्यति जनो यस्यास्ति भक्तिस्त्वयि ।
संचिन्त्यापि लघुत्वमात्मनि दृढं संजायमानं हठात्,
त्वद्भक्त्या मुखरीकृतेन रचितं यस्मान्मयाऽपि ध्रुवम् ॥२१॥

इति श्री सिद्धसारस्वत - लघुपण्डित - विरचितं
त्रिपुराभारतीयस्तोत्रं सम्पूर्णम् ॥

(લલાટના મધ્યભાગમાં) ઈન્દ્રના ધનુષની કાંતિ જેવી પ્રભાને ધારણ કરતી, મસ્તક ઉપર ચંદ્રમાની જેમ ચારે તરફ શ્વેતકાંતિનો વિસ્તાર કરનારી અને સૂર્યની દુતી જેવી હૃદયમાં નિરંતર રહેલી આ જ્યોતિર્મયી (અનિર્વચનીય તેજસ્વી) વાઙ્મયી (વચન-સ્વરૂપા) ત્રિપુરાદેવી ત્રણ (વાગ્ભવબીજ ऐं કામરાજ બીજ क्लीं શક્તિબીજ हसौं) પદો વડે અમારા દુઃખ પાપોનો વિનાશ કરે.

મંત્રો ૨ :- ऐं क्लीं हसौं          ત્રિપુરા મૂલમંત્ર

શ્લોક મંત્ર :- श्रीं क्लीं ईश्वर्ये नमः ત્રિકાલ જાપથી પ્રગટ થાય.

હે ત્રિપુરા ! કાકડીની લતાના પ્રસરતા સૂક્ષ્મ તન્તુઓની, ઉપર તરફની ગતિની સાથે સ્પર્ધા કરનારી, તમારા પ્રથમ વાગ (ऐं) બીજમાં રહેલા છે તે માત્રાને હંમેશાં તમારા ભક્તો એવા અમે આદર કરીએ છીએ. આ કુંડલિનીશક્તિ ભગવતી વિશ્વને ઉત્પન્ન કરવાના વ્યાપાર (કાર્ય)માં (બદ્ધ ઉદ્યમવાલી) પ્રયત્ન કરવાવાળી આવા પ્રકારની છે એમ, સારી રીતે જાણીને મનુષ્યો ફરી વાર માતાના ગર્ભમાં બાળકરૂપે સ્પર્શ પામતાં નથી અર્થાત્ ફરીવાર જન્મ ધારણ કરતાં નથી.

શ્લોક મંત્ર - श्री वाङ्मय्यै नमः

ત્રિકાલ જાપથી પઠનસિદ્ધિ થાય.

હે મનોવાંછિત વરદાન આપનારી દેવી ! આ લોકમાં આશ્ચર્યકારી પદાર્થને અચાનક જોઈને કોઈ પુરુષ ભયના અભિપ્રાયથી પણ ऐ ऐ એમ બિંદુ વગર પણ અક્ષરને બોલે (વ્યવહાર કરે) છે તેને પણ નક્કી જ હે દેવી ! જલ્દીથી તારી કૃપા પ્રાપ્ત થવાથી ધ્યાન કરનારના મુખ કમલમાંથી સૂક્તિરૂપ અમૃતસરને વર્ષાવનારી વાણી નીકળે છે.

શ્લોક મંત્ર - स्यै वः क्रौं नमः ।

ત્રિકાલજાપથી જગત્ત વશ થાય છે.

હે નિત્યસ્વરૂપા ભગવતી ! જ તારો બીજો કામરાજ (क्लीं) નામનો કલારહિત (શુદ્ધકોટિને પ્રાપ્ત કરેલો) મંત્રાક્ષર સારસ્વત બીજમંત્ર છે. તે (ईं) ને પૃથ્વીપર કોઈક વિરલ પંડિત જ જાણી શકે છે.

પ્રત્યેક પર્વ (પૂર્ણિમા - અમાસ) માં સત્ય તપસ નામના બ્રહ્મર્ષિના દૃષ્ટાંતને કહેતા બ્રાહ્મણો કથાના પ્રારંભે ॐ કારના સ્થામરૂપ સંબંધને સમજાવીને સ્પષ્ટ ઉચ્ચાર કરે છે.

શ્લોક મંત્ર - ॐ वः सरस्वत्यै नमः ॥ પાઠમંત્ર છે.

(જે ત્રીજો हसौं મંત્ર) ચંદ્રની કાંતિસરખું ત્રીજું બીજ છે. વાણીની પટુતા (પ્રવૃત્તિ) બતાવવામાં પંડિતીએ જલદીથી પ્રભાવ જોયેલો છે. તે (મંત્ર) ને હું મનથી નમસ્કાર કરું છું. જેમ સરસ્વતી નદીને મળેલો વડવાનલ પણ જડતારૂપી પાણીના શોષણ માટે હોય છે. તેમ સકારરહિત કેવલ औ જો સરસ્વતી બીજમંત્ર છે. તે જડતારૂપી જલના ઉચ્છેદ માટે થાય છે. ગૌ શબ્દ વાણી અર્થમાં વર્તે છે, તે વ્યંજનના યોગ વગર જ (સારસ્વત) સિદ્ધિને આપનારો છે.

શ્લોક મંત્ર - योगिन्यै नमः ॥ સર્વ આપત્તિનું હરણ થાય છે.

હે ભગવતી ! દેવી ! તમારા દોષરહિત એક - એક બીજાક્ષર તે વ્યંજનસહિત હોય (ऐ क्लीं हसौ) કે વ્યંજનરહિત માત્ર સ્વરમય (ऐ ई औ) હોય, કૂટસ્થ (हसौ ह्स्कली) કે લોકપ્રસિદ્ધ પરિપાટીથી પ્રાપ્ત હોય અથવા વિપરીતપણે રહેલ હોય તો પણ જે જે ઇચ્છિત અર્થ માટે જે કોઈપણ વિધિથી ચિંતન કર્યું હોય કે (સ્મરણ કર્યું હોય) અથવા જાપ કર્યો હોય તે જલદીથી મનુષ્યોને સમસ્ત ઇચ્છિત વસ્તુ (બીજાક્ષરોના પ્રભાવથી) સફળ થાય છે.

શ્લોક મંત્ર - ॐ धाराकस्य सौभाग्यं कुरु कुरु स्वाहा ॥

# સૌભાગ્યમંત્ર

ડાબા હાથમાં પુસ્તકને ધારણ કરનારી તથા બીજા ડાબા હાથમાં અભયમુદ્રાવાળી, જમણા હાથની જપમાલા રાખનારી અને બીજા જમણા હાથે ભક્તોને વરદાન કરવામાં કુશળ હાથવાળી, કપૂર મોગરાના પુષ્પો સરખી ઉજ્જવળ, વિકાસ પામેલા કમળના પાંદડાં જેવા મનોહર નયનની સ્નેહાળ પ્રભાથી જોનારી એવી તને હે માતા ! મનથી પણ જેઓ આરાધના કરતા નથી. તેઓને કવિત્વપણું ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય.

શ્લોક મંત્ર - ॐ धरण्य नमः सौभाग्यं कुरु कुरु स्वाहा ॥

વિશેષ સૌભાગ્યમંત્ર છે.

હે ભારતીદેવી ! સફેદ કમલોના સમૂહ જેવી ઉજ્જવળ સુંદર પ્રભાવશાળી તને મસ્તક ઉપર રહીને અમૃતસરથી મસ્તક ઉપર જાણે સિંચન કરતી હોય એમ જે પુરુષો તારું ધ્યાન ધરે છે. તેઓના મુખકમલમાંથી નિરંતર ઉદાર સ્પષ્ટ (પ્રગટ) અક્ષરવાળાં પદો વડે વાણીરૂપ ગંગા નદીના તરંગોથી ચંચળ ઊર્મિઓ વહેતી હોય તેમ ભાસે છે.

શ્લોક મંત્ર - ऐं क्लीं श्रीं धन कुरु कुरु स्वाहा ।

આ જાપથી ધનવાન થાય છે.

હે દેવી ! તમારા તેજની કાંતિથી જેઓ ક્ષણવાર પણ એકાગ્ર ચિત્તવાળા થઈને, આ આકારને સિંદૂરની પરાગના સમૂહથી વ્યાપ્ત (ફેલાયેલું) થઈ ગયું છે. એમ ધ્યાનથી જુએ છે અને પૃથ્વીને ઝરતાં અલતાના (વૃક્ષના) લાલ કલરના રસમાં મગ્ન થઈ ગઈ હોય. એમ ધ્યાન કરે છે. તેઓને કામદેવથી પીડા પામેલી હરણીના ભય પામેલા બચ્ચાના જેવી આંખવાળી સ્ત્રીઓ વશ થાય છે.

શ્લોકમંત્ર - ॐ ह्रीं ह्रीं ह्रः पुत्रं कुरु कुरु स्वाहा ॥

ત્રિકાલ જાપથી પુત્રપ્રાપ્તિ થાય છે.

હે દેવી ! જે પુરુષો ક્ષણવાર પણ તન્મયતાપૂર્વક ચિત્ત સ્થિર કરીને દેદીપ્યમાન સુવર્ણના કર્ણકુંડલોને બાજુબંધને ધારણ કરનારી, કેડે બાંધેલ કંદોરાવાળી, તારું ધ્યાન કરે છે તેઓના ઘરમાં ઉત્સુકતાથી પ્રતિદિન ઉત્તરોત્તર વધતી મનોન્મત્ત હાથીના ચંચલ કાન સરખી લક્ષ્મી ચિરકાળ સુધી સ્થિરતાને ભજે છે.

શ્લોક મંત્ર - ॐ ह्रीं क्लीं महालक्ष्म्यैनमः जयं कुरु कुरु स्वाहा॥

ત્રિકાલજાપથી સર્વત્ર જય થાય છે.

હે દેવી ! ચંદ્રની કલાથી શણગારેલ મુગુટવાળી, મનુષ્યોના ખોપરીની કપાલની માળાવાળી, જપાકુસુમજેવા લાલ વસ્ત્રને ધારણ કરેલી, શ્વેતાસન ॐ બીજ ઉપર બિરાજેલી, ચાર ભુજાવાળી, ત્રણ ક્ષેત્રવાળી, ચારે બાજુથી પુષ્ટ અને ઊંચા સ્તનવાળી (નાભિના) મધ્યભાગમાં ઊંડી ત્રણ વલયોના અંકિત શરીરવાળી, તમારા સ્વરૂપની સંપત્તિને માટે વીરરસથી તમારું ધ્યાન કરે છે.

શ્લોક મંત્ર - ऐं क्लीं नमः ત્રિકાલાજાપથી કર્મક્ષય થાય છે.

હે ભગવતી ! રાજાઓના અલ્પપરિવારવાળા સામાન્ય કુલમાં ઉત્પન્ન થયેલો શ્રીવત્સ રાજ (નામનો) રાજા, પ્રચંડ પરાક્રમથી અભ્યુદય પામેલો સંપૂર્ણ પૃથ્વીની ચક્રવર્તીપદવીને પ્રાપ્ત કરીને વિદ્યાધરોના સમૂહથી વંદન કરાયેલા આસ્થાવાળો થયો તે આ તમારા ચરણકમળમાં નમસ્કાર કરવાથી ઉત્પન્ન થયેલ કૃપાનો ઉદય છે.

શ્લોક મંત્ર - ब्लुँ ट्रीँ नमः ॥

ત્રિકાલજાપથી રાજ્યપ્રાપ્તિ થાય છે.

હે ચંડી - ભગવતી ! તારા ચરણકમલની પૂજાને માટે જે પુરૂષોના હાથોને બિલ્વીપત્રને તોડતા - તૂટેલા કાંટાના અગ્ર ભાગથી સંપર્ક થયો નથી. તે પુરુષો દંડ - અંકુશ - ચક્ર - બાણ - વજ્ર - શ્રીવત્સ - મત્સ્ય (માછલી)ના ચિહ્નવાળા કમળ જેવા લાલ હાથવાળા રાજા કેવી રીતે થાય ? અર્થાત્ થતા નથી.

શ્લોકમંત્ર - ह्सौ नमः ॥

ત્રિકાલજાપથી મહારાજાપણું પ્રાપ્ત થાય છે.

હે દેવી ! હે ત્રિપુરા ! બ્રાહ્મણો - ક્ષત્રિયો - વૈશ્યો (તથા) શુદ્રો (આ ચારેય વર્ણના લોકો) પર અને અપર કલા (અવસ્થા) રૂપ તને પૂજાના સમયે (અવસર) અનુક્રમે દૂધ-પી-મધ અને શેરડીના રસોથી (તૃપ્ત) પ્રસન્ન કરીને વિઘ્નોથી અબાધિત થયેલા જલદીથી તે જે જે ચિત્ત પ્રાર્થના કરે છે. તેઓને નક્કી જ તે તે સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

શ્લોકમંત્ર - ॐ वाङ्मयै नमः ।

ત્રિકાલજાપથી સર્વ ઇચ્છિત થાય છે.

હે ત્રિપુરા ! આ ભુવન (ચૌદલોક)માં શબ્દો ઉત્પન્ન કરનારી (માતાા) તું છે તેથી વાગ્વાદિની એ રીતે કહેવાય છે અને તારાથી જ વિષ્ણુ અને ઇન્દ્ર પણ પ્રગટ થાય છે. (તથા) કલ્પ (સૃષ્ટિ) નાશના સમયે તે બ્રહ્મા વગેરે જ્યાં લીન થાય છે. તે તું (ત્રિપુરા) અચિંત્યરૂપ અને મહિમાવાળી પરા (શ્રેષ્ઠ) શક્તિ કહેવાય છે.

શ્લોક મંત્ર - ॐ ह्रीं श्रीं भारत्यै नमः ॥

વચનસિદ્ધિ થાય છે.

હે ભગવતી ! આ સંસારમાં જે કંઈપણ ત્રણ પ્રકારની વસ્તુઓ નિશ્ચયે છે. ત્રણ દેવો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) ત્રણ પ્રકારના અગ્નિ (દાક્ષિણાત્ય, ગાર્હપત્ય, આહ્‌વાનીય) ત્રણ પ્રકારની શક્તિ (ઇચ્છા, જ્ઞાન, ક્રિયારૂપ) ત્રણ સ્વરો (ઉદાત્ત, અનુદાત્ત, સમાહાર) ત્રણલોક (સ્વર્ય, મૃત્યુ, પાતાલ), ત્રણ પદો (ઉત્પાદ, વ્યય, ધ્રુવ) પણ તીર્થો (મસ્તક, હૃદય, નાભિકમલ) ત્રણ બ્રહ્મ (ઇડા, પિંગલા, સુષુમણારૂપ) ત્રણ વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) ત્રણ શક્તિબીજ અને ત્રણ વર્ગો (ધર્મ, અર્થ, કામ) ઇત્યાદિ તે બધું જ ખરેખર ત્રિપુરા અને અનુસરે છે.

શ્લોકમંત્ર - ॐ सरस्वत्यै नमः ।

જાપથી વિદ્યાપ્રાપ્તિ થાય.

(ભક્ત લોકો) રાજદ્વારે તને લક્ષ્મી સ્વરૂપે, યુદ્ધભૂમિ ઉપર જયા સ્વરૂપે, રાક્ષસ, હાથી અને સર્પવાળા માર્ગમાં ક્ષેમંકરી સ્વરૂપે, વિષમ અને ભયાનક માર્ગવાળા પર્વત ઉપર (જતાં) શબરી સ્વરૂપે, ભૂત, પ્રેત, પિશાચ અને દૈત્યના મહાભૈરવી સ્વરૂપે, ચિત્તભ્રમ સમયે ત્રિપુરા સ્વરૂપે અને પાણીમાં ડૂબવાના સમયે તારા સ્વરૂપે - સ્મરણ કરીને વિપત્તિને તરી જાય છે.

શ્લોકમંત્ર - ॐ ह्रीं ह्रीं ह्र पुत्रं कुरु कुरु स्वाहा ॥

યૌદવિદ્યા પ્રાપ્ત થાય.

માયા - કુણ્ડલિની - ક્રિયા - મધુમતી - કાલી - કલા - માલિની - માતંગી - વિજયા - જયા - ભગવતી - દેવી - શિવા - શાંભવી - શક્તિ - શંકરવલ્લભા - ત્રિનયના - વાગ્વાદિની - ભૈરવી - હ્રીં કારી - ત્રિપુરા - પરાપરમયી - માતા અને કુમારી આ બધાં તારાં જ રૂપ છે. એ રીતે (૨૪ નામોથી) સ્તુતિ કરાયેલી છે.

શ્લોકમંત્ર - ॐ हंसवाहिन्यै नमः ॥ શારદાદેવી વરદાન આપે.

હે ત્રિપુરા ! આ इ આકાર ઈકાર સંયુક્ત (પરસ્પર) મેળવવા વડે બે - ત્રણ - ચાર વગેરે અક્ષરોની સાથે, ક આદિથી ક્ષ અન્તસુધીના વ્યંજનો તે સ્વરોની સાથે એટલે કે પ્રત્યેકથી ક્ષ સુધીના ૩૫ વર્ણો સોળ સ્વરોથી ગણતાં જે તારાં અત્યંતગુહ્ય નામો થાય છે. હે ભૈરવીપતિ ! તારા તે સર્વ વીસ હજાર નામોને નમસ્કાર થાઓ.

શ્લોકમંત્ર - ॐ जगन्मात्रे नमः ॥

ત્રિલોકજાપથી શારદાદેવી સંતોષી થાય છે.

ત્રિપુરાભારતીની આ સ્તુતિને બધુજનોએ તન્મયં ચિત્ત કરી નિપુણતાથી સમજવા પ્રયત્ન કરવો. સ્તોત્રના પહેલા શ્લોકમાં સ્પષ્ટપણે એક - બે - ત્રણ પદના ક્રમથી તેટલા જ અક્ષર વડે જે સાચા સંપ્રદાયથી યુક્ત વિશેષતા સાથેનો મંત્રોદ્ધારનો વિધિ કહ્યો છે.

શ્લોકમંત્ર - ॐ भगवत्यै महावीर्यायै नमः धारकस्य पुत्रवृद्धि कुरु कुरु स्वाहा ॥

ત્રિલોકજાપથી પરિવાર વૃદ્ધ થાય છે.

આ સ્તોત્ર સાવધ છે કે નિરવધ છે એવી ચિંતાથી શું ? જે મનુષ્યને તારા (ત્રિપુરા) વિશે ભક્તિ છે. તે જન નક્કી આ સ્તોત્રનો પાઠ કરશે. હું દઢપણે માનું છું કે હું લઘુ છું. સામાન્ય કરીને તારું સ્તોત્ર રચાવ્યું છે.

શ્લોકમંત્ર - ॐ ऐं ॐ ऐ लक्ष्मीं कुरु कुरु स्वाहा ।

ત્રિલોકજાપથી ધનાઢ્યતા થાય છે.

•



## १२. श्री वप्पभट्टिसूरिकृत अनुभूतसिद्धसारस्वतस्तवः।

### सरस शांति सुधारस - द्रुतविलंबित छंद

पाटण हे. ज्ञा. भं. प्रत. नं. १३८६१, डभोई प्रत नं. ४४३/४२२९, ४६२/ प ३९२ तथा सूरत ह. लि. ज्ञा. भं. प्रत नं. ४३४/३९९२

कलमरालविहङ्गमवाहना सितदुकूल - विभूषणलेपना ।
प्रणतभूमिरुहामृतसरिणी प्रवरदेह - विभाभरधारिणी ॥१॥

अमृतपूर्णकमण्डलुधारिणी त्रिदशदानव-मानवसेविता ।
भगवती परमैव सरस्वती मम पुनातु सदा नयनाम्बुजम् ॥२॥

जिनपतिप्रथिताखिलवाङ्मयी गणधराननमण्डपनर्तकी ।
गुरमुखाम्बज-खेलहंसिका विजयते जगति श्रुतदेवता ॥३॥

अमृतदीधिति-बिम्बसमाननां त्रिजगति जननिर्मिमाननाम् ।
नवरसामृतवीचि-सरस्वतीं प्रमुदितः प्रणमामि सरस्वतीम् ॥४॥

विततकेतकपत्र - विलोचने विहितसंसृति - दुष्कृतमोचने ।
धवलपक्षविहङ्गमछिञ्छते जय सरस्वति ! पूरितवाञ्छिते ॥५॥

भवदनुग्रहलेशतरङ्गितास्तदुचितं प्रवदन्ति विपश्चितः ।
नृपसभासु यतः कमलाबल-कुचकला ललनानि वितन्वते ॥६॥

गतधना अपि हि त्वदनुग्रहात् कलितकोमल-वाक्यसुधोर्मयः ।
चकितबालकुरङ्गविलोचना जनमनांसि हरिन्तितरां नराः ॥७॥

करसरोरुह - खेलनचच्चला तव विभाति वरा जपमालिका ।
श्रुतिपयोनिधिमध्यविकस्वरोज्जवल-तरङ्गकलाग्रह साग्रहा ॥८॥

द्विरदकेसरिमारिभुजङ्गमासहनतस्कररारजरुजां भयम् ।
तव गुणावलिगानतरङ्गिणां न भवनां भवति श्रुतदेवते ॥९॥

ॐ ह्रीं क्लीं ब्लूँ ततः श्रीं तदनु हसकलह्रीं अथो ऐं नमोऽन्ते,
लक्षं साक्षाज्जपेद् यः कर समविधिना सत्तपा ब्रह्मचारी ।
निर्यान्तां चन्द्रबिम्बात् कलयतिमनसा त्वां जगच्चन्द्रिकाभां,
सोऽत्यर्थवह्निकुण्डे विहितधुतहुतिः स्यद्दशांशेन विद्वान् ॥१०॥

## शार्दूल

रे रे लक्षणकाव्यनाटककथाचम्पूसमालोकने
क्वायासं वितनोषि बालिश मुधा किं नम्रवक्त्राम्बुजः ।
भक्त्याराधय मन्त्रराजसहितां दिव्यप्रभां भारतीं
येन त्वं कवितावितान सविताद्वैतप्रबुद्धायसे ॥११॥

चंचच्चन्द्रमुखी प्रसिद्ध महिमा स्वाच्छान्धराज्यप्रदाऽनायासेन
सुरासुरेश्वरगणैरभ्यर्चिता भक्तिः ।
देवी संस्तुतवैभवा मलयजालेपाङ्गरङ्गद्युतिः
सा मां पातु सरस्वती भगवती त्रैलोक्यसज्जीवनी ॥१२॥

स्तवनमेतदनेकगुणान्वितं पठति यो भविकः प्रमनाः प्रगे
स सहसा मधुरैर्वचनाऽमृतैर्नृपगणानपि रज्जयति स्फुटम् ॥१३॥

। इति सरस्वतीस्तवः सम्पूर्णः ।
ॐ ह्रीं क्लीं ब्लूं श्रीं हसकल ह्रीं ऐ नमः ।

## ભાષાંતર

મનોહર હંસપક્ષી રૂપ વાહનવાળી, શ્વેત વસ્ત્ર, અલંકાર અને લેપથી (સુગંધી દ્રવ્ય) યુક્ત, પ્રણામ કરેલા (પ્રાણીઓ) રૂપી વૃક્ષોનું (સિંચન કરવામાં) અમૃતની નીક જેવા, ઉત્તમ શરીરની કાન્તિના સમૂહને ધારણ કરનારી, અમૃતથી ભરેલા એવા કમણ્ડળ વડે મનોહર તેમજ દેવ, દાનવ અને માનવો વડે સેવિત એવી ઉત્તમ ભગવતી સરસ્વતી મારા નેત્ર - કમલને સર્વદા પવિત્ર કરો. (અર્થાત્ મને દર્શન આપો.) ૧...૨

જિનેશ્વરે પ્રસિદ્ધ કરેલા સમસ્તસાહિત્યરૂપે, વળી ગણધરોનાં મુખરૂપ મંડપને વિષે નૃત્ય કરનારી તેમજ ગુરુના વદનકમલને વિષે ક્રીડા કરનારી હંસિકા એવી શ્રુત-દેવતા (સરસ્વતી) વિશ્વમાં વિજયી વર્તે છે...૩

ચન્દ્ર મણ્ડલ સમાન મુખવાળી, ત્રણે જગતના સન્માન પામેલી તેમ જ નવસ્વરૂપી અમૃતના કલ્લોલોથી (મોજાંઓથી) પરિપૂર્ણ નદી સમાન એવી સરસ્વતીને હું હર્ષપૂર્વક પ્રણામ કરું છું. ૪

હે વિસ્તૃત કેતક (કેવડા)નાં પત્ર જેવાં નેત્રવાળી; (શારદા) ! જેણે સંસારરૂપી પાપનો ત્યાગ કરાવ્યો છે એવી હે (વાગીશ્વરી) ! હે શ્વેત પાંખવાળા પક્ષીથી અંકિત (અર્થાત્ હે હંસરૂપ વાહન વાળી શ્રુત - દેવતા) ! પૂર્ણ કર્યા છે મનોરથોને જેણે એવી હે (ભારતી) ! હે સરસ્વતી તું ! જયવંતી વર્ત. ૫

આપની કૃપાના અંશથી ચંચળ બનેલા પંડિતો રાજસભામાં એવું ઉચિત બોલે છે કે જેથી કરીને લક્ષ્મીરૂપી લલનાનાં સ્તનની કલાની ક્રીડાનો વિસ્તાર કરે છે. (અર્થાત્ રાજસભામાં લક્ષ્મી પ્રાપ્ત કરે છે.) ૬

હે (શારદા !) નિર્ધન હોવા છતાં પણ તારી કૃપાથી મૃદુ (કોમળ) વચનામૃતની ઊર્મિઓથી, અલંકૃત (થયેલા) તેમજ વિસ્મય પામેલાં મૃગનાં બાળકોનાં જેવાં નેત્રવાળાં (બનેલા) મનુષ્યોના મનને અત્યંત હરી લે છે. ૭

હસ્તરૂપી કલમને વિષે ક્રીડા કરવામાં ચપળ એવી, તથા શ્રુતસાગરના મધ્યમાં વિકસ્વર તેમજ નિર્મલ એવા તરંગોની કલાને ગ્રહણ કરવાના આગ્રહવાળી, શ્રેષ્ઠ એવી તારી, જપમાલા વિશેષ શોભે છે. ૮

હે સરસ્વતી ! તારા ગુણોની શ્રેણીના ગાનને વિષે ચપળ એવા ભવ્ય (જનો) ને હાથી, સિંહ, મરકી, સાપ, દુશ્મન, ચોર, રાજા તથા રોગનો ભય (લાગતો) નથી. ૯

ૐ હીં ક્લીં બ્લૂ ત્યાર પછી શ્રીં અને વળી ત્યાર બાદ હ, સ, ક, લ અને હી ત્યારબાદ ઐ અને અંતમાં નમઃ (અર્થાત્ ૐ હીં ક્લીં બ્લૂ શ્રી હ, સ, ક, લ, હી, ઐ નમઃ) એવો જાપ જે બ્રહ્મચર્યપૂર્વક ઉત્તમ તપ કરીને હસ્ત સમાન (અર્થાત્ નંદાવર્ત યા શંખાવર્ત) વિધિ વડે સાક્ષાત્ લાખ વાર જપે તેમ જ ચન્દ્રમણ્ડલમાંથી બહાર નીકળી આવતી તથા વિશ્વને વિષે ચન્દ્ર-પ્રભા (ચાંદની) જેવી એવી તેને મનથી દેખે તે મનુષ્ય દશાંશ (દશ હજાર જાપ) પૂર્વક અગ્નિકુંડમાં ઘીનો હોમ કરે તે પ્રખરપણ્ડિત બને. ૧૦

હે બાળક ! નમ્ર વદન કમલવાળો થઈને તું લક્ષણ, કાવ્ય, નાટક, કથા અને ચમ્પૂ જોવામાં શા માટે ફોગટ પ્રયાસ કરે છે: આ મંત્રરાજરૂપ યજ્ઞની ભક્તિપૂર્વક તું પ્રતિદિન સરસ્વતીની આરાધના કરે કે જેથી તું કવિતા કરવામાં સૂર્યના સમાન પ્રતાપી થઈ અસાધારણ પંડિત થાય. ૧૧

ચલાયમાન ચન્દ્ર જેવા વદનવાળી, પ્રસિદ્ધિ પ્રભાવવાળી, સ્વતંત્રતારૂપી રાજ્ય અર્પણ કરનારી, દેવ અને દાનવોના સ્વામીઓના સમૂહો વડે ભક્તિપૂર્વક અનાયાસે સ્તુતિ કરાયેલી, પ્રશંસા પામેલી સંપત્તિવાળા, ચંદન (મલયજ)ના લેપથી અંગની રંગીન પ્રભાવાળી, તેમજ (સ્વર્ગ, મર્ત્ય અને પાતાલરૂપી) ત્રિભુવનને સજીવન કરનારી એવી સુપ્રસિદ્ધ તે ભગવતી દેવી સરસ્વતી મારું રક્ષણ કરો. ૧૨

જે ભવ્ય પ્રાણી પ્રફુલ્લિત ચિત્તપૂર્વક આ અનેક ગુણોથી યુક્ત સ્તોત્ર સવારના પહોરમાં ભણે છે તે મધુર વચનરૂપ અમૃત વડે નૃપતિઓના સમૂહોને પણ એકદમ સ્પષ્ટ રીતે પ્રસન્ન કરે છે. ૧૩.

•

જ્ઞાનનો વિકાસ જ વ્યક્તિને સામાન્યમાંથી વિશિષ્ટ બનાવે છે.







## १3. अज्ञातकर्तृक - महामंत्रगर्भित श्री सरस्वतीस्तोत्रम् ।

ॐ ऐं ह्रीं श्रीं मंत्ररूपे विबुधजननुते देवदेवेन्द्रवंधे,
चंचच्चंद्रावदाते क्षिपितकलिमले हारनीहारगौरे ।
भामे भीमाट्टहास्ये भवभयहरणे भैरवे भीमवीरे,
ह्रीं ह्रीं हूँकारनादे मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥१॥

हा पक्षे बीजगर्भे सुरवररमणी - चर्चितानेकरुपे,
कोपं वं झं विधेयं धरिवरे योगनियोगमार्गे ।
हं सं सः स्वर्गराजप्रतिदिननमिते प्रस्तुतालापपाठे,
दैत्यन्द्रैर्ध्यायमाने मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥२॥

दैत्यैदैत्यारिनाथैर्नमितपदयुगे भक्तिपूर्व स्त्रिसन्धयम्,
यक्षैर्सिद्धैश्चनम्रैरहमहमिकया देहकान्त्याऽतिकान्तैः ।
आँ ईं ॐ विस्फुटाभाक्षरवरमृदुना सुस्वरेणासुरेणा-
त्यन्त प्रोदीयमाने मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥३॥

क्षाँ क्षीँ क्षूँ क्षः स्वरुपे हन विषमविषं स्थावरं जंगमं वा,
संसारे संसृतानां तव चरणयुगे सर्वकालं नराणाम् ।
अव्यक्ते व्यक्तरुपे प्रणतनरवरे ब्रह्मरुपे स्वरुपे,
ऐं ऐं ब्लूँ योगिगम्ये मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥४॥

सम्पूर्णाऽत्यन्तशोभै शशधरधवलै रासलावण्यभूतैः,
रम्यैः स्वच्छैःश्च कांतैः निजकरनिकरैश्चंद्रकाकारभासैः ।
अस्माकीनं भवाब्जं दिनमनुसततं कल्मषं ज्ञालयन्ती,
श्री श्रीं श्रूं मंत्ररुपे मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥५॥

भाषे पद्मासनस्थे जिनमुखनिरते पद्महस्ते प्रशस्ते,
प्राँ प्रीँ प्रूँ प्रः पवित्रे हर हर दुरितं दुष्टजं दुष्टचेष्टं ।
वाचां लाभाय भक्त्या त्रिदेवयुवभितिः प्रत्यहं पूज्यपादे,
चंडे चंडीकराले मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥६॥

नम्रीभूतक्षितीश - प्रवरणमणिमुकुटोद्धृष्टपादारविंदे,
पद्मास्ये पद्मनेत्रे गजगतिगमने हंसयाने विमाने ।
कीर्तिश्रीबुद्धि - चक्रे जयविजयजये गौरीगं धारीयुक्ते,
ध्येयाध्येयस्वरुपे मम मनसि सदा शारदे देवि तिष्ठ ॥७॥

विद्युज्ज्वालाप्रदीप्तां प्रवरमणिमयीमक्षमांल सुरुपां,
रम्यावृत्तिर्धरित्री दिनमनुसततं मंत्रकं शारदं च ।
नागेन्द्रैरिन्द्रचन्द्रैर्मनुजमुनिजनैः संस्तुता या च देवी,
कल्याणं सा च दिव्यं दिशतु मम सदा निर्मलं ज्ञानरत्नम् ॥८॥

करबदरसदृशमखिलभुवतलं यत् प्रसादतः कवयः ।
पश्यंति सूक्ष्ममतयः सा जयति सरस्वती देवी ॥९॥

इति श्रीमहामंत्रगर्भितं सरस्वतीदेवीस्तोत्रं सम्पूर्णम् ॥

### मूलमन्त्रः

ॐ नमो ह्रीँ वद वद वाग्वादिनी परममहादेवी मम वक्त्रे स्थिरवासं कुरु कुरु जडतामपहर जडतामपहर श्री श्री शारदादेवी अखिलवाक् प्रकाशिनी हीं अहँ क्रँ हूँ हीँ ह्रीँ शारदादेवी कल्लोलमहावाक्प्रकाशिनी अस्मन्मुखे वासं कुरु कुरु क्लीँ भ्राँ भ्रूँ ॐ वाद्देवी जयं ह्रीँ क्षाँ क्षीँ अहँ हीं भारतीदेवी मम मुखे वासं कुरु कुरु जूँ ज्राँ वाग्देवी जयं महादेवी वज्रे विद्याप्रकाशिनि ॐ ही क्लीँ ऐं अहँ हाँ हीँ हैँ हः ॐ क्षीँ क्षौँ क्रूँ क्राँ भ्रूँ भ्रः ॐ हीं वं वं जूँ भ्रूँ हः ॐ भारती सरस्वती मम वक्त्रे वासं कुरु कुरु स्वाहा ॥ દરેક ગાથાને અંતે ૨૧ વાર ગણીએ તો દેવી પ્રસન્ન થાય.

### ભાષાંતર

એ હીં શ્રી રૂપ મન્ત્રસ્ત્રરૂપા (એવી હે સરસ્વતી !), હે પંડિતજનોથી સ્તુતિ કરાયેલી, હે સૂરો તેમજ સૂરપતિઓને (પણ) વંદનીય, હે ચપળ ચન્દ્રમા જેવી ઉજ્જવળ, જેણે કલિ (યુગ)ના કાદવનો નાશ કર્યો છે એવી (મૌક્તિક) હાર તેમ જ હિમના જેવી હે ગૌરી, હે ભયંકર સ્વરૂપવાળી ! હે ભયાનક અટ્ટહાસ્ય કરનારી દેવી ! હે સંસારના ભયને હરનારી ! હે ભેરવી ! હે ભયંકર પરાક્રમવાળી ! હીં હીં હૂ એ શબ્દના નાદવાળી શારદાદેવી ! તમે હંમેશાં મારા મનમાં રહો. ૧

હે હા રૂપી પક્ષવાળી ! જેની અંદર બીજમંત્રો રહેલા છે એવી, દેવોની ઉત્તમ સ્ત્રીઓથી પૂજાયેલી, અનેક રૂપવાળી, કોપં વં ઝં બીજાક્ષરો વડે ધારણ કરવા લાયક, ઉત્તમ (મંત્ર) ધારકોને ધારણ કરનારી, યોગના પ્રયોગના માર્ગવાળી, હં સં સ : એ મંત્રક્ષરો પૂર્વક દેવલોકના ઈન્દ્રો વડે પ્રતિદિન (દરરોજ) પ્રણામ કરાયેલી, (સ્વરના) આલાપ (ગાયન)માં અભ્યાસ ને રજૂ કરનારી, દૈત્યરાજ વડે ધ્યાન કરાયેલી હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૨

દેહની દ્યુતિ વડે અતિશય મનોહર, નમ્ર એવા દૈત્યો, દેવો, યક્ષો તેમજ સિદ્ધો દ્વારા હું પહેલા - હું પહેલા એવી બુદ્ધિથી ભક્તિપૂર્વક પ્રાતઃકાલે મધ્યાહ્નને અને સાયંકાલે જેનાં ચરણ યુગલમાં નમસ્કાર કરાયા છે એવી ! આં ઈં ૐ રૂપ સ્પષ્ટ પ્રભાવાળા અક્ષર વડે ઉત્તમ તેમ જ મૃદુ એવા સ્વરથી અસુર દ્વારા અતિશય ઉચ્ચ રીતે ગવાયેલી હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૩

ક્ષા ક્ષી ક્ષૂ ક્ષ : બીજ મંત્રરૂપી સ્વરૂપવાળા ! તમારું ચરણયુગલ સંસારમાં પરિભ્રમણ કરતા મનુષ્યોના સ્થાવર તેમજ જંગમ એવા વિષમ વિષનો નાશ કરનારું થાઓ. અવ્યક્તરૂપવાળી ! સ્ફુટરૂપવાળી ! જેમણે ઉત્તમ મનુષ્યોએ પ્રણામ કર્યા છે એવી હે બ્રહ્મસ્વરૂપી ! પોતાનામાં મગ્ન રહેનારી ! ઐં ઐં બ્લૂ (બીજમંત્રો) વડે યોગીઓને ગમ્ય ! હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૪

હે શ્રા શ્રી શ્રૂ મન્ત્રસ્વરૂપી શારદાદેવી ! પરિપૂર્ણ તેમજ અતિશય શોભાવાળાં, ચન્દ્ર જેવા શ્વેત, રસ અને લાવણ્યમય, રમ્ય, સ્વચ્છ, મનોહર, ચન્દ્રિકા સમાન પ્રભાવાળા, એવા પોતાના હસ્ત સમૂહ વડે નિરંતર અમારા સંસારજનિત પાપનું પ્રતિદિન પ્રક્ષાલન કરતા હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૫

હે ભાષાસ્વરૂપ ! પદ્માસનને વિષે રહેલી ! હે તીર્થંકરના મુખમાં રમનારી, હે પદ્મ જેવા હસ્તવાળા, હે પ્રશંસનીય પ્રા પ્રી પ્રૂ પઃ વડે પવિત્ર, દુષ્ટોથી ઉત્પન્ન થયેલ દુષ્ટ ચેષ્ટાવાળા પાપને તું દૂર કર, તું દૂર કર. પ્રતિદિન આત્મશક્તિ અનુસાર વાણીઓના લાભ માટે સ્વર્ગની સ્ત્રીઓ દ્વારા ભક્તિથી પૂજાયેલા ચરણોવાળી ! ઉગ્ર (પ્રચંડ) સ્વરૂપવાળી, ક્રોધથી ભયંકર હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૬

નમેલા પૃથ્વી-પતિઓના દેદીપ્યમાન મણિમય મુકુટોથી સ્પર્શાયેલ ચરણકમલવાળા, પદ્મ જેવા મુખવાળી ! કમળ જેવા નેત્રવાળી ! હાથીની જેવી ચાલવાળી ! હંસરૂપી વાહનવાળી વિશિષ્ટ પ્રમાણસ્વરૂપી ! કીર્તિ, લક્ષ્મી અને બદ્ધિના સમૂહવાળી જય અને વિજય વડે વિજયશીલ !

ગૌરી અને ગાંધારીથી યુક્ત ! ધ્યાનમાં ગોચર તેમજ અગોચર એવા સ્વરૂપવાળી, હે શારદાદેવી ! તમે સદા મારા મનમાં રહો. ૭

સૌદામિની વીજળી જ્વાલાનાં કિરણોની જેમ ઉજ્જવળ તથા સર્વોત્તમ મણીઓથી નિર્મિત, સુંદર રૂપવાળી જપ માળાને અને સારસ્વતમંત્રને પ્રતિદિન (હંમેશાં) ધારણ કરનારી, મનોહર ચિંતનવાળી એવી, જે દેવી નાગેન્દ્રો વડે તેમજ માનવો અને મુનિઓના સમૂહ વડે સ્તુતિ કરાયેલી છે, તે સરસ્વતીદેવી હંમેશાં મને નિર્મળ જ્ઞાનરત્ન અને દિવ્ય કલ્યાણ આપે. ૮

સૂક્ષ્મ મતિવાળા કવિઓ જેની કૃપાથી સમસ્તભુવનતલને હાથમાં રહેલા બોરની જેમ જુએ છે તે સરસ્વતી દેવી જય પામે છે. ૯

•



# १४. वस्तुपालमंत्रीकृत अष्टोत्तरशत (१०८)

श्री नामयुक्त श्रीसरस्वतीस्तोत्र ।

अनुष्टुप छंद

धिषणा भी र्मति र्मेघा वाग् विभवा सरस्वती
गीर्वाणी भारती भाषा ब्रह्माणी भागधप्रिया ।।१।।

सर्वेश्वरी महागौरी शङ्करी भक्तवत्सला ।
रौद्री चाण्डालिनी चण्डी भैरवी वैष्णवी जया ।।२।।

गायत्री च चतुर्बाहुः कौमारी परमेश्वरी ।
देवतामाऽक्षयाचैव नित्या त्रिपुरभैरवी ।।३।।

त्रैलोक्यस्वामिनीदेवी माङ्का कारुण्यसूत्रिणी ।
शूलिनी पद्मिनी रुद्री लक्ष्मी पङ्कमवासिनी ।।४।।

चामुण्डा खेचरी शान्ता हुङ्कारा चन्द्रशेखरी ।
वाराहि विजयाऽन्तर्धा कर्त्री हर्त्री सुरेश्वरी ।।५।।

चन्द्रानना जगद्धात्री वीणाम्बुजकरद्वया ।
सुभागा सर्वगा स्वाहा जम्भिनी स्तम्भिनी स्वरा ।।६।।


ऐं नमः



काली कापालिनी कौली विज्ञा रात्री त्रिलोचना ।
पुस्तक . व्यग्रहस्ता च योगिन्यमितक्रिमा ॥७॥

सर्वसिद्धिकरी सन्ध्या खड्गिनी कामरुपिणी ।
सर्वसत्वहिता प्रज्ञा शिवा शुक्ला मनोरमा ॥८॥

माङ्गल्यरुचिराकारा धन्या काननवासिनी ।
अज्ञाननाशिनी जैनी अज्ञाननिशिभास्करी ॥९॥

अज्ञानजनमातात्व - मज्ञानोदधिशोषिणी ।
ज्ञानदा नर्मदा गङ्गा सीता वागीश्वरी धृतिः ॥१०॥

ऐकारा मस्तका प्रीतिः ह्रीं कार वदनाहुतिः
क्लींकारहृदयाशक्तिः रष्टबीजानिराकृति ॥११॥

निरामया जगत्संस्था निष्प्रपज्जा चलाऽचला ।
निरुत्पन्ना समुत्पन्ना अनन्ता गगनोपमा ॥१२॥

पठत्यमूनि नामानि अष्टोत्तरशतानि यः ।
वत्सं धेनुरिवायाति तस्मिन् देवी सरस्वती ॥१३॥

त्रिकालं च शुचि भूंत्वा अंष्टमासान् निरंतरम् ।
पृथिव्यां तस्य बंभ्रम्य तन्वन्ति कवयो यशः ॥१४॥

द्रुहिणवदनपद्मे राजहंसीवशुभ्रा,
सकलकलुषवल्ली कन्दकुद्दालकल्पा ।
अमरशतनताऽङिध्र कामधेनुः कवीनां,
दहतु कम्रहस्ता भारती कल्मषं नः ॥१५॥

## ભાષાંતર

૧. ધીષણા - જ્ઞાન સ્વરૂપા.
૨. ધી - ચિન્તન શક્તિસ્વરૂપા
૩. મતિ - કલ્પના શક્તિરૂપા.
૪. મેધા - બોધ શક્તિરૂપા
૫. વાગ્ - વચન શક્તિરૂપા
૬. વિભવા - ઐશ્વર્યરૂપા.
૭. સરસ્વતી - વાણીની દેવી
૮. ગી : - વર્ણનશક્તિ
૯. વાણી - ધ્વનિરૂપા
૧૦. ભારતી - અર્થબોધસ્વરૂપા.
૧૧. ભાષા - ઉચ્ચારૂપા.
૧૨. બ્રહ્માણી - વૃદ્ધિરૂપા
૧૩. માગધ પ્રિયા - ભક્તપ્રિયા
૧૪. સર્વેશ્વરી - સર્વની સ્વામિની.
૧૫. મહાગૌરી - ઉજ્જવળ સ્વરૂપા
૧૬. શંકરી - સુખ કરનારી
૧૭. ભક્ત વત્સલા - વાત્સલ્યરૂપા
૧૮. રૌદ્રી - પ્રચંડરૂપા
૧૯. ચાંડાલિની - તીક્ષ્ણરૂપા
૨૦. ચંડી - ઉગ્રસ્વરૂપ
૨૧. ભૈરવી - ભયરૂપા
૨૨. વૈષ્ણવી - સર્વવ્યાપકશક્તિ
૨૩. જયા - જયસ્વરૂપા
૨૪. ગાયત્રી - સ્તુતિપાઠકની રક્ષા કરનારી
૨૫. ચતુર્બાહ - ચાર હાથવાળી
૨૬. કૌમારી - બાલ મનોહરરૂપવાળી
૨૭. પરમેશ્વરી - પરમશક્તિ સ્વરૂપા
૨૮. દેવમાતા - દેવોની માતા
૨૯. અક્ષયા - અવિનાશી શક્તિ.
૩૦. નિત્યા - નિત્યા સ્વરૂપા
૩૧. ત્રિપુરભૈરવી - ત્રણ શક્તિ વગેરે સંખ્યાત્મક વસ્તુની સ્વામિની.
૩૨. ત્રૈલોક્ય સ્વામિની દેવી - ત્રણેય લોકનું શાસન કરનારી દેવી.
૩૩. માંકા - સમૃદ્ધિરસ્વરૂપા.
૩૪. કારુણ્યસૂત્રિણી - કરુણા સ્વરૂપા
૩૫. શૂલિની - ભેદશક્તિ રૂપા
૩૬. પદ્મિની - કમળ ધારણ કરનારી
૩૭. રુદ્રા - રૌદ્રરૂપવાળી
૩૮. લક્ષ્મી - સંપત્તિસ્વરૂપા
૩૯. પંકજવાસિની - કમળમાં નિવાસ કરનારી
૪૦. ચામુંડા - બ્રહ્મશક્તિ
૪૧. ખેચરી - આકાશગામિની
૪૨. શાન્તા - દોષરહિતા
૪૩. હુંકારા - હું કારવાળી, હું (મંત્ર) ધ્વનિ કરનારી.
૪૪. ચંદ્રશેખરી - મંગલારૂપા

૪૫. વારાહી - કલ્યાણસ્વરૂપા

૪૬. વિજયા - વિજય કરનારી

૪૭. અન્તાર્ધા - પોતાનામાં લીન થનારી

૪૮. કર્ત્રી - કર્તૃત્વશક્તિ

૪૯. હર્ત્રી - વિનાશશક્તિ

૫૦. સુરેશ્વરી - ચંદ્ર સમાન મુખવાળી

૫૧. ચંદ્રાનના - ચંદ્ર સમાન મુખવાળી

૫૨. જગદ્ધાત્રી - જગતનું પોષણ કરનારી

૫૩. વીણામ્બુજકરદ્વયા - વીણા અને કમળને ધારણ કરનારી

૫૪. સુભગા - સૌભાગ્યરૂપા

૫૫. સર્વગા - સર્વવ્યાપક શક્તિ

૫૬. સ્વાહા - સારી રીતે આમંત્રિત થયેલી

૫૭. જંભિની - ભક્ષણ કરનારી

૫૮. સ્તંભિની - સ્તંભન કરનારી (રોકનારી)

૫૯. સ્વરા - ધ્વનિ અને સંગીત સ્વરૂપા

૬૦. કાલી - વિનાશરૂપા

૬૧. કાપાલિની - શિવસ્વરૂપા

૬૨. કૌલી - શ્રેષ્ઠસ્વરૂપા

૬૩. વિજ્ઞા - વિશિષ્ટ જ્ઞાનરૂપા

૬૪. રાત્રી - જ્ઞાનરૂપા, પ્રકાશરૂપા

૬૫. ત્રિલોચન - (સૂર્ય, ચંદ્ર અને અગ્નિરૂપ ત્રણ લોચનવાળી)

૬૬. પુસ્તક વ્યગ્રહસ્તા - પુસ્તક ધારણ કરનારી

૬૭. યોગિની - યોગરૂપા

૬૮. અમિતા વિક્રમા - અમાપ પરાક્રમવાળી

૬૯. સર્વસિદ્ધિ કરી - સર્વ સિદ્ધિઓને કરનારી

૭૦. સંધ્યા - સારી રીતે ધ્યાન કરવા યોગ્ય

૭૧. ખડ્ગિની - વિનાશક શક્તિવાળી

૭૨. કામરૂપિણી - ઇચ્છા અનુસાર સ્વરૂપ ધારણ કરનારી

૭૩. સર્વસત્ત્વહિતા - સર્વે પ્રાણીનું હિત કરનારી

૭૪. પ્રજ્ઞા - વિશેષ ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપા

૭૫. શિવા- મંગલ કરનારી

૭૬. શુક્લા - તેજરૂપા

૭૭. મનોરમા - મનોહર રૂપવાળી

૭૮. માંગલ્યરુચિકા - મંગળ અને પ્રિય સ્વરૂપવાળી

૭૯. ધન્યા - ભાગ્યરૂપા

૮૦. કાનનવાસિની - વનમાં વસનારી

૮૧. અજ્ઞાનનાશિની - અજ્ઞાનનો નાસ કરનારી
૮૨. જૈની - જિન (તીર્થંકર)ની વાણીસ્વરૂપા
૮૩. અજ્ઞાન નિશિભાસ્કરી - અજ્ઞાન રૂપી રાત્રિ માટે સૂર્યરૂપા
૮૪. અજ્ઞાન જનમાતા - અજ્ઞાની જનની માતા
૮૫. અજ્ઞાનોદધિશોષિણી - અજ્ઞાનના સાગરને સૂકવી નાખનારી
૮૬. જ્ઞાનદા - જ્ઞાન આપનારી
૮૭. નર્મદા - આનંદ આપનારી
૮૮. ગંગા - ગતિસ્વરૂપ
૮૯. સીતા - લક્ષ્મીસ્વરૂપા
૯૦. વાગીશ્વરી - વાણીની સ્વામિની
૯૧. ધૃતિ - ધારણ કરનારી
૯૨. ઐં કારા - ઐં બીજ મંત્ર સ્વરૂપા
૯૩. મસ્તકા - ઉર્ધ્વરૂપા
૯૪. પ્રીતિ - પ્રેમસ્વરૂપા
૯૫. હ્રીં કાર વદનાહુતિ - હ્રીં કારરૂપી મુખમાંથી આમંત્રિત કરાયેલી
૯૬. કલીંકારહૃદયા - કલીંરૂપી હૃદયવાળી
૯૭. શક્તિ - સામર્થ્યશાળી
૯૮. અષ્ટબીજા - આઠ બીજ મંત્ર સ્વરૂપા
૯૯. નિરાકૃતિ - સંશય છેદનારી
૧૦૦. નિરામયા - દોષરહિતા
૧૦૧. જગત્સંસ્થા - જગતની આધાર રૂપા
૧૦૨. નિષ્પ્રપંચા - પ્રપંચથી રહિત
૧૦૩. ચલા - ચલિતતા, ગતિશીલતા ગતિસ્વરૂપા
૧૦૪. અચલા - સ્થિરસ્વરૂપા
૧૦૫. નિરુત્પન્ના - ઉત્પત્તિરહિતા
૧૦૬. સમુત્પન્ના - સારી રીતે ઉત્પન્ન થયેલી
૧૦૭. અનન્તા - અન્તરરહિતા
૧૦૮. ગગનોપમા - સર્વ વ્યાપન શીલા

●



# १५. ॥ श्री शारदादेवी - नमस्कार : ॥

अनुष्टुप

श्री शारदे ! नमस्तुभ्यं जगद् भुवनदीपिके ! ।
विद्वज्जनमुखाम्भोज भृङ्गिके । मे मुखे वस ॥१॥

वागीश्वरी ! नमस्तुभ्यं नमस्ते हंसगामिनी ।
नमस्तुभ्यं जगन्मात र्जगत्कर्त्रि नमोऽस्तुते ॥२॥

शक्तिरुपे ! नमस्तुभ्यं कवीश्वरि ! नमोऽस्तुते
नमस्तुभ्यं भगवति । सरस्वति ! नमोऽस्तुते ॥३॥

जगन्मुखे ! नमस्तुभ्यं वरदायिनि ! ते नमः
नमोऽस्तु तेऽम्बिकादेवि ! जगत्पावनि ! ते नमः ॥४॥

शुक्लाम्बरे ! नमस्तुभ्यं ज्ञानदायिनि ! ते नमः
ब्रह्मरुपे ! नमस्तुभ्यं ब्रह्मपुत्रि ! नमोऽस्तुते ॥५॥

विद्वन्मात ! नमस्तुभ्यं वीणाधारिणि ! ते नमः ।
सुरेश्वरि ! नमस्तुभ्यं नमस्ते सुरवन्दिते ! ॥६॥

भाषामयि ! नमस्तुभ्यं शुकधारिणि ! ते नमः ।
पङ्कजाक्षि ! नमस्तुभ्यं मालाधारिणि ! ते नमः ॥७॥

पद्मारुढे ! नमस्तुभ्यं नमस्त्रिपुरसुन्दरि ! ॥८॥

धीदायिनि ! नमस्तुभ्यं ज्ञानरुपे नमोऽस्तुते ।
सुरार्चिते ! नमस्तुभ्यं भुवनेश्वरि ! ते नमः ॥९॥

कृपावति ! नमस्तुभ्यं यशोदायिनि ! ते नमः ।
सुखप्रदे ! नमस्तुभ्यं नमः सौभाग्यवर्धिनि ! ॥१०॥

विश्वेश्वरि ! नमस्तुभ्यं नमस्त्रैलोक्यधारिणि !
जगत्पूज्ये नमस्तुभ्यं विद्यां देहि महामहे ! ॥११॥

श्रीं देवते नमस्तुभ्यं जगदम्बे ! नमोऽस्तुते ।
महादेवि ! नमस्तुभ्यं पुस्तकधारिणि ! ते नमः ॥१२॥

कामप्रदे ! नमस्तुभ्यं श्रेयो माङ्गल्यदायिनि !
सृष्टिकर्त्रि ! नमस्तुभ्यं सृष्टिधारिणि ! ते नमः ॥१३॥

कविंशक्ते ! नमस्तुभ्यं कलिनाशिनि ! ते नमः ।

कवित्वदे ! नमस्तुभ्यं मत्तमातङ्गगामिनि ॥१४॥

जगद्धिते ! नमस्तुभ्यं नमः संहारकारिणी ! ।
विद्यामयि । नमस्तुभ्यं विद्यां देहि दयावति । ॥१५॥

। इति नमस्काराः समाप्ता : ।

### ભાષાંતર

હે શ્રી શારદા ! હે જગતરૂપી ભુવનમાં દીપિકા (દીપક) સમાન ! હે વિદ્વાનના મુખ રૂપી કમળમાં ભમરી સમાન ! આપને નમસ્કાર થાઓ. આપ મારા મુખમાં વસો. (૧)

હે વાગીશ્વરી ! આપને નમસ્કાર, હે હંસગામિની ! તને નમસ્કાર, હે જગતને કરનારી ! આપને નમસ્કાર થાઓ. (૨)

હે શક્તિરૂપા તને નમસ્કાર, હે કવીશ્વરી ! તને નમસ્કાર, હે ભગવતી ! હે સરસ્વતી ! આપનેનમસ્કા થાઓ. (૩)

હે જગન્મુખા ! આપને નમસ્કાર, હે ઉત્તમવરદાન આપનારી ! તને નમસ્કાર, એ અંબિકાદેવી ! આપને નમસ્કાર, હે જગતને પાવન કરનારી ! આપને નમસ્કાર થાઓ. (૪)

હે શ્વેતવસ્ત્રવાળી ! આપને નમસ્કાર, હે વીણાને ધારણ કરનારી ! તને નમસ્કાર, હે બ્રહ્મરૂપા ! આપને નમસ્કાર, હે બ્રહ્મપુત્રી ! તને નમસ્કાર થાઓ. (૫)

હે વિદ્વાનોની માતા ! આપને નમસ્કાર, હે વીણાને ધારણ કરનારી ! તને નમસ્કાર, હે સુરીશ્વરી (દેવોની સ્વામિની) ! આપને નમસ્કાર, હે સુરીથી વંદાયેલી ! તને નમસ્કાર થાઓ. (૬)

હે ભાષામયી ! આપને નમસ્કાર, હે શુક (પોપટ) ધારણ કરીને ! તને નમસ્કાર, હે શુક્લરૂપા ! આપને નમસ્કાર, હે ત્રિપુરસુંદરી ! આપને નમસ્કાર થાઓ. (૮)

હે બુદ્ધિને આપનારી ! આપને નમસ્કાર, હે પદ્મને ધારણ કરનારી ! તને નમસ્કાર, હે દેવોથી પૂજાયેલી ! આપને નમસ્કાર, હે ભુવનેશ્વરી ! તને નમસ્કાર થાઓ. (૯)

હે કૃપાવાળી આપને નમસ્કા, હે યશને આપનારી ! તને નમસ્કાર, હે સુખને આપનારી ! આપને નમસ્કાર, હે સૌભાગ્યને વધારનારી ! તને નમસ્કાર થાઓ. (૧૦)

હે વિશ્વેશ્વરી (વિશ્વની સ્વામિની) આપને નમસ્કાર, હે ત્રણે ય લોકને ધારણ કરનારી ! તને નમસ્કાર, હે જયત્પૂજ્યા ! આપને નમસ્કાર, હે મહાતેજવાળી વિદ્યાને તું આપ. (૧૧)

હે શ્રી દેવતા ! આપને નમસ્કાર, હે જગતની માતા ! તને નમસ્કાર, હે મહાદેવી ! આપને નમસ્કાર, હે પુસ્તકને ધારણ કરનારી તને નમસ્કાર થાઓ. (૧૨)

હે કામ (ઈચ્છિત) ને આપનારી ! આપને નમસ્કાર, હે શ્રેય અને માંગલ્યને આપનારી ! હે સૃષ્ટિને કરનારી ! આપને નમસ્કાર હે સૃષ્ટિને ધારણ કરનારી ! તને નમસ્કાર થાઓ. (૧૩)

હે કવિઓની શક્તિ ! આપને નમસ્કાર, હે કલિ (યુગ)નો નાશ કરનારી ! તને નમસ્કાર, હે કવિત્વને આપનારી ! આપને નમસ્કાર, હે મત્ત માતંગ ગામિની તને નમસ્કાર થાઓ. (૧૪)

હે જગતનું હિત કરનારી ! આપને નમસ્કાર થાઓ. હે સંહાર કરનારી ! હે વિદ્યામયી ! આપને નમસ્કાર થાઓ, હે દયાવતી ! (દયાવાળી !) (મને) વિદ્યાને તું આપ.

●

## પુસ્તક

# ૧૬. સરસ્વતી ગીત - સ્તુતિ - પ્રાર્થના

## સરસ્વતી ગીત

**ડભોઈ લિ. પત્ર. ૫૫૪/૫૧૦૮**

**(સુણોચંદાજી)**

મા ભગવતી વિદ્યાની દેનારી, માતા સરસ્વતી
તું વીણા વિલાસની કરનારી, અજ્ઞાન તિમિરની હરનારી
તું જ્ઞાન વિકાસની કરનારી મા ભગ...૧

તું બ્રહ્માણી જગમાતા, આદિ ભવાની તું ત્રાતા
કાશ્મીરમંડની (મંદિરની) સુખશાતા. મા ભગ...૨

માથે મસ્તક મુગુટ બિરાજે છે, દોય કાને કુંડલ છાજે છે,
હૈયે હાર મોતીનો રાજે છે... મા ભગ...૩

એક હાથે વીણા સોહે છે, બીજે પુસ્તક પડિબોહે છે
કમલાકર માલા મોહે છે... મા ભગ...૪

હંસાસન બેસી જગત ફરો, કવિ જનનાં મુખમાં સંચરો
મા મુજને બુદ્ધિ પ્રકાશ કરો... મા ભગ...૫
સચરાચરમેં તુહ વસી, ધ્યાન ધરે ચિત્ત ઉદાસી,
તે વિદ્યા પામે હસી હસી... મા ભગ...૬

તું ક્ષુદ્રોપદ્રવ હરનારી કહે દયાનંદને સુખકારી
શાસનદેવી મનોહરી હું જાઉં તોરી બલિહારી...
મા ભગ...૭

(માતા સરસ્વતી વિદ્યાની દાતા તું ત્રિભુવનમાં વિખ્યાત
તુજ નામે લહીએ સુખશાતા... મા ભગ...૮)

॥ ઈતિ સરસ્વતી ગીત સંપૂર્ણમ્ ॥

## શારદાસ્તુતિ :

હે શારદે મા; હે શારદે મા, અજ્ઞાનતાસે હમે તારદે મા,
તું સ્વરકી દેવી એ સંગીત તુજસે, હરશબ્દ તેરા હર ગીત તુજસે,
હમ હે અકેલે હમ હે અધૂરે તેરી શરણ હમ, હમે પ્યાર દે મા...૧

મુનિઓને સમજી ગુણીઓને જાણી, સંતોષી ભાષ આગમકી વાણી,
હમ ભી તો સમજે હમ તી જાણે, વિદ્યાકા હમ કો અધિકાર દે મા

તું શ્વેતવર્ણી કમલપેં બિરાજે, હાથોમેં વીણા મુકુટ શિરપેં સાજે
મનસે હમેરા મિટાદે અંધેરા, હમકો ઉજાલાકા પરિવાર દે મા

## મા શારદાને વંદના

### સ્નાતસ્યા પ્રતિમસ્ય...

જેના નામ સ્મરણથી અબુધનાં કષ્ટો બધાં નાસતા,
જેના જાપ કરણથી વિબુધનાં કાર્યો સદા શોભતા,
જેના ધ્યાન થકી મળે ભવિકને પુન્યૌધની સંપદા,
ભાવે તે શ્રુતશારદા ચરણમાં હોજો સદા વંદના...૧

જે વિલસે સચરાચર જગતમાં હંસાધિરુઢા બની,
શોભે પુસ્તક પંકજે ગ્રહી થકી મૌક્તિકમાલા વળી,
વિદ્યા વાણીપ્રમોદને યશઃ દઈ કામિતને પૂરતી,
ભાવે તે શ્રુતશારદા ચરણમાં હોજો સદા વંદના...૨

તીર્થંકર મુખ સેવતી ભગવતી વિખ્યાત જે લોકમાં
પૂજે દાનવ-માનવો લળી લળી પાપો તૂટે થોકમાં,
ભંજે સંશય લોકના તિમિરને જૈનેશ્વરી જોડ ના,
ભાવે તે શ્રુત શાદરા ચરણમાં હોજો સદા વંદના...૩



# મા શારદાને પ્રાર્થના

**અસત્યો માંહેથી પ્રભુ પરમ...**

સ્મરું સાથે ચિત્તે પદકમલને થાપી હૃદયે,
સ્તવું ભાવે તોરા ગુણગણતણો પાર નહીં જે,
લહું માતા આજે હરખ દિલમાં ધ્યાવી તુજને,
નિહાળે જે સ્નેહ ફળશે શિશુના જાપ ઉર જે...૧

તિરસ્કાર તેજે, શરદશશીની કાંતિ વદને,
પુરસ્કારે પ્રેમે પવિત્રાજનને જ્ઞાન દઈને,
આવિષ્કારે હેતે ક્ષણ નહીં ભૂલે ચિત્તે કમલે,
નિહાળે જો સ્નેહે બળશે શિશુના પાપ ઉર જે...૨

વિકાસે ધી ભારી સતત સમરે આપ હૃદયે,
વિલાસે ગી સારી સરલ મનથી માત ભજશે,
વિનાશે ભી મારી ભવભયતણી તાણ ટળશે,
નિહાળે જો સ્નેહે કરશે શિશુના તાપ ઉર જે...૩

# સરસ્વતી પ્રાર્થના

રાગ : પ્રભુ જેવો ગણો તેવો તથાપિ બાલ તારો છું...
સરસ્વતી માત છો પ્યારી, તુમારો બાળ સત્ બોલે
કરોને મ્હેર ક્ષણ દેવી, ટળે મુજ અજ્ઞતા જોરે... સર...૧

બૂરો-ભૂંડો મૂરખ પૂરો, કપટને કામે વળી શૂરો,
બધા દુર્ગુણના દરિયો, છતાં તુજ બાળ નહીં ભૂલો... સર...૨

કદી પુત્ર-કુપુત્ર થાય, નહીં માતા-કુમાતા થાય,
ભલી ભોળી તુમે હો માત, જગતની રીત એ ના છોડ...સર...૩

છતાં તરછોડશો મુજને, થશે અપજશ જગ તારો
હવે શું સોચવું તુજને, ગ્રહી લે હાથ બાળકનો... સર...૪

મળે તુજ રાગીને શ્રુતજ્ઞાન, ફળે તું ધ્યાનીને ઉજમાળ
પરંતુ આપો જો નિજબાળ, માનું કે આપનો નહીં પાર...સર...૫

ભરી શ્રદ્ધા હૃદય ભારી, જગતમાં તું હી એક સાચી
કરીશ જ્ઞાની આતમરાગી, અંતરના પાપ દઈ ટાળી...સર...૬

(આ ચાર કૃતિઓના રચયિતા મુનિ કુલચંદ્ર વિજયજી)

**આનંદામૃત અર્પો અમોની દુર્બુદ્ધિ સહૂ દૂર કરો**
**દેવી સરસ્વતી ઉરમાં ઠરો,**

**– ઉમાશંકર જોશી**

•

# ૧૭ - સરસ્વતી મંત્ર સાધના

## મંત્રજાપ શરૂ કરતાં પહેલાં અતિ જરૂરી સામાન્ય વિધિ યાને સાધનાશુદ્ધિ

- કોઈપણ પ્રકારના દેવદેવીઓના મંત્ર જાપની શરૂઆત કરતાં પહેલાં ગુરુ મ. સા. ની આજ્ઞા કે અનુભવી વડીલોની સંમતિ લેવી.
- કોઈપણ મંત્રની શરૂઆત શુદ્ધ દિવસે - ચંદ્રબળ વગેરે જોઈ શ્રેષ્ઠ સમયે ચાલુ કરવી.
- મંત્રસાધના માટે તીર્થભૂમિ, વનપ્રદેશ, પર્વતના ઊંચા સ્થાને, નદીતીરે, આશ્રમ, સાધનાકેન્દ્ર, મંદિર, દેરાસર-ઉપાશ્રય, ગૃહમંદિર કે ઘરના એકાંતસ્થાનમાં જ્યાં શાંતિ-સ્વચ્છતા ને સ્વસ્થતા જળવાય ત્યાં જાપ કરવો.
- પ્રભુપ્રતિમા કે ઈષ્ટદેવ-દેવીઓની પૂર્વદિશામાં વિધિપૂર્વક સ્થાપના કરી જાપ કરવો.
- જાપ દરમિયાન સંપૂર્ણ મૌન અને શાંત બનવું.
- જાપ કરતાં પહેલાં જગ્યા શુદ્ધ કરી શુદ્ધ (કોરા) વસ્ત્રો પહેરવાં.
- ચોખ્ખાઈ અને સુગંધિત પવિત્ર વાતાવરણ વચ્ચે જાપ ચાલુ કરવો.

- કોઈ પણ મંત્રની શરૂઆત કરતાં પહેલાં ઓછામાં ઓછી ૧ બાધા પારા (૧૦૮) ની શ્રી નવકાર મંત્રની માળા અથવા કોઈ ઇષ્ટ કે પવિત્રમંત્રની માળા ગણવી.
- મા સરસ્વતી દેવીની સાધના કરતાં પહેલાં પવિત્રસ્થાને મા સરસ્વતી દેવીની મૂર્તિ અથવા આકર્ષક ફોટાઓ સુંદર લાગે તે રીતે મૂકવા. તેની સ્થાપના તે રીતે કરવી જેથી પડી ન જાય અને ખસેડવા ન પડે અને સરસ્વતીદેવીની પીઠિકા રચવી. પીઠિકા પર વાસક્ષેપ કરી શકાય.
- મંત્રજાપ સ્ફટિકની માળાથી અથવા સુતરની માળાથી કરવો અને તે માળાથી બીજો કોઈ મંત્રનો જાપ ન કરવો તથા બીજા કોઈને ગણવા ન આપવી.
- જાપની દિશા - પદ - આસન - માળા - સમય એક નિશ્ચિત રાખવા. ખાસ કારણ સિવાય ફેરફાર ન કરવો.
- જેટલી સંખ્યામાં જાપ નક્કી કરો તેટલા રોજ અખંડપણે નિયમિત ગણવા. વચમાં એક પણ દિવસ બાકી ન રહી જાય તે ખાસ લક્ષ્ય રાખવું.
- જાપ વખતે પદ્માસન ફાવે તો તે, નહીંતર સુખાસને બેસી દૃષ્ટિને પ્રતિમા સન્મુખ કે નાસાગ્રે સ્થિર કરી જાપ કરવો.
- મંત્રજાપ દરમિયાન મનમાં ઉચાટ - ઉદ્વેગ કે ખિન્નતા ન રાખવી.કલુષિત મનથી કરેલો જાપ નિષ્ફળ જાય.
- જાપ ઉતાવળથી કે અસ્પષ્ટ ઉચ્ચારથી ન કરવો, જાપ થોડો થાય તો ચાલે પણ શુદ્ધ અને મન પ્રસન્ન રહે તે રીતે નિયમિત કરવો.
- જાપ કરતા વચમાં ખાડા પડે, સળંગ ન થાય તો તે ત્રુટિત ગણાય. તેથી અખંડ (દિવસ ન પડે તે) રીતે ગણવો, જે દિવસે ખાડો પડી જાય તો બીજા દિવસે નવેસરથી ગણવો.

- જાપ વખતે દાંત પરસ્પર અડેલા ન રાખવા, બંને હોઠ અડેલા રાખી શરીરને ટટ્ટાર અને સ્થિર રાખવું.
- મંત્રજાપની શરૂઆત શ્રેષ્ઠ મૂહુર્તે સૂર્યસ્વર ચાલતો હોય (પોતાના જમણાં નાકમાંથી શ્વાસ ચાલતી હોય) ત્યારે પ્રબળ સંકલ્પ કરીને કરવો, ત્વરિત સિદ્ધિ મળે.
- કોઈ પણ મંત્ર વિધિપૂર્વક ગુરુ મ. સા. પાસેથી ગ્રહણ કર્યા બાદ ઓછામાં ઓછો ૧૨૫૦૦નો જઘન્યથી કરવો. ૧ લાખનો જાપ આવશ્ય ફળ આપે અને તેથી વધુ થાય તો વધુ સારું (ઉપરોક્ત નિયમપૂર્વક ગણેલો હોય તો)
- જાપ દરમિયાનના દિવસોમાં એકદમ સાદો અને હળવો આહાર લેવો. અભક્ષ્ય - કંદમૂળ, તામસી વસ્તુઓ કે બજારની ખાદ્ય ચીજોનો અવશ્ય ત્યાગ કરી બ્રહ્મચર્યના પાલનપૂર્વક કરવો.
- આરાધના શરૂ કરતાં પૂર્વે श्री तीर्थंकर गणधरप्रसादात् एषः योगः फलतु श्री लब्धिधरगौतमकृपया च ૫ બોલીને ચાલુ કરવો તથા “इमं विझ्जं पउंजामि सिज्झउ ने पसिज्झउ” એ પદ બોલીને ચાલુ કરવો. જેથી જાપ સફળ થાય અને જાપ પૂરો થયા બાદ ક્ષમાપના માગવી.
- સાધના સિદ્ધિના સહાયક અંગો :

  (૧) એક દઢ નિર્ણય (૨) શ્રદ્ધા સ્વજાપમાં વિશ્વાસ બાહુલ્ય (૩) શુદ્ધ આરાધના (૪) નિરંતર પ્રયત્ન (૫) નિંદાવૃત્તિત્યાગ (૬) મિતભાષણ (૭) અપરિગ્રહવૃત્તિ (૮) મર્યાદાનું પૂર્ણપાલન.

# સરસ્વતીમંત્ર પ્રદાનવિધિ

મા સરસ્વતી શ્રુતદેવીની છબીસામે સ્તુતિ કરી. ઈરિયા. કરી ખમા. દઈ ઈચ્છા. સંદિસહ ભગવત્ શ્રુતદેવતા આરાધનાર્થ કાઉ કરું ? ઈચ્છં, શ્રુતદેવતા આરાધનાર્થ કરેમિ કાઉ. અન્નત્થ નવકારનો કાઉસગ્ગ. પારી નીચેની થોય બોલવી. અથવા કોઈ પણ ઈષ્ટ પવિત્ર મંત્ર બોલવા.

सुयदेवया भगवई नाणावरणीय कम्मसंधायं ।

तेसिं खवेउ सययं जेसिं सुयसायरे भत्ती ॥१॥ પછી ખમા. દેવું

પછી પ્રાણાયામની વિધિ આ રીતે કરવી.

(૧) સ્વસ્થ બની જમણી નાસિકા દબાવી ડાબેથી શ્વાસ ધીરે ધીરે કાઢવો અને શ્વાસ કાઢતાં...रागात्मक रक्तवायुं विसर्जयामि... એમ બોલવું

(૨) પછી ડાબી નાસિકા દબાવી નસકોરેથી ધીરે ધીરે શ્વાસ કાઢવો અને શ્વાસ કાઢતા... द्वेवात्मकं कृष्णवायुं विसर्जयामि...। એમ બોલવું વિચારવું.

(૩) તે પછી શાંત બની સમતા રાખી જમણી નાસિકાને દાબી રાખી ડાબા નસકોરેથી શ્વાસ લેવો અને લેતી વખતે सत्वोत्मकं शुकलवायुं आगृह्णामि એમ બોલવું અને ઊંડા શ્વાસ લઈ સ્થિર કરી નીચેનો મંત્ર (ઇષ્ટજાપ મંત્ર) ધારણ કરવો.

ॐ ह्रीं क्लीं ब्लूँ हसकल ह्रीं ऐं नमः ।

પછી ત્રણવાર ઉચ્ચાર કરી મોટેથી બોલવું, અને રોજ ૧ માળા ગણવી.

જાપ પૂર્ણ થયા બાદ નીચેની સ્તુતિ ૩ વાર બોલવી.

...દેજે દેજે અબુધ શિશુને તું સદ્બુદ્ધિ દેજે,

રહેજે રહેજે મુજ પર સદા તું પ્રસન્ના જ રહેશે...

પછી આરતી ઉતારવી.

# શ્રી વીણાવાદિની દેવી



ફોટામાં રહેલી કવિતાના અદભૂત ભાવોને ચિત્રમાં પૂરી હંસયુક્ત બનેલી સુંદરતમ કૃતિ

ચિત્રકાર :- મહાદેવી વર્મા, ૧૯૫૨



# સરસ્વતી દેવીની આરતી

જય વાગીશ્વરી માતા જય જય જનની માતા
પદ્માસની ! ભવતારિણી ! અનુપમ રસદાતા
જય વાગીશ્વરી માતા...૧

હંસવાહિની જલવિહારિણી અલિપ્ત કમલ સમી (૨)
ઈન્દ્રાદિ કિન્નરને (૨) સદા તું હ્રદયે ગમી
જય વાગીશ્વરી માતા...૨

તુજથી પંડિત પામ્યા કંઠ શુદ્ધિ સહસા (૨)
યશસ્વી શિશુને કરતાં (૨) સદા હસિતમુખા
જય વાગીશ્વરી માતા...૩

જ્ઞાનધ્યાનદાયિની શુદ્ધ બ્રહ્મકૃપા (૨)
અગણિત ગુણદાયિની (૨) વિશ્વે છો અનૂપા
જય વાગીશ્વરી માતા...૪

ઊર્ધ્વગામિની મા તું ઊદર્વે લઈ લેજે (૨)
જન્મમરણને ટાળી (૨) આત્મિક સુખ દેજે
જય વાગીશ્વરી માતા...૫

રત્નમયી ! ઐં રૂપા સદા ય બ્રહ્મપ્રિયા (૨)
કરકમલે વીણાથી (૨) શોભો જ્ઞાનપ્રિયા
જય વાગીશ્વરી માતા...૬

દોષો સહુના દહતાં દહતાં અક્ષય સુખ આપો (૨)
સાધક ઈચ્છિત અર્પી (૨) શિશુ ઉરને તર્પો
જય વાગીશ્વરી માતા...૭

પછી નીચેની સ્તુતિ ફરી બોલવી.

તારા તેજ અને પ્રભા નીરખવા અને જે ગૂઢના ગૂઢ જે,
શ્રદ્ધાભક્તિતણા સ્વરૂપા જૂજવા ના માનવો જ કળે
તારું દર્શનમાત્ર ગાત્ર ખીલવે એવી અમોને કળા,
સદ્‌બુદ્ધિ સુખશાંતિ ત સરળતા સ્નેહે સિધાવો સદા

પછી અંજલિ જોડી ક્ષમાપના માંગવી.

ॐ आह्वानं नैव जानामि न जानामि विसर्जनं ।
पूर्जाविधि न जानामि प्रसीद परमेश्वरी ॥१॥

ॐ आज्ञाहीनं क्रियाहीनं मन्त्रहीनं च यत्कृतम् ।
तत् सर्व कृपाया देवी । क्षमस्व परमेश्वरी ॥२॥

આ બંને શ્લોક બોલી વિસર્જનમુદ્રાથી

ॐ सरस्वती ! भगवती ! पुनरागमनाय स्वस्थानं गच्छ गच्छ स्वाहा

૩ વાર વિસર્જન કરવું. પછી કોઈ પણ એક મંત્ર પ્રભાવ પાઠ / સ્તોત્ર બોલવું.

## સરસ્વતી મંત્ર

- ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ ऐं नमः ।

રોજ ૧૦ માળા ગણવાથી મૂર્ખ જ્ઞાની બને, જ્ઞાન ચડે, સર્વ સિદ્ધિ આપે.

- ॐ वद वद वाग्वादिन्यै नमः ।

સારા મુહૂર્તે શરૂ કરી રોજ ૧૦ માળા ગણવી તથા ત્રિકાલ ગણવી. સત્વરે સિદ્ધિ થાય.

- ऐं नमः ।

૩ દિવસમાં ૧/ સવા લાખનો જાપ માની છબી સમક્ષ પવિત્રપણે થઈને કરવો. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે સિદ્ધ કરેલ છે. ભોજન ખીર ખાંડ ઘી સિવાય કાંઈ ન જમીએ સરસવતી પ્રત્યક્ષ થાય. વિદ્યા આવે નિઃસંદેહ.

- ॐ ऐ ह्रीं श्रीं वद वाद वाग्वादिनी ही नमः ।

દિવાળીમાં અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) કરીને પવિત્રપણે ૧૨// સાડા બાર હજારનો જાપ કરવાથી સિદ્ધ થાય.

- ॐ ह्रीं श्री ए वद वद वाग्वादिनी ! भगवती ! सरस्वती ! अर्हन्मुखवासिनी ! ममास्ये प्रकाशं कुरु कुरु स्वाहा ।

રોજ ૧૦૮ વાર ગણવાથી જ્ઞાન ચડે, બુદ્ધિ, તીક્ષ્ણ થાય.

- ॐ ऐ सरस्वत्यै नमः ।

રોજ ૧૦ માળા સવારે ગણવી, ૫૦ હજારનો જાપ કરવાથી સુંદર પરિણામ મળે.

- ॐ ही ह सौ सरस्वत्यै नमः ।

રોજ ૧૦ માળા ગણવાથી વિદ્યા ચડે.

- દર પાંચમે એકાસણું (એક આસને બેસી એક જ વાર આહાર કરવો) અથવા ઉપવાસ કરી સત્પુરુષો, જ્ઞાનો પુરુષોને વંદન કરવા. જ્ઞાની ગુરુજન સન્મુખ ન હોય તો ઈશાન ખૂણામાં મુખ રાખી તીર્થંકર પરમાત્મા અથવા શુભ દેવોને વંદન કર્યા પછી "ॐ રીમ નમો નાણસ્સ"ની ૨૦ માળા ગણવાથી જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. (વિશેષ ગુરુગમથી જાણવું)

●

# ૧૮. સરસ્વતી યંત્ર

## વિદ્યા પ્રાપ્તિ માટે સરસ્વતી સિદ્ધયંત્ર -

શુભ દિવસે તામ્રપત્ર ઉપર બનાવી, શુભ મુહૂર્તે સ્થાપન કરી દરરોજ અષ્ટગંધથી પૂજન કરી સાકરનું નૈવેદ્ય ધરવું. ખાસ કરીને નવરાત્રીના દિવસોમાં આરાધના કરવાથી શીઘ્ર ફળદાયી બને.

આ યંત્ર વિદ્યા પ્રાપ્તિના તેજોરશ્મિ પ્રાપ્ત કરવા માટે છે.




આ યંત્ર રવિપુષ્પના શુભયોગમાં બનાવી નીચેના મંત્રનો સવાલાખનો જાપ કરવો.

**ॐ ही श्री चतुर्दशपर्वेभ्यो**

**नमो नमः ।**

**મહાવિદ્યાવાન થાય.**

| | | |
|---|---|---|
| ૫ | ૭ | ૩ |
| ૧૪ | ૨૧ | ૨૬ |
| ૨૮ | ૪૯૯ | ૫૬ |

●

## ૧૯. જ્ઞાન, સાધના અને વિનય

જ્ઞાન પ્રાપ્તિની પૂર્વ શરત વિનય છે. વિનય વિના વિદ્યા ચડે નહિ અને વિનયથી જ વિદ્યા શોભે છે. ગુરુ પ્રત્યે અર્પણભાવ અને જેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તેના પ્રત્યે પરમ વિનય ભાવ જ જ્ઞાન અને વિદ્યાના અધિકાર બનાવશે. આ સંદર્ભે રાજા શ્રેણિકના જીવનનો પ્રસંગ રસપ્રદ છે.

શ્રેણિક મહારાજાના સમયમાં, એક ભંગીની સગર્ભા પત્નીને કેરી ખાવાની ઇચ્છા થઈ, પરંતુ ઋતુ વિના આમ્રફળ ક્યાંથી મળી શકે ?

શ્રેણિક રાજાના દરબારમાં, ઝાડુ કાઢવા જતી એક બાઈએ આ શુદ્રને બાતમી આપી કે રાજ્ય દરબારમાં એક આંબો છે, તે ત્રણે ઋતુમાં પાકે છે (ફળો આપે છે) અને તેનો ઉપભોગ માત્ર રાજપરિવાર કરે છે. આંબાના વૃક્ષનું ધ્યાન રાખવા માટે ચોકીદારનો સખત બંદોબસ્ત છે, તેથી તેની કેરી કોઈ લઈ શકે તેમ નથી. આ સાંભળી આ હરિજન નિરાશ થવાને બદલે આનંદમાં આવી ગયો કારણ કે તેની પાસે અપહરણ વિદ્યાનું જ્ઞાન હતું માટે આપવા લાગ્યો, આ રીતે આંબા પરથી કેરી દરરોજ લાવીને તેની પત્નીને ખાવા માટે આપવા લાગ્યો, આ રીતે આંબા ઉપરથી હંમેશાં એક કેરી ઓછી થતી જોઈને ચોકીદારો વિસ્મય પામ્યા અને આ બાબતની રાજાને જાણ કરવાથી, રાજાએ તપાસ કરવાનો હુકમ કર્યો પણ તપાસ કર્યા પછી ચોરનો પત્તો ન લાગવાથી છેવટે ચોરને માફી આપવાનું રાજાએ જાહેર કરવાથી, હરિજન જાતે હાજર

થયો અને પોતે અપહરણ વિદ્યા વડે કેરીઓ ચોરી જાય છે એવી હકીકત જાહેર કરી. આ જાણીને શ્રેણિક રાજાને આશ્ચર્ય થયું અને શુદ્ર - હરિજનને આ વિદ્યા પોતાને શીખવવાનો હુકમ કર્યો.

શ્રેણિક રાજા સિંહાસન ઉપર બીરાજમાન હતા અને હરિજન નીચે દૂર બેઠો હતો. આ સ્થિતિમાં વિદ્યા શીખવવી શરૂ કરી, બે ત્રણ વાર હરિજને મહેનત કરી, પણ શ્રેણીક રાજા એ વિદ્યા સાચી શક્યા નહિ. આ જોઈને બુદ્ધિશાળી રાજપુત્ર અભયકુમારે વિનય સહિત કહ્યું, “પિતાજી, વિનય વિના વિદ્યા મળે નહિ.” આ સાંભળીને ચતુર રાજા ચેતી ગયા અને શૂદ્ર હરિજનને -ગુરુના સિંહાસન પર બેસાડી પોતે નીચે બેઠા, એટલે તરત જ રાજાને વિદ્યા સાધ્ય થઈ.

આમ વિનય વિના વિદ્યા પ્રાપ્ત થતી નથી.

– ગુણવંત બરવાળિયા

•



# ૨૦. જ્ઞાનસાધનામાં લાગતાં દોષો પ્રત્યે સાવધ રહેવું

જ્ઞાન પ્રાપ્તિની સાધનામાં સર્વ પ્રથમ શિક્ષક, સદ્‌ગુરુ, સત્પુરુષ કે જ્ઞાની પુરુષ પ્રત્યે વિનયભાવ રાખવો જરૂરી છે. વિનીત શિષ્ય, હિતશિક્ષાની પાત્રતા એટલે ગુરુજી જે શિક્ષા આપે તે મારા હિત માટે છે, ગુરુનો ઘણો ઘણો ઉપકાર છે, તેવી ભાવના રાખે તો જ તેનામાં જ્ઞાનની પાત્ર પ્રગટે.

પુસ્તકો, શાસ્ત્રગ્રંથો, હસ્તલિખિત ગ્રંથો, ગ્રંથાલય, તામ્રપત્ર, તાડપત્રીય ગ્રંથો, કબાટ, પેન, કલમ, શાહી, કાગળ, ખુરશી, મેજ, ટેબલ, બ્લેકબોર્ડ, ચાર્ટ, આસન, ઠવળી, શિલાલેખ, ઘડી, ઘડિયાળ, વગેરે પરંપરાગત જ્ઞાન સાધનામાં સહાય કરનારા ઉપકરણો છે. આ ઉપકરણોની જાળવણી, સ્વચ્છતા અને વિવેકપૂર્વકનો ઉપયોગ જ્ઞાન પ્રાપ્તિમાં સહાયક બને છે.

સાંપ્રત યુગમાં ટી.વી. કોમ્પ્યુટર, સી.ડી., ટોકીંગ બુક, ટેપરેકોર્ડર, રેડિયો અને ઇન્ટરનેટ જેવાં સાધનોનો વિવેકપૂર્વકનો ઉપયોગ જ્ઞાન સાધનામાં સહાયક ગણી શકાય.

અલ્પ આરંભ - સમારંભ અને સ્વચ્છતાથી સૂક્ષ્મ જીવોની હિંસા નિવારી શકાય તેથી કર્મબંધન અટકે.

ચેતન (સદ્‌ગુરુ) અને જડ (ઉપકરણો) પ્રત્યે પણ વિવેક વિનય ભાવ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપક્ષમ કરાવે.

જ્ઞાન સાધનામાં લાગતાં દોષોને શાસ્ત્રીય પરિભાષામા જ્ઞાનના અતિચાર કહેવાય.આ દોષોની ગુરુની સાક્ષીએ ક્ષમાપના કરવી જોઈએ.

જ્ઞાનીઓએ સૂત્ર સિદ્ધાંત ત્રણ પ્રકારનાં રહ્યાં છે. સૂત્રરૂપ આગમ, અર્થરૂપ આગમ અને સૂત્ર અર્થરૂપ આગમ.

આ જ્ઞાનપ્રાપ્તિમાં કઈ રીતે દોષ લાગે ?

સૂત્રો આઘાપાછા ભણાયા હોય, ધ્યાન વિના સૂત્રો ભણાયા હોય, અક્ષરો આછા ભણાયા હોય, પદ ઓછું ભણાયું હોય. પદ વિનય સહિત ભણાયું હોય, મન અને કાયાના અસ્થિર પણે ભણાયું હોય (મન ક્યાંય ફરતું હોય અને ભણતા હોઈએ) શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય, રૂડું જ્ઞાન અવિનીતને દીધું હોય, દુષ્ટ ભાવથી જ્ઞાન લીધું હોય, અકાળે સજ્જાય કરી હોય, સજઝાય કરવાના સમયે સજઝાય ન કરી હોય, સજઝાય ન કરવાના સ્થળે સજઝાય હોય, સજઝાય કરવાના યોગ્ય સ્થળે સજઝાય ન કરી હોય.

સજઝાય એટલે સૂત્રો ભણવા કે શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો.

જ્ઞાનીઓએ અમુક દિવસ કે સૂત્રો-શાસ્ત્રો ભણવાનો કે શાસ્ત્ર સ્વાધ્યાય કરવાનો નિષેધ કર્યો છે તેને અકાળ કહેલ છે.

બાર અકાળની સમજણ - પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ, સંધ્યાકાળ અને મધ્યરાત્રી, સવારે અને સાંજે સંધ્યાની એકઘડી પહેલા અને એક ઘડી પછી અને મધ્યાહ્ન કાળે, મધ્યરાત્રિએ પ્રાયઃ ૧૨ થી ૧ વાગ્યા સુધી તેમજ ચૈત્રસુદ પૂનમ અને ચૈત્રવદ એકમ, અષાઢ સૂદ પૂનમ, વદ એકમ, ભારવા સૂદ પૂનમ, વદ એકમ. આસો સુદ પૂનમ, વદ એકમ. આટલા દિવસો અકાળના છે, તે સમયમાં સૂત્રોના મૂળપાઠ વંચાય કે ભણાય નહિ. ફાગણ સુદ પૂનમ - હોળીની તથા ધૂળેટીની અસ્વાધ્યાય આગમમાં બતાવેલ નથી પરંતુ પરંપરાથી મનાય છે.

જ્ઞાનના દોષો લાગેલા હોય તો અંતઃકરણથી પ્રાયશ્ચિત કરી ગુરુજન સમક્ષ ક્ષમાપના કરવી જોઈએ, વળી ભેદભાવ વિના, જ્ઞાનનો અધિકાર દરેકને છે તેનો વિવેકપૂર્વક સ્વીકાર કરવો.

જ્ઞાન વધે ત્યારે જ્ઞાનનો અહંકાર ન થાય તેની સતત સાવધાની રાખવી જોઈએ.

જ્ઞાનપિપાસુની સાધનામાં અંતરાય ન નાખવો જોઈએ.

• પોતાને મળેલા જ્ઞાનનો લાભ અન્યને પણ મળે તે ભાવના ભાવવી જોઈએ. વિદ્યા વહેંચતા વધે છે. વિદ્યાદાન ઉત્તમ દાન છે.

દીક્ષિત, સાધુ-સંત, મુમુક્ષુ, સાધક કે વિદ્યાર્થીની જ્ઞાન પ્રાપ્તિમાં તન-મન-ધનથી સહાય કરવાથી પૂર્વે લાગેલા જ્ઞાનના દોષો ટળશે અને ભવાંતરે આપણી જ્ઞાન પ્રાપ્તિમાં સહાયક બનશે.

— ગુણવંત બરવાળિયા

•

- ગુરુનું સાન્નિધ્ય એ આત્મજ્ઞાન પ્રગટ કરવાનો પાવન અવસર છે.
- વિજ્ઞાન પ્રયોગથી સાબિત કરે, સત્પુરુષો તેને નિજ જ્ઞાન-પ્રજ્ઞાથી સિદ્ધ કરે.



# ૨૧. યોગ અને જ્ઞાનસાધના

## જ્ઞાનસાધના એટલે શું ?

સાધના એટલે કંઈક પ્રાપ્ત કરવાનો પ્રયત્ન. જ્ઞાનસાધના એટલે જ્ઞાનને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ. જ્ઞાનને આપણે બે વિભાગમાં વહેંચી શકીએ.. વ્યવહારિક જ્ઞાન અને આધ્યાત્મિક જ્ઞાન.

વ્યાવહારિક જ્ઞાન : જે વિદ્યાર્થીઓ ગ્રહણ કરે તે. વ્યાવહારિક રીતે, પ્રેક્ટીકલ રીતે જે જ્ઞાન દ્વારા બુદ્ધિ, આવડત અને ચતુરાઈનો વિકાસ થાય તે વ્યવહારિક જ્ઞાન.

આધ્યાત્મિક જ્ઞાન : આત્મા સંબંધી જ્ઞાન જે દ્વારા સાધક, આત્મા અને કર્મનો સંબંધ સમજી, જીવ - અજીવનો ભેદ જાણી પૂર્ણતાએ પહોંચવામાં (મોક્ષપ્રાપ્તિ) મદદરૂપ થાય તે આધ્યાત્મિક જ્ઞાન.

જ્ઞાનસાધના માટે જરૂરી તંદુરસ્ત શરીર અને સ્વસ્થ મન :-

જ્ઞાનસાધના માટે વિદ્યાર્થીઓ હોય કે સાધક હોય તેમનું ખરું સાધન છે તંદુરસ્ત શરીર અને સ્વસ્થ મન.

शरीरमाद्यं खलु धर्मसाधनम् !

આ શરીર જ દરેક પ્રકારના ધર્મમય આચરણ માટેનું ખરું સાધન છે માટે આરોગ્યમય શરીર હોવું ખૂબ જ જરૂરી છે. જો શરીર તંદુરસ્ત હશે તો તેમાં તેવા જ સુંદર સ્વસ્થ મનનો નિવાસ શક્ય બનશે. જો

શરીર નીરોગી અને પવિત્ર હશે, મન શુદ્ધ અને નિર્મળ હશે તો જ્ઞાનપ્રાપ્તિ ખૂબ સાહજિક બનશે.

## યોગ દ્વારા તન - મનની તંદુરસ્તી :

તન - મનની નિર્મળતા / શુદ્ધિ માટે 'યોગ'માં આસન, પ્રાણાયામ, મુદ્રા, ષટ્ક્રિયા વ. (હઠયોગ) છે .તે જ રીતે અષ્ટાંગયોગ કે રાજયોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એવાં આઠ અંગ બતાવેલાં છે.

## યોગનો પરિચય :

યોગ એ મૂળ તો આધ્યાત્મવિદ્યા પણ છે એ દ્વારા શારીરિક, માનસિક, લાગણીમય અને આધ્યાત્મિક પાસાંઓનો વિકાસ થાય છે તેમજ તે વચ્ચે એક સંતુલન પણ બની રહે છે માટે વિદ્યાર્થી હોય કે અધ્યાત્મવર્ગનો સાધક હોય બંનેને યોગથી ખૂબ લાભ થાય છે.

હઠયોગપ્રદીપિકામાં કહ્યું છે,

हठस्य प्रथमांगत्वादासनं पूर्वमुच्यते !
कूर्यात्तदासनं स्थैर्यमारोग्यं चांगलाधवम !!

સંપૂર્ણ તંદુરસ્તી તથા નીરોગતા માટે આસનો ખૂબ જ જરૂરી છે. આસનોથી શરીર, મન ઉપર પડતા પ્રભાવને ડૉક્ટરોના પરીક્ષણથી પણ જાણી શકાયું છે. હઠયોગમાં કહે છે, તમે પ્રાણને નિયંત્રણમાં લાવો, મન પર કાબૂ આવી જશે. લક્ષ્ય એક જ છે પણ શરૂઆત અલગ છે. પ્રાચીન સમયમાં, આ યોગવિદ્યા એ યોગીઓની સંપત્તિ હતી હવે આ દિવ્યવિદ્યા દરેક વ્યક્તિની મિલકત બની શકે છે, જો તેનો તેનો યોગ્ય અભ્યાસ કરે તો.

આજે વૈજ્ઞાનિકોએ પણ પુરવાર કર્યું છે કે માનવી પોતાના મગજની કુલ ક્ષમતા છે એમાંથી ફક્ત ૧૦% શક્તિનો જ ઉપયોગ

કરી શકે છે. બાકીની ૯૦% શક્તિ સુષુપ્ત અવસ્થામાં જ રહે છે, અને બહાર લાવવામાં 'યોગવિદ્યા' એ ઉત્તમ સાધનાપદ્ધતિ છે.

ષટ્ક્રિયા, આસન, પ્રાણાયામ, ક્રિયાયોગ, ધ્યાન વ. કરવાથી વ્યક્તિની શારીરિક તેમ જ માનસિક શક્તિઓ ખીલી ઊઠે છે. આની પ્રાથમિક સમજ લઈ પછી વિદ્યાર્થીઓ અને સાધકોએ પ્રાયોગિક રૂપે શું, કેમ કરવું એ જોઈશું.

## શરીરમાં થતી ક્રિયાઓની જાણકારી :

આપણા શરીરમાં ૯ તંત્ર (Systems) ક્રિયા કરે છે.

૧. અસ્થિ (હાડકાં) તંત્ર (Skeletal system)
૨. માંસપેશી તંત્ર (Muscular system)
૩. સ્નાયુ (મંડળ) તંત્ર (Nervous system)
૪. ગ્રંથિઓનું હોર્મોન્સ તંત્ર (Endocrine system)
૫. શ્વસનતંત્ર (Respiratory system)
૬. હૃદય - પરિભ્રમણ તંત્ર (Cardio - Vascular system)
૭. પાચનતંત્ર (Digestive system)
૮. મળમૂત્રાદિ વિસર્જન (ઉત્સર્ગ) તંત્ર (Excretory system)
૯. પ્રજનનતંત્ર (Reproductive system)

ઉપરની બધી જ પદ્ધતિઓ કે તંત્ર જો વ્યવસ્થિત કાર્ય કરે તો મોટે ભાગે કોઈ રોગ થવાનો સંભવ નથી. યોગ દ્વારા એનું સંચાલન ખૂબ વ્યવસ્થિત અને સરળ રીતે ચાલે છે. (યોગ એટલે ષટ્ક્રિયા, આસન, પ્રાણાયામ, ક્રિયાયોગ, ધ્યાન વ.)

## ષટ્કર્મ :

છ કર્મ જે જરૂરિયાત મુજબ કરી શકાય.

૧. **નેતિ :** આંખ, નાક, કાનનાં સ્વાસ્થ્યમાં મદદ કરે છે.
૨. **ધોતિ :** પેટનાં દર્દો અને પાચનક્રિયા પર અસર કરે છે.

૩. **બસ્તિ :** ઉત્સર્ગતંત્ર પર અસર કરે છે. ચયાપચય અને મોટા આંતરડાની શુદ્ધિ થાય છે.

૪. **કપાલભાતિ :** શ્વસનતંત્રની શુદ્ધિ કરે છે, ચહેરા પર તેજ લાવે છે.

૫. **ત્રાટક :** આંખ (દૃષ્ટિ) ની શુદ્ધિ થાય છે. એકાગ્રતા વધે છે. સંકલ્પશક્તિ વધે છે.

૬. **નૌલિ :** પેટના મળની શુદ્ધિ કરે છે. ચરબી, કબજિયાત, મંદાગ્નિ દૂર થાય છે.

આ ષટ્કર્મ દ્વારા વાત્ત, પિત્ત અને કફના દોષો દૂર થાય છે. આટલી શુદ્ધિ પછી આસન તરફ આગળ વધવું.

## યોગાસન :

મહર્ષિ પતંજલિએ કહ્યું છે,

स्थिर सुंखमासनम्  (યોગસૂત્ર ૨ - ૪૭)

સુખપૂર્વકની સ્થિતિને આસન કહે છે. આસનની પૂર્ણ અવસ્થાએ પહોંચવા માટે તેમજ પૂર્ણ અવસ્થામાંથી પાછા આવવા માટે શરીરનું હલનચલન કરવું પડે પરંતુ પૂર્ણ અવસ્થાએ પહોંચીને એમાં થોડા સમય પૂરતું સ્થિર થવાનું છે એને જ યોગાસન કહી શકાય. શરીરની સ્થિતિ, મન અને શ્વાસનો સુમેળ આ આસન.

'ઘેરંડ સંહિતા' મુજબ જેટલી જીવયોનિ છે, એટલાં પ્રકારનાં એટલે કે ૮૪ લાખ આસનો છે. એમાંથી ૮૪ આસનો મહત્ત્વનાં છે એમાંથી ૩૨ અગત્યનાં આસનોનું વર્ણન આપ્યું છે. આસનો ત્રણ પ્રકારના છે.

૧. ધ્યાનાત્મક આસનો (Meditative Postures)

૨. સંવર્ધનાત્મક આસનો (Cultural Poses)

૩. શિથિલીકરણાત્મક આસનો (Relaxing Postures)

ધ્યાનાત્મક આસનો બેસીને કરવામાં આવે છે જેમાં કરોડરજ્જુ સીધી રહે અને પગની સ્થિતિ અલગ - અલગ છે.

પદમાસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન વ.

સંવર્ધનાત્મક આસનો :

ચત્તા સૂઈને - પવન મુક્તાસન

ઊંધા સૂઈને - ભૂજંગાસન

બેસીને - પર્વતાસન

ઊભા રહીને - તાડાસન

(Topsy - Turvey) વિપરીત અવસ્થામાં - સર્પાંગાસન વ.

**શિથિલીકરણાત્મક આસનો :**

આરામદાયક સ્થિતિમાં શરીર - મનને ઢીલાં છોડવાનાં પણ જાગરૂકતા સાથે.

શવાસન, મક્રાસન

વ્યક્તિગત જરૂરિયાત પ્રમાણે શીખીને કરવા.

**પ્રાણાયામ :**

પ્રાણ આયામ + (નિયમન) = પ્રાણાયામ.

પ્રાણ એટલે શું ?

સ્થૂળ રીતે પ્રાણવાયુ, જે શ્વાસોશ્વછ્વાસની ક્રિયામાં અંદર લઈએ છીએ, બહાર કાઢીએ છીએ પણ સૂક્ષ્મ રીતે પ્રાણ એટલે જીવનશક્તિ. પ્રાણાયામ દ્વારા સાધક પ્રથમ શ્વાસનો સંયમ કરે છે એ દ્વારા અંદર રહેલ પ્રાણનું નિયમન થાય છે તે દ્વારા ચિત્તવૃત્તિનો નિરોધ સહજ બને છે. સ્થૂળ રીતે શરીર પર અસર કરે, સૂક્ષ્મ રીતે મન પર અસર કરે.

૧. શ્વાસ ધીમા અને દીર્ઘ લેવા.

૨. શ્વાસ છોડવામાં દ્વૈદ્વિગ્ની સમય લાગે.

૩. શ્વાસ લેતી વખતે નાભિની નીચેનો ભાગ બહાર ન આવે એ જોવું મૂલબંધ કરવો.

આ રીતે શ્વાસ લેવાય એને પૂરક કહેવાય. શ્વાસ છોડે એને રેચક કહેવાય. શ્વાસ છોડ્યા પછી બહાર રોકી રાખે તે બાહ્ય કુંભક અથવા સહજકુંભક અને શ્વાસ લીધા પછી અંદર રોકે તે આંતરકુંભક.

શરૂઆતમાં પૂરક, રેચક અને સહજ કુંભક જ કરવા ૩ - ૬ મહિનાના નિયમિત અભ્યાસ પછી માર્ગદર્શન હેઠળ જ આંતરકુંભક કરી શકાય.

આ થઈ પ્રાણાયામની basic રીત : એમાં પછી પ્રકારો છે. લોમ - વિલોમ, ઉજ્જયી, ભસ્ત્રિકા, શીતલી. વ.

## જ્ઞાનસાધના માટે ઉપયોગી આસનો :

વિદ્યાર્થી અને સાધક પોતાની ઉંમર, શક્તિ, અનુભવ, સંજોગોને આધારે ષટ્ક્રિયા, આસન, પ્રાણાયામ માર્ગદર્શન હેઠળ કરે તેવી અપેક્ષા છે. અતિ કષ્ટ થાય કે શરીરમાં વિકૃતિ ઉત્પન્ન થાય તેટલી હદે કંઈ જ ન કરવું. પોતાની ક્ષમતા પ્રમાણે જ કરવું એ સોનેરી નિયમ છે. પુસ્તક કદી શિક્ષકનો વિકલ્પ બની શકે નહિ, યોગના ક્ષેત્રમાં તો નહિ જ પણ પ્રાથમિક માહિતી મળે એ હેતુથી નીચે થોડાં જરૂરી આસનોની વિગત આપવામાં આવી છે.

૧. **સર્વાંગાસન :** અજીર્ણ - કબજિયાત દૂર થાય. થાયરોઈડ ગ્રંથિનું સ્વાસ્થ્ય જળવાય છે. સાંવેગિક સમતુલા અને સ્વસ્થતા જાળવવામાં મદદ મળે છે.

૨. **મત્સ્યાસન :** શ્વસનતંત્ર, રૂધિરાભિસરણને કાર્યક્ષમ રાખે છે. સર્વાંગાસનનું પૂરક છે.

૩. **પૂર્ણ હલાસન :** કબજિયાત, અજીર્ણ, અનિદ્રા, વિષાદ દુર થાય છે. જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

૪. **ભુજંગાસન :** કરોડરજ્જુને સ્વસ્થ, લચીલી બનાવે છે. પેટની ચરબી દૂર થાય.

૫. **અર્ધ મત્સ્યેન્દ્રાસન :** કરોડરજ્જુ, જ્ઞાનતંત્ર અને પેટનાં સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે.

૬. **પશ્ચિમતાનાસન :** પીઠ અને પગનાં સ્નાયુઓને કેળવે છે. પાચનતંત્ર, જ્ઞાનતંત્રને ઉપયોગી.

૭. **શવાસન :** શારીરિક શ્રમ દૂર થાય, ચિત્તને વિશ્રામ મળે. એકાગ્રતા વધે, માનસિક શાંતિ મળે.

૮. **પર્વતાસન :** કરોડરજ્જુ સીધી રાખે. શ્વસનક્ષમતા વધે, ઊંચાઈ વધારવામાં ઉપયોગી.

૯. **દ્રોણાસન :** પેનક્રિયાસ અને લીવરના સ્વાસ્થ્યમાં ઉપયોગી. પેટ અને નિતંબની ચરબી ઘટાડે.

૧૦. **ઉગ્રાસન :** પેટ અને સાથળની ચરબી દૂર થાય. પગનાં સ્નાયુને કેળવી, દઢતા વધારે.

૧૧. **પવનમુક્તાસન :** અપાનવાયુ દૂર કરે. કબજિયાત દૂર થાય. પાચનશક્તિ વધારે.

૧૨. **ચક્રાસન :** કરોડરજ્જુનું સ્વાસ્થ્ય વધારે. કમરની વધારાની ચરબી દૂર કરે અને કમરને લચીલી બનાવે.

૧૩. **તાડાસન :** ઊંચાઈ વધારવામાં મદદરૂપ. શ્વસનક્ષમતા વધારે. શરીરનાં સ્નાયુઓને કાર્યક્ષમ બનાવે.

૧૪. **ભદ્રાસન :** ગોઠણ અને સાથળના સાંધાને લચીલા બનાવે. સાથળ - નિતંબની ચરબી દૂર કરે.

૧૫. **પદ્માસન :** ધ્યાન ઉપયોગી આસન - શરીર - મન શાંત થાય. કરોડરજ્જુનું સ્વાસ્થ્ય જળવાય.

૧૬. **સિદ્ધાસન :** ધ્યાન ઉપયોગી આસન - શરીર - મન શાંત થાય. કરોડરજ્જુનું સ્વાસ્થ્ય જળવાય.

૧૭. **સ્વસ્તિકાસન :** ધ્યાનઉપયોગી આસન - શરીર - મન શાંત થાય. કરોડરજ્જુનું સ્વાસ્થ્ય જળવાય.

૧૮. **દૃષ્ટિ :** નાસાગ્ર - નાકની અણી પર દૃષ્ટિ સ્થિર કરવી. જ્ઞાનતંત્ર, મગજ, આંખને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખે છે. મનને સ્થિર રાખે.

**ભ્રૂમધ્ય :** કપાળની મધ્યમાં દૃષ્ટિ સ્થિર કરવી. જ્ઞાનતંત્ર, મગજ, આંખને સ્વસ્થ અને કાર્યક્ષમ રાખે છે. મનને સ્થિર રાખે.

૧૯. **ત્રાટક :** એકાગ્રતા. એક જ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવું. દા.ત. સૂર્યત્રાટક, દિવાની જ્યોત પર ત્રાટક કરવાથી સંકલ્પશક્તિ વધે અને દૃષ્ટિ શુદ્ધ થાય છે.

૨૦. **સૂર્યનમસ્કાર :** ૧૨ પ્રકારના જીંજથી એક સૂર્યનમસ્કાર બને. આમાં આસન, પ્રાણાયામ અને મંત્રનો ત્રિવેણીસંગમ છે. વિદ્યાર્થીઓ માટે બહુ ઉપયોગી છે.

જ્ઞાનસાધનામાં આવતા અવરોધો :

હઠયોગપ્રદીપિકાના આરંભમાં જ સ્વાત્મારામ યોગ નાશ કરનાર વિઘ્નો જણાવે છે.

अत्याहार : प्रयासश्य प्रजभ्यो नियमाग्रह !

जनसहुःश्य लौभ्यं य षहाभर्यागो विनश्यति !!

અતિઆહાર, વધુ પડતો પરિશ્રમ, અર્થ વગરનું બોલવું - બબડાટ, નિયમોનો દૂરાગ્રહ, જનસંપર્ક અને મનની ચંચળતા આ છ વિઘ્નોથી યોગ નાશ પામે છે.

પતંજલિ યોગસૂત્રમાં અવરોધોની યાદી આ પ્રમાણે છે.

व्याधिस्त्यान संशय प्रमादाभस्याविरति

भ्रान्तिदर्शना भूमिकत्वानवस्थितत्वानि चित्तविज्ञक्षेपास्तेऽन्तरायाः

રોગ, ઉદાસીનતા - ધ્યેયહીનતા - અકર્મણ્યતા, શંકા, પ્રમાદ

યો. સૂ. ૧ - ૩૦ ચીવટનો અભાવ, આળસ - શારીરિક જડતા,

વિષયભોગની આસક્તિ ભ્રાંતિદર્શન, અલબ્ધભૂમિકત્વ, (આધ્યાત્મિક ભૂમિકાની પ્રાપ્તિનો અભાવ), અવનસ્થિત્વ (પ્રાપ્ત થયેલી ભૂમિકામાં રહી ન રહેવું) આ નવ ચિત્તના વિક્ષેપો યોગમાં અંતરાયરૂપ છે.

ઉપરના અવરોધોથી સાવચેતી રાખી દૂર રહેવું.

## જ્ઞાનપ્રાપ્તિમાં ઉપયોગી ક્રિયાયોગ અને નિયમ :

तपः स्वाध्याय ईश्वर प्रणिधानानि क्रियायोग !! યોગસૂત્ર ૨-૧

૧. **તપ :** તપ એટલે તપવું. શરીર અને ચિત્તને તપાવીને તેમને શુદ્ધ કરનારી સાધનાઓ તે તપ.

સાત્ત્વિક આહાર - વિહાર, ઉપવાસ, ઇન્દ્રિયોનો સંયમ અને પ્રાણાયામ એ શારીરિક તપ છે. સત્ય, પ્રિય અને હિતકર વાણી, એ વાચિક તપ છે. મૌન, સમતા, ભાવશુદ્ધિ, મનનો નિગ્રહ, ચિત્તની પ્રસન્નતા વગેરે માનસિક તપ છે.

૨. **સ્વાધ્યાય - જપ :** શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન, તેના પર ચિંતન - મન અને સાથે પ્રણવ (ૐ), ગાયત્રી, નવકાર આદિ મંત્રોનો જપ કે અન્ય સ્તોત્રોનો પાઠ એ સ્વાધ્યાય અને જપ.

૩. **ઈશ્વરપ્રણિધાન :** પોતાની ઇચ્છાઓ, વિચારો, સંકલ્પ અને કર્મો ઈશ્વરને સમર્પિત કરવા જેથી અહંકારનો નાશ થાય. આમાં પણ પ્રણવની ઉપાસના મંત્રો, સૂત્રો (કંઠસ્થ હોવો જોઈએ), તેના અર્થનો ખ્યાલ રાખી જપ કરવો.

આ ત્રણ એટલે ક્રિયાયોગ જે ખૂબ મહત્ત્વનો છે તેથી જ તેને નિયમમાં પણ સ્થાન અપાયું છે.

शौच, संतोष तपः स्वाध्याय ईश्वरप्रणिधानानि नियमो !!

યોગસૂત્ર - ૨ - ૩૨

**શૌચ એટલે ચોખ્ખાઈ :** શારીરિક, માનસિક, વાચિક શુદ્ધતા.

સંતોષ : ચીવટથી પુરુષાર્થ કરી ફળની અપેક્ષા ન રાખતા સંતોષ રાખવો અને બાકીના ત્રણ એટલે ક્રિયાયોગ - આ પાંચેને નિયમમાં સ્થાન અપાયું.

આ પ્રકારે નિયમમાં રહેવાથી સહજતાથી જ અવરોધો દૂર થાય છે. વિદ્યાર્થી હોય કે સાધક એમની સ્મરણશક્તિ, એકાગ્રતા, આત્મજ્ઞાનની અનુભૂતિ સહજ બને છે.

આમ, 'યોગ' દ્વારા વ્યાવહારિક જ્ઞાન કે આધ્યાત્મિક જ્ઞાન બંનેનાં સાધકોને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ અનુભવનો વિષય છે. માહિતી લીધા પછી 'યોગાભ્યાસ' અનુભવી જાણકારના માર્ગદર્શન હેઠળ ઇચ્છુક સાધકો, સાધનાની શરૂઆત કરે અને ખૂબ ખૂબ આગળ વધે તેવી અભ્યર્થના.

– બીના ગાંધી

•



# ૨૨. જ્ઞાનસાધના અને મુદ્રાવિજ્ઞાન

## મુદ્રા ચિકિત્સા

બ્રહ્માંડ જેમ પાંચ તત્ત્વોથી બનેલું છે તેમ આપણું શરીર પણ પાંચ તત્ત્વોથી બનેલું છે. આ પાંચ મહાભૂતત્ત્વો એટલે અગ્નિ, વાયુ, આકાશ, પૃથ્વી, જળ. આપણી પાંચેય આંગળીઓ આ તત્ત્વોનું પ્રતિનિધિત્વ કરે છે.

| આંગળીનાં નામ | તત્ત્વનું નામ |
|---|---|
| Thumb - અંગૂઠો | અગ્નિ - Fire - sun |
| Index - તર્જની | વાયુ - Air - wind |
| Centre - મધ્યમા | આકાશ - Either - Space |
| Ring - અનામિકા | પૃથ્વી - Earth |
| Little - કનિષ્ઠિકા | જળ - Water |

હાથમાં વિશેષ પ્રકારની પ્રાણઊર્જા, વિદ્યુતશક્તિ, ઈલેક્ટ્રીક તરંગ અને જીવની શક્તિ (ઓરા) નિરંતર નીકળે છે. વિભિન્ન આંગળીઓની મુદ્રાઓ શરીરમાંની ચેતના શક્તિકેન્દ્રના રિમોટ કન્ટ્રોલના બટન સમાન કામ કરે છે.

## મુદ્રા કરવાના સામાન્ય નિયમો

પાંચ તત્ત્વોના સંતુલનથી સ્વસ્થ રહેવાય છે. અંગૂઠાની ટોચ પર બીજી આંગળીની ટોચ મૂકવાથી તે આંગળીનું તત્ત્વ વધે છે અને આંગળીની ટોચ અંગૂઠાના મૂળ પર લગાવવાથી તે તત્ત્વ ઘટે છે.

મુદ્રા દરેક સ્ત્રી - પુરુષ, બાળક - વૃદ્ધ, રોગી - નીરોગી કરી શકે છે. બંને હાથથી મુદ્રા કરવી જોઈએ. ડાબા હાથથી મુદ્રા કરવાથી જમણા ભાગને ફાયદો થાય અને જમણા હાથથી મુદ્રા કરવાથી ડાબા ભાગને ફાયદો થાય.

મુદ્રા કરતી વખતે આંગળીઓનો અંગૂઠા સાથેનો સ્પર્શ સહજ હોવો જોઈએ. અંગૂઠાથી હલકુ સહજ દબાણ આપવું જોઈએ અને બાકીની આંગળી સીધી તથા એકબીજાને અડીને રહેવી જોઈએ. સીધી ન રહે તો આરામદાયક રીતે રાખવી જોઈએ. ધીરે ધીરે બિમારી મટવાથી આંગળી સીધી રહી મુદ્રા બરાબર રીતે થશે.

મુદ્રાઓ ૪૮ મિનિટ આખા દિવસમાં થવી જોઈએ. નહિ તો ૧૫-૧૫ મિનિટ સવારે તથા સાંજે કરી શકાય. જમ્યા બાદ ૩૦ મિનિટ સુધી મુદ્રાઓ કરવી નહીં પણ આફરો કે ગેસની તકલીફ દૂર કરવા જમ્યા બાદ તરત ફક્ત એક જ વાયુમુદ્રા કરી શકાય.

મુદ્રાઓ પદ્માસન, વજ્રાસન અને ધ્યાન દરમિયાન કરવાથી વધુ લાભ થાય. ન થઈ શકે તો કોઈ પણ આસનમાં કરી શકાય. ઉપાસના કે સાધના વધારવા જો મુદ્રાઓનો પ્રયોગ કરવો હોય તો મંત્ર - દિશા - આસન તથા સમયનું ધ્યાન રાખવાથી વધુ લાભ થાય.

મુદ્રાઓથી જુદાં જુદાં તત્ત્વોમાં પરિવર્તન, વિઘટન, અભિવ્યક્તિ અને પ્રત્યાવર્તન થઈ તત્ત્વોનું સંતુલન થાય છે.

## પ્રસ્તાવના

ચેતનાનો એક વિશિષ્ટ ગુણ છે જ્ઞાન. જ્ઞાન જ જીવિત અને નિર્જીવ વસ્તુઓનો તફાવત દર્શાવે છે. જેનામાં જ્ઞાન છે તે જીવ છે. જેનામાં જ્ઞાન નથી તે નિર્જીવ છે. જ્ઞાનનો વિકાસ જ વ્યક્તિને સામાન્યમાંથી વિશિષ્ટ બનાવે છે. જ્ઞાનની ઉપલબ્ધિનાં નીચે મુજબ બે સાધનો છે :

૧. અભ્યાસ દ્વારા જાણકારીનો વિકાસ કરવો.

૨. ચેતનાના અનાવરણ દ્વારા જ્ઞાન ઉપલબ્ધ / પ્રગટ થવું.

ઇન્દ્રિય અને મન દ્વારા વિકસિત થતું જ્ઞાન મતિજ્ઞાન કહેવાય છે. આ જ જ્ઞાન જ્યારે બીજા લોકોને સમજાવવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે ત્યારે તે શ્રુતજ્ઞાન બની જાય છે. પ્રાચીન યુગમાં જ્ઞાનનો વિકાસ સાંભળીને જ (શ્રવણ દ્વારા) કરવામાં આવતો હતો. વેદ, આગમ, ત્રિપિટક વગેરે તમામ ગ્રંથો કંઠસ્થ થતા હતા. તેમને સાંભળીને જ સ્મૃતિપટ ઉપર ધારણ કરવામાં આવતા હતા. ત્યારપછી જ્યારે જ્ઞાનસંકેતોનાં માધ્યમો વડે લિપિબદ્ધ થવા લાગ્યું ત્યારે તે શ્રુત, શાસ્ત્રરૂપે પુસ્તકારૂઢ થઈ ગયું. પુસ્તકોમાં આરૂઢ થવાથી એક લાભ તો એ થયો કે શ્રુતની પ્રામાણિકતા નિશ્ચિત બની ગઈ. શ્રુત એકબીજા સુધી સરળતાથી પ્રસારિત થવા લાગ્યું. શ્રુતને ધારણ કરવા માટે બાળવયથી પરાક્રમ કરવું પડતું હતું.

યોગ્ય વ્યક્તિઓને તે માટે નિયુક્ત કરવામાં આવતી હતી. સમયની સાથે સાથે શ્રુત - ગ્રહણ ધારણની આ પદ્ધતિ નબળી પડતી ગઈ. પરિણામે સ્મૃતિની દુર્બળતા પણ થવા લાગી. સ્મૃતિ અને જ્ઞાનને વિકસિત કરવા માટે જે મુદ્રાનો પ્રયોગ કરવામાં આવે છે તેનું નામ છે જ્ઞાનમુદ્રા. તેને ચિન્મયમુદ્રા પણ કહેવામાં આવે છે.

## પરિણામ :

૧. જ્ઞાનનો વિકાસ થાય છે.

૨. સ્મરણશક્તિ વિકસે છે.

૩. સ્વભાવમાં પરિવર્તન આવે છે - જિદ્દીપણું, ચીડિયાપણું, અસ્થિરતા, ક્રોધ, રઘવાટ તથા વ્યાકુળતાની મનોવૃત્તિનું નિરાકરણ થાય છે.

૪. મન શાંત અને પ્રફુલ્લિત બને છે.

૫. એકાગ્રતા વધે છે. કાર્યક્ષેત્રમાં સફળતા મળે છે.

૬. ભણવામાં મન લાગે છે.

૮. માથાનો દુખાવો તથા અનિદ્રાનો રોગ દૂર થાય છે.

એક્યુપ્રેશર ચિકિત્સા એ આંગળીઓનાં ટેરવાંને મસ્તિષ્ક કહ્યાં છે. તેમને દબાવવાથી માથાનો દુખાવો દૂર થાય છે તથા મસ્તિષ્કની ક્ષમતા વિકસે છે. અંગૂઠાના ઉપરના છેડાની પાસેની જગ્યા પિચ્યૂટરી તથા પિનીયલનું કેન્દ્ર છે. પિચ્યૂટરી મુખ્ય ગ્રંથિ છે. શારીરિક સંતુલન તથા વ્યક્તિત્વ વિકાસમાં આ ગ્રંથિઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તે દબાવવાથી ભાવોમાં મૈત્રી, કરુણા, અભય, સ્થિરતા, ઋજુતા વગેરે શાંત ભાવો પ્રગટ થવા લાગે છે. જ્ઞાનમુદ્રા રાખીને મસ્તક ઉપર પીળા રંગનું ધ્યાન જપ કરવાથી સ્મૃતિ તેમજ જ્ઞાનનો વિકાસ થાય છે. તેનાથી મેધાશક્તિના વિકાસ માટેની તક તો મળે જ છે, સાથોસાથ સ્નાયુમંડળ પણ શક્તિશાળી બને છે. જેથી ભણતી વખતે આળસ, તંદ્રા, નિદ્રા વગેરેથી વાચક અપ્રભાવિત રહે છે.

## સાવચેતી

જ્ઞાનવિકાસની ઇચ્છુક વ્યક્તિએ તીવ્ર ખાટા તથા ચરપટા પદાર્થોનું સેવન વધુ ન કરવું જોઈએ. અતિ ઉષ્ણ તથા અતિ ઠંડા પદાર્થોનું સેવન પણ તેને માટે વર્જનીય છે. પાનપરાગ, સોપારી, ગુટકા, તમાકુ વગેરેના સેવનથી પણ તેણે દૂર રહેવું જોઈએ.

ટેબલ, ખુરશી અથવા પાટ પર બેસીને પગને અનાવશ્યક રીતે હલાવવા ન જોઈએ. બીજાની નિંદા, ઈર્ષ્યા કે ઘૃણાથી દૂર રહેવું જોઈએ. જ્ઞાન તથા જ્ઞાનીનો તિરસ્કાર અને અવહેલના ન કરવા જોઈએ. જ્ઞાનનો

અહંકાર ન કરવો. જ્ઞાનાવરણીય કર્મના ક્ષય માટે જ્ઞાન તથા જ્ઞાનીનું બહુમાન અને તેમનો વિનય કરવાં જોઈએ.. આમ કરવાથી જ્ઞાન પરિપૂર્ણ બને છે.

## જ્ઞાનમુદ્રા



તર્જનીની ટોચ અને અંગૂઠાની ટોચને ભેગી કરી, બાકીની મધ્યમા, અનામિકા તથા કનિષ્ઠિકા આંગળીઓ સાથી સીધી રાખી જ્ઞાનમુદ્રા બને.

- મગજના જ્ઞાનતંતુને ક્રિયાવંત કરે છે. મનને શાંત કરે છે અને જ્ઞાનનો વિકાસ થાય છે.
- માનસિક એકાગ્રતા, યાદશક્તિ, ચોકસાઈ અને પ્રસન્નતા વધે છે.
- આધ્યાત્મિકતા, સ્નાયુમંડળની સશક્તતા તથા ધ્યાનમાં પ્રગતિ સધાય છે.
- મગજને લગતા કોઈ પણ રોગ દૂર થાય જેમ કે ફીટની બીમારી, પાગલપણું, ચિડચિડયાપણું, અસ્થિરતા, ગભરામણ, અનિશ્ચિતતા, ઉન્માદ, બેચેની, નિરાશા (ડીપ્રેશન), વ્યાકુળતા વગેરે દૂર થાય છે.
- ક્રોધ, ઉત્તેજના, આળસ, ભય વગેરે માનસિક તનાવો દૂર થાય છે.
- અનિદ્રાના રોગમાં રામબાણ ઉપચાર છે. જેને વધુ ઊંઘ આવતી હોય તેની ઊંઘ પણ સમતોલ થાય છે. જૂના અનિદ્રાના રોગીએ જ્ઞાનમુદ્રા સાથે પ્રાણમુદ્રા પણ કરવી જોઈએ.
- શરીરના Pitutory અને Perneal માસ્ટર ગ્લાન્ડ (આંતરસ્ત્રાવી ગ્રંથિઓ)ના રસો નિયંત્રણમાં લાવે છે.

- અવિકસિત બુધરેખા અને શુક્રપર્વતનો વિકાસ થાય છે.
- જ્ઞાનમુદ્રાને વ્યાખ્યાન કે સરસ્વતીમુદ્રા પણ કહેવાય છે કારણ કે આ મુદ્રાથી સ્વયંજ્ઞાન અને પુસ્તકનું જ્ઞાન વધે છે.
- માથાના માઈગ્રેન દુઃખાવા માટે જ્ઞાનમુદ્રા અને પ્રાણમુદ્રા સાથે કરવી.

## તત્ત્વજ્ઞાન મુદ્ર`



ડાબા હાથની પૃથ્વીમુદ્રા, (અંગૂઠો અને અનામિકાની ટોચ મેળવી) અને જમણા હાથની જ્ઞાનમુદ્રા કરી (તર્જની અને અંગૂઠાની ટોચ મેળવી) બંને તરફના ઘૂંટણ પર બંને હાથ રાખી તત્ત્વજ્ઞાન મુદ્રા બને.

લાભ :

- જ્ઞાનમુદ્રાના બધા લાભ, ઉપરાંત વિજ્ઞાનમય કોષ ખૂલે, તત્ત્વજ્ઞાન ફિલોસોફીનું જ્ઞાન વધે.

## અભયજ્ઞાન મુદ્રા



બંને હાથથી જ્ઞાનમુદ્રા કરી ખભાની આજુબાજુ સીધી લાઈનમાં હથેળી દેખાય એ રીતે હાથ સીધા રાખી, અભયજ્ઞાન મુદ્રા બને.

લાભ :

- જ્ઞાનમુદ્રાના બધા લાભ થાય તે ઉપરાંત જીવનમાં નિર્ભયતા આવે. મોતનો ડર અથવા કોઈપણ જાપના ડરથી મુક્તિ મળે છે.

## જ્ઞાન-ધ્યાન મુદ્ર



જ્ઞાનમુદ્રા બે હાથથી કરી ડાબા હાથની હથેળી પર જમણો હાથ રાખી પદ્માસન અથવા સુખાસન કરી નાભિ પાસે બંને હાથ રાખી જ્ઞાન-ધ્યાન મુદ્રા બને.

લાભ :

- જ્ઞાનમુદ્રાના બધા લાભ ઉપરાંત ધ્યાનમાં પ્રગતિ સધાય.

## જ્ઞાનવરાગ્ય મુદ્ર



જમણા હાથની જ્ઞાનમુદ્રા કરી હૃદયપાસે આનંદકેન્દ્ર (અનાહત ચક્ર) પાસે હાથને રાખી, ડાબા હાથની જ્ઞાનમુદ્રા કરી ડાબા ઘૂંટણ પર રાખી, જ્ઞાનવૈરાગ્ય મુદ્રા બને.

લાભ :

- જ્ઞાનમુદ્રાના બધા લાભ થાય. તે ઉપરાંત સંસારમાં રહી વૈરાગી અને નિષ્પાપજીવન જીવવામાં સહાયક બને.

# બોધિસત્ત્વજ્ઞાન મુદ્રા



આનંદકેન્દ્ર (અનાહત ચક્ર), હૃદય પાસે જમણા હાથની જ્ઞાનમુદ્રા કરી, ડાબા હાથની જ્ઞાનમુદ્રા કરી તેના પર રાખી બંને હાથના અંગૂઠા અને તર્જની એકબીજાની સામે મળે એવી રીતે રાખી, બોધિસત્ત્વ જ્ઞાનમુદ્રા બને.

લાભ :

- જ્ઞાનમુદ્રાના બધા લાભ થાય, તે ઉપરાંત ધ્યાનમાં પ્રગતિ સધાય અને સાધકને પોતાની સાધનાનુસાર જ્યોતિકેન્દ્ર (લલાટના મધ્યભાગ) પર સફેદ પ્રકાશ દેખાય.
- જ્ઞાનમુદ્રાથી ગ્રંથિઓના સ્ત્રાવ સંતુલિત થતા હોવાથી ભાવમાં અદ્ભૂત પરિવર્તન આવે છે અને સ્વભાવ બદલાય છે.
- જ્ઞાનમુદ્રા પોતાની સગવડ મુજબ વધુમાં વધુ કરી શકાય છે. ઓછામાં ઓછી ૧૫ મિનિટ કરવી જોઈએ અને જલદી પરિણામ જોઈતું હોય તો નિયમિતપણે ૪૮ મિનિટ સુધી કરવી જોઈએ.

**(મુનિ કિશનલાલજી - નીલમ સંઘવી - પ્રદીપ સંઘવીની મુદ્રા વિજ્ઞાન પુસ્તિકામાંથી સાભાર.)**

## ૨૩. બુદ્ધિ અને સ્મૃતિવર્ધક આયુર્વેદિક ઔષધિપ્રયોગો

૧. સ્મૃતિને વધારવા માટે જે પ્રયોગો અહીં રજૂ કરવામાં આવ્યા છે તે સરળ છે પ્રમાણમાં સસ્તા પણ છે અને જાતે કરી શકાય તેવા પણ છે. છતાં જરૂર જણાય તો તેમાં કોઈ યોગ્ય અનુભવી ચિકિત્સકની મદદ લેવી.

૨. જે ઔષધિઓનો પ્રયોગ કરવાની ઇચ્છા હોય, તે ઔષધિ બનતાં સુધી જાતે જ બનાવવી કે જાતદેખરેખ નીચે બનાવરાવવી. તેમાં વાપરવાની વસ્તુઓ (દ્રવ્યો) બને તેટલી ઊંચી અને કસવાળી હોવી જોઈએ. કસ વિનાની વસ્તુઓ વાપરવાથી ફાયદો થવાનો સંભવ નથી.

૩. વિશ્વાસપાત્ર - આયુર્વેદિક કારખાનામાં બનેલી ઔષધિ વાપરવાને હરકત નથી.

૪. જે ઔષધિઓમાં ખાસ વિધિ કરવાનો હોય, અથવા પરેજી પાળવાની હોય, તેમાં અવશ્ય તે પ્રમાણે વર્તવું.

૫. મધ અને ઘી કહેલાં હોય, તે સમભાગે ન લેતાં ઓછાવત્તા લેવાં. મધની જગ્યાએ સાકર ચાસણી લેવી.

## શંખાવલી ચૂર્ણ :

શંખાવલીને સંસ્કૃતમાં શંખપૃષ્પી, હિંદીમાં કોડીઆલી કે શંખાહુલી કહે છે, ફૂલના રંગ પરથી તેની ધોળી, લીલી અને ભૂરી એવી ત્રણ જાતો પડે છે. એમાંથી ધોળાં ફૂલવાળી શંખાવલી થઈ, તેને સૂકવીને ચૂર્ણ કરવું. બેઆની ભાર સવાર સાંજ ગાયના દૂધ સાથે લેવું. એક સપ્તાહથી પંદર દિવસમાં તેની અસર જણાવા લાગે છે. આશરે બે માસ સુધી આ પ્રયોગ ચાલુ રાખવાથી સ્મૃતિ ઘણી તીવ્ર બને છે. યોગતરંગિણીમાં શંખપુષ્પીની ગુણો વર્તવતાં કહ્યું છે કે :

શંખપુષ્પી આયુષ્યને દેનારી, રોગનો નાશ કરનારી, બલ, અગ્નિ, વર્ણ અને સ્વરને વધારનારી, બુદ્ધિવર્ધક તથા પવિત્ર હોઈ રસાયન ઔષધિ છે. તેનું વિશેષ પ્રકારે સેવન કરવું.

## બ્રાહ્મીચૂર્ણ :

બ્રાહ્મીનાં પાન ૧ ભાગ, લીંડીપીપર ૧ ભાગ, તથા સાકર ૪ ભાગ મેળવી ચૂર્ણ બનાવવું. તેમાંથી રોજ સવારે ૦/ તોલો જેટલું વાપરવું. ઉપર ગાયનું દૂધ પીવું. આ પ્રયોગ બે થી ત્રણ માસ સુધી કરવાથી સ્મૃતિ ઘણી તીવ્ર બને છે.

બ્રાહ્મી, સૂંઠ, હરડે, વજ, સતાવરી, ગળો, વાવડીંગ, શંખાવલી, ઉપલેટ, અશ્વગંધા, સિંધવ, પીંપરમૂળ, અધેડો, સફેદ જીરુ, શાહજીરુ અને અજમોદ એ સોળ વસ્તુઓ સરખા ભાગે મેળવીને તેનું ચૂર્ણ બનાવવું. તેમાં ચૂર્ણ જેટલી જ સાકર ઉમેરવી. એમાંથી ૦/ તોલો જેટલું ચૂર્ણ સવારસાંજ દૂધ સાથે વાપરવું. તેનાથી બુદ્ધિ અને સ્મૃતિ ઘણી તેજસ્વી થાય છે.

બ્રાહ્મી, વજ, અશ્વગંધા ને પીંપરનું ચૂર્ણ બનાવી મધ સાથે લેવું. ૭ દિવસમાં ફાયદો બતાવે છે.

## બ્રાહ્મી શરબત :

સૂકા બ્રાહ્મીનાં પાન ૮૦ તોલા લઈ, સાફ કરી, આઠ ગણા પાણીમાં અગ્નિની ધીમી આંચ આપીને કવાથ તૈયાર કરવો, જ્યારે તેમાં ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે ઉતારી લઈ કપડાંથી ગાળી લેવો. પછી એ ગાળેલા કવાથમાં પાંચ રતલ સાકર ઉમેરી કડક ચાસણી કરી લેવી, એટલે શરબત તૈયાર થશે. આ શરબત તરત જ કપડે ગાળી લેવું ને ઠંડું થયેથી બાટલીમાં ભરી રાખવું. આશરે સાડા પાંચ રતલ જેટલું થશે. આ શરબત સવારસાંજ જમ્યા પછી એકથી બે તોલા જેટલું વાપરવું.

## બ્રાહ્મી ગુટિકા :

બ્રાહ્મી ચૂર્ણ અને શિલાજીત બરાબર ચાસણીમાં ગોળી બનાવવી. તેને છાંયડે સુકવી લેવી. તેમાંથી એકેક ગોળી સવાર સાંજ વાપરવાથી સારો ફાયદો થાય છે. રૂપ વર્ણવાળાં અને પ્રભાવશાળી થાય છે, તથા વ્યાધિરહિત બનીને, મેધા સ્મૃતિ, બલ, રચનાચાતુર્ય, દઢતા અને સત્ત્વસંપન્નતા પ્રાપ્ત કરે છે. ચક્રદત્ત, વૃંદમાધવ, ભૈષજ્યરત્નાવલીમાં આ પ્રયોગ આપેલો છે.

## શતાવરી ચૂર્ણ :

શતાવરી, ગોરખમુંડી, ગળો, હરિતકર્ણ (આ ખાખરાનો જ એક ભેદ છે.) ખાખરો અને મુસલી એ બધાને સમભાગે મેળવીને ચૂર્ણ બનાવવું. તેને ઘી સાથે ખાવાથી બુદ્ધિ તથા સ્મરણશક્તિ ખૂબ સુધરે છે.

## કલ્યાણકાવલેહ :

હળદર, વજ, કુષ્ઠ, પીંપર, સૂંઢ, અજમોદ, જેઠીમધ અને સિંધવ સમભાગે લઈને તેનું ચૂર્ણ બનાવવું. તે ઘીની સાથે ચાટવાથી એકવીશ દિવસમાં માણસ શાસ્ત્રને સમજીને ધારણ કરી શકે તેવો બુદ્ધિમાન થાય છે.

**ચંદ્રપ્રભાવટી :**

ચંદ્રપ્રભાવટી નં. ૧ નું સેવન લાંબો વખત કરવાથી તે બુદ્ધિ અને સ્મૃતિને વધારે છે.

**અશ્વગંધાધિ અવલેહ :**

અશ્વગંધા, અજમોદ, કાળીપાટ, સૂંઠ, મરી, લીંડીપીપર, વરીયાળી, સતાવરી અને સિંધવ સમાન ભાગે લેવા તે બધાના વજનથી અરધાં વજન લઈને ચૂર્ણ બનાવવું. હંમેશા ૦॥ તોલાથી ૨ તોલા જેટલું ખાવું તે પતી જાય ત્યારે દૂધનું ભોજન કરવું. એના સેવનથી સ્મૃતિ એક હજાર ગ્રંથ ધારણ કરવા જેટલી તીવ્ર બને છે.

**ચ્યવન - પ્રાશાવલેહ :**

અષ્ટવર્ગયુક્ત ચ્યવનપ્રાશાવલેહ રોજ સવારે ૧ તોલા જેટલો લઈ, ઉપર દૂધ પીવાથી મગજ પુષ્ટ થઈ સ્મૃતિમાં સુધારો થાય છે. આ પ્રયોગ ઓછામાં ઓછો ત્રણ માસ પર્યંત કરવો જોઈએ. તેને બનાવવાની રીતે કોઈપણ પ્રસિદ્ધ આયુર્વેદિક ગ્રંથમાંથી મળી શકશે.

**રસો :**

બૃહદ સુવર્ણમાલિની, વસંતકુસુમાકર રસ તથા પૂર્ણ ચંદ્રોદય, એ ત્રણ પૈકી કોઈનું પણ વિધિપૂર્વક સેવન કરવાથી બુદ્ધિ સતેજ થાય છે અને સ્મૃતિ સુધરે છે.

**સારસ્વત ચૂર્ણ :**

૧૧ કુષ્ઠ, અશ્વગંધા, સંચળ, અજમોદ, જીરૂ, શાહજીરૂ, સૂંઠ, મરી, પીંપર, કાળીપાટ અને શંખાવલી એ પ્રત્યેક સમાન ભાગે લઈ તેની બરાબર વજ લેવો.એનું ચૂર્ણ બનાવી બ્રાહ્મીના રસમાં ૭ દિવસ સુધી છૂટવું. પછી તેને સુકવી લેવું. આ ચૂર્ણ ઘીના સાથે ૨ તોલો પર્યંત સાત દિવસ સુધી લેવું. એના પ્રભાવથી સ્મૃતિ ઘણી સુધરી જાય છે.

ગળો, અઘેડો, વાવડીંગ, શંખાવલી, બ્રાહ્મી, વજ, સૂંઠ અને સતાવરી સરખા ભાગે લઈ તેનું ચૂર્ણ કરવું. ઘીની સાથે સેવન કરવાથી

ત્વરિત ફાયદો કરે છે.

કુષ્ઠ, અશ્વગંધા, સિંધવ, પીંપર, મરી, જીરૂ, શાહજીરૂ, સૂંઠ, કાળીપાટ, અજમોદ અને વજ સમાન ભાગે લઈને ચૂર્ણ બનાવવું. તેમાંથી બે તોલા જેટલું સવારમાં ઘી સાથે લેવું. જરૂર હોય તો એ પ્રમાણ વધારીને ૪ તોલા પર્યંત કરી શકાય. આ પ્રયોગ દબુદ્ધિ નામના ભિક્ષુકની બુદ્ધિ વધારવા માટે નંદનવિહારમાં કહેલો છે.

## વચાચૂર્ણ :

જે મનુષ્ય દૂધ અથવા તેલ અથવા ઘી સાથે વજનું એક મહિના સુધી સેવન કરે છે. તે રાક્ષસાદિથી નિર્ભય, રૂપવાન, વિદ્વાન, નિર્મલ અને શોધિતવાણી બોલનારો થાય છે.

વજ શબ્દથી અહીં ઘોડાવજ સમજવો, પરંતુ ખુરાસાની વજ સમજવો નહીં, વજ મેધ્ય, સ્મૃતિવર્ધક અને સ્વરને સુધારનારો છે, પરંતુ ૧૫ થી ૨૦ રતિ લેવાથી ઊલટી થાય છે, એટલે વધારે લેવો નહીં.

વજના ચૂર્ણને આંબળાના રસની એક ભાવના આપવી. તેનું ઉપર બતાવેલા પ્રમાણથી ઘીની સાથે સેવન કરવું.

## ત્રિફલાચૂર્ણ :

ત્રિફલા એટલે હરડા, બહેડાં અને આંબળાનું ચૂર્ણ મીઠા સાથે એક વર્ષપર્યંત સેવન કરવાથી બુદ્ધિ તથા સ્મૃતિમાં ઘણો સુધારો થાય છે.

## જેઠીમધ ચૂર્ણ :

જેઠીમધનું ચૂર્ણ વંશલોચન સાથે એક વર્ષ સુધી લેવાથી સ્મૃતિ તેજસ્વી થાય છે.

### પીંપર ચૂર્ણ :

લીંડીપીપરનું ચૂર્ણ મધ અને ઘીની સાથે એક વર્ષ પર્યંત લેવાથી સ્મૃતિ તેજસ્વી થાય છે.

### અપામાર્ગાદિચૂર્ણ :

અઘેડો, વજ, સૂંઠ, વાવડીંગ, સતાવરી, ગળો અને હરડેનું ચૂર્ણ ઘીની સાથે પ્રતિદિન વાપરવાથી એક હજાર ગ્રંથો ધારણ કરવા જેટલી સ્મૃતિ પેદા થાય છે.

### ધાત્રી ચૂર્ણ :

આંબળાનું ચૂર્ણ ૩૬૫ તોલા લઈને તેના સ્વરમાં જ ભીંજાવવું. પછી ૧૨૮ તોલા મધ અને ૧૨૮ તોલા ઘી, ૩૨ તોલા પીંપર અને ૬૪ તોલા સાકર, એ બધું એક ઘડામાં ભરીને તેને ધાન્યતા ઢગલામાં એક વર્ષ પર્યંત રાખી મૂકવું. એ રીતે તૈયાર થયેલી ઔષધિનું યોગ્ય પ્રમાણમાં સેવન કરવું.

(સ્મરણકલા પુસ્તિકાને આધારે)

●



# ૨૪. જ્ઞાનસાર અષ્ટક

## જ્ઞાન

અમોહી બન્યા એટલે જ્ઞાની બન્યા. આત્મા પરથી મોહનું આવરણ દૂર થાય એટલે જ્ઞાનનો પ્રકાશ પ્રગટે. અ-મોહનું જ્ઞાન ભલે એક જ શાસ્ત્રનું હોય, એક જ શ્લોક કે એક જ શબ્દનું હોય, એ એને નિર્વાણ પમાડનારું બની જાય છે.

આત્મસ્વભાવ તરફ દૃષ્ટિ ખોલી આપે એ જ્ઞાનને જ્ઞાન કહ્યું છે. વાદવિવાદ અને વિસંવાદ જગાડનારા જ્ઞાનને જ્ઞાન કહ્યું નથી. અમોહી આત્મા વાદવિવાદથી દૂર જ રહેતો હોય છે.

मज्जत्यज्ञः किलाज्ञाने विष्टायामिव शूकरः ।

ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥१॥ ॥३३॥

**અર્થ :** જેમ ડુક્કર વિષ્ટામાં મગ્ન થાય છે તેમ અજ્ઞાની ખરેખર અજ્ઞાનમાં મગ્ન થાય છે. જેમ હંસ માનસ સરોવરમાં નિમગ્ન થાય છે તેમ જ્ઞાની પુરુષ જ્ઞાનમાં નિમગ્ન થાય છે.

निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।

तदेवज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥ ॥३४॥

એક પણ મોક્ષ - સાધક - પદ વારંવાર વિચારાય છે તે જ જ્ઞાન શ્રેષ્ઠ છે. ઘણા જ્ઞાન માટે આગ્રહ નથી. અર્થાત્ ઘણું ભણવાનો આગ્રહ નથી.

स्वभावलाभसंस्कारणं ज्ञानमिष्यते ।

ध्यान्ध्यमात्रतस्त्वन्यत् तथा चोक्तं महात्मना ॥३॥ ॥३४॥

**અર્થ :** આત્મસ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણભૂત જ્ઞાન ઈચ્છીએ છીએ. એ સિવાય બીજું જે અધિક ભણવું તે બુદ્ધિનું અંધપણું છે. આ જ પ્રમાણે મહાત્મા પતંજલિએ કહ્યું છે.

वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।

तत्त्वान्तं नैव गच्छति तिलवीलकवद् गतौ ॥४॥ ॥३६॥

**અર્થ :** અનિશ્ચિત અર્થવાળા વાદ (પૂર્વપક્ષ) અને પ્રતિવાદ (ઉત્તરપક્ષ) કરનારા જીવો ગમનં કરવામાં ઘાંચીના બળદની જેમ તત્ત્વના પારને પામતા નથી જ.

स्वद्रव्य - गुण - पर्यायवर्या वर्या परान्यता ।

इति दत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥४॥ ॥३७॥

**અર્થ :** પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં પરિણતિ શ્રેષ્ઠ છે. પરદ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરિણતિ શ્રેષ્ઠ નથી. આ પ્રમાણે જેણે આત્માને સંતોષ આપ્યો છે. એવી સંક્ષેપથી રહસ્ય જ્ઞાનની મર્યાદા મુનિને હોય છે.

अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं किं चित्रैः तन्त्रयन्त्रणैः ।

प्रदीपाः क्वोपयुज्यन्त तमोध्नी द्रष्टिरेव चेत् ॥६॥ ॥३८॥

**અર્થ :** જો ગ્રંથિભેદથી થયેલું જ્ઞાન છે તો અનેક પ્રકારનાં શાસ્ત્રનાં બંધનોનું શું કામ છે ? જો અંધકારને હણનારી ચક્ષુ જ છે. તો દીપકો ક્યાં ઉપયોગી થાય ?

मिथ्यात्वशैलपक्षच्छिद् ज्ञानदम्भोलिशोभितः ।

निर्भयः शक्रवद् योगी नन्दत्यानन्दनन्दने ॥७॥ ॥३९॥

**અર્થ :** મિથ્યાત્વરૂપ પર્વતની પાંખને છેદનાર અને જ્ઞાનરૂપ વજ્ર વડે શોભાયમાન શક્રની જેમ નિર્ભય યોગી આનંદરૂપ નંદનવનમાં ક્રીડા કરે છે, સુખ અનુભવે છે.

पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।

अनन्यापेक्षमैश्चर्यं ज्ञान्माहुर्मनीषिणः ॥८॥ ॥४०॥

**અર્થ :** જ્ઞાન અમૃત છે છતાં સમુદ્રમાંથી પેદા થયેલું નથી, રસાયણ છે છતાં ઔષધ નથી, ઐશ્વર્ય છે છતાં હાથી-ઘોડા વગેરેની અપેક્ષા નથી, એમ મોટા પંડિતો કહે છે.

•



# ૨૯. સંદર્ભ ગ્રંથિ સૂચિ - ઋણસ્વીકાર

| | |
|---|---|
| • સચિત્ર સરસ્વતી પ્રાસાદ... | શાસન સમ્રાટ નેમિસૂરીશ્વરજી સમુદાયના મુનિ ફુલચંદ વિજયજી |
| • સરસ્વતી ઉપાસના... | મુનિ દેવરત્ન સાગરજી |
| • સ્મરણકલા પુસ્તિકા... | પં. ધીરજલાલ ટોકરશી |
| • મુદ્રાઓ પ્રયોગો અને પરિણામ... | મુનિ કિશનલાલજી |
| • મુદ્રા વિજ્ઞાન... | નીલમ સંઘવી |
| • સરસ્વતી મંત્ર સાધના શિબિરનું | પૂજ્ય જિનચંદ્ર વિજયજી |
| સાહિત્ય અને કેસેટ્સ... | "બંધુત્રિપુટી" શાંતિનિકેતન સાધના કેન્દ્ર, તીથલ |
| • હઠયોગ પ્રદીપિકા... | યોગી સ્વાત્મા રામ |
| • યોગસૂત્ર.... | મહર્ષિ પતંજલિ |
| • ભગવાન ઉમાસ્વાતિ વિરચિત પ્રશમરતિ... | પં. પ્ર. ભદ્રગુપ્તવિજયજી ગણિ |
| • જય વીયરાય વિવેચન... | **પૂ. પ.** ચંદ્રશેખર વિજયજી ગણિ |
| • જ્ઞાનસાર... | **પૂ.** મહોપાધ્યાય યશોવિજયજી **મ.સા.** |
| • પ્રબુદ્ધજીવન... | શારદાદેવીના ચિત્રો |

આ પુસ્તકમાં જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામી દુક્કડં.

•

# ગુણવંત બરવાળિયા 'ગુંજન'નાં પુસ્તકો

## સર્જન તથા સંપાદન

- ❖ હૃદયસંદેશ
- ❖ પ્રીત-ગુંજન (૧૦૦ વર્ષના પ્રણય કાવ્યોનો પ્રતિનિધિ સંગ્રહ)
- ❖ કલાપીદર્શન
- ❖ શ્રીમદ્ રાજચંદ્ર એક દર્શન ● અહિંસા મીમાંસા
- ❖ સમરસેન વયરસેન કથા - ચંદ્રસેન કથા
- ❖ સંકલ્પ સિદ્ધિનાં સોપાન
- ❖ Glimpses of world Religion
- ❖ introduction to Jainisim
- ❖ Commentray on non-violence
- ❖ Kamdhenu (wish cow)
- ❖ Glorry of detechment ● વીતરાગ વૈભવ
- ❖ કામધેનુ (હિન્દી)
- ❖ ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના
- ❖ જ્ઞાનધારા (ભાગ ૧થી ૭)
  (જ્ઞાનસત્રમાં રજૂ થયેલા વિવિધ લેખોનો સંગ્રહ)
- ❖ અધ્યાત્મસુધા (ડૉ. મધુબહેન બરવાળિયા સાથે)
- ❖ વિચારમંથન ● અધ્યાત્મ આભા ● અમૃતધારા
- ❖ ભારતીય સંસ્કૃતિમાં દાનભાવના
- ❖ સંતબાલજી, જીવન-કવન
- ❖ દાર્શનિક દૃષ્ટા
- ❖ જૈનધર્મ (પરિચય પુસ્તિકા)

- ❖ અમરતાના આરાધક
- ❖ અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી
- ❖ આપની સન્મુખ
- ❖ મર્મ સ્પર્શ
- ❖ વીતરાગ વૈભવ
- ❖ આગમ દર્શન (જિનાગમ પરિચય પુસ્તક)
- ❖ જ્ઞાનસાધના અને સરસ્વતી વંદના
- ❖ વિશ્વવાત્સલ્યનો સંકલ્પ
- ❖ વાત્સલ્યનું અમીઝરણું (માતૃવાત્સલ્યના વિવિધ સ્વરૂપો)
- ❖ સર્વધર્મદર્શન (વિશ્વના મુખ્ય બાર ધર્મોનો પરિચય કરાવતું પુસ્તક)
- ❖ અણગારનાં અજવાળાં
- ❖ ઉરનિર્ઝરા (કાવ્યસંગ્રહ)
- ❖ તપાધિરાજ વર્ષીતપ (જૈનદર્શનમાં તપ)
- ❖ દામ્પત્યવૈભવ (દામ્પત્યજીવનને લગતા લેખોનો સંચય)
- ❖ ઉત્તમ શ્રાવકો
- ❖ ભગવાન મહાવીર અને સંયમજીવન
- ❖ મૃત્યુનું સ્મરણ (મૃત્યુચિંતન)
- ❖ અહિંસા મીમાંસા

**Email : gunvant.barvalia@gmail.com • (M) 98202 15542**

## અર્હમ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત

### સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રુતભાવના વિશિષ્ટ હતી. શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મયોગિની પૂ. લલિતભાઈ મ.સા.નાં વિદ્વાન શિષ્યા પૂ. ડૉ. તરુલતાજીની પ્રેરણાની 'સૌરાષ્ટ્રકેસરી' પૂ. પ્રાણગુરુ જન્મશતાબ્દી સમિતિ' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજ્યશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ 'સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર'ની સ્થાપના કરી છે. સેન્ટરના ઉદ્દેશ આ પ્રમાણે છે :

- ❖ જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું
- ❖ સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું
- ❖ જૈન ધર્મના તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજૂઆત કરવી.
- ❖ હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- ❖ જૈનધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- ❖ જૈનસાહિત્યના અધ્યયન અને સંશોધનનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કૉલરશીપ) આપવી.
- ❖ જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું આયોજન કરવું.
- ❖ વિદ્વાનો અને સંતોના પ્રવચનોનું આયોજન કરવું
- ❖ ધર્મ અને સંસ્કારનાં વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- ❖ અભ્યાસ નિબંધ (Paper Reading), લિપિ વાચન અને પ્રાચીન જૈન ગ્રથો (Old Jain Manuscript)નું વાચન
- ❖ જૈન ધર્મ પર સંશોધન M.A., Ph.D. M.Phil કરનારાં જિજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીની સહયોગ અને સંશોધન સાહિત્યનું પ્રકાશન.
- ❖ જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વગેરેની સીડી તૈયાર કરાવવી.
- ❖ દેશવિદેશમાં જૈન ધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઇન્ટરનેટ પર.

**આપના સહયોગની અપેક્ષા સાથે...**

**ટ્રસ્ટી, માનદ્ સંયોજક : ગુણવંત બરવાળિયા**

**સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલૉસૉફિકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર**

**Phone : 022 2501 0658 • (M) 98202 15542**

